ગુજરાતી સાતમી ચોપડીના

અર્થ

ાનાં મૂળ, શબ્દોની વ્યુત્પત્તિ, ી સમજુતી,

અને

િતામાં આવેલા પ્રખ્યાત શબ્દોના વર્ણનના

ટુંકા ઇતિહાસ સાથે.

ફકીરભાઇ કાસીદાસ.

ુરતની નામદાર સર જમસેદજી જીજીભાઈ વાળી

ંબર ૧ લાની છોકરાની નિશાળના મેહેતાજીએ

ધા મંછારામ ઘેલાભાઇએ છપાવી પ્રસિદ્ધ કર્યો.

(આવૃત્તિ બીજી)

સુરત મધ્યે.

ગલ્લાની સામું અબદુલ્લા બેગની હવેલીમાં વિક-

ટરિઆ પ્રેસમાં મંછારામ ઘેલાભાઇએ છાપ્યા.

સન ૧૮૭૩—સંવત ૧૯૨૯

કિમ્મત ૭ આના.

(કોપી રાઇટ નોંધાવ્યો છે).

ગુજરાતી સાતમી ચોપડીના અર્થ

गूजरात विद्यापीठ ग्रंथालय

(गुजरात कोपीराईट विभाग)

अनुक्रमांक ૫૯૬ [redacted] किंमत

ग्रंथनाम ગુજરાતી ભાતમાં ઓપડીના અર્થ

वर्गांक

પુ૯૬

ગુજરાતી સાતમી ચોપડીના અર્થ

ગુજરાત ... અમદાવાદ
ગુજરાતી લૉઈબ્રેરી

હાલના ગુજરાતી છઠ્ઠા ધોરણમાં છોકરાઓએ સાતમી ચોપડી શીખવા માંડી એટલે તેમને પાઠ વાંચવામાં આવેલા દર એક શબ્દ કઈ ભાષાનો છે તે જાણવું જોઇએ માટે તે પ્રમાણે અત્રે આ ચોપડીમાં ઘણાખરા દર એક મોટા મોટા શબ્દો વિષે બતાવ્યું છે, અને તેની સમજવાની નિશાની સંક્ષેપમાં નીચે મુજબ કરીછે તેથી સમજવું. કોઈ શબ્દ બીજી ભાષામાંથી અપભ્રંશ થયલો હશે, અથવા તો તેના ધાતુને પ્રત્યય લાગીને તેનો અર્થ જૂદેજ રૂપે થયો હશે તો તેવા શબ્દના મૂળને માટે વચમાં ભાષાની જે નિશાની મૂકીછે તેના માથા ઉપર આવો–કાપો મૂકયો છે, તેથી તે શબ્દ અગાઉ તે ભાષાનો હતો એમ સમજવું. જે શબ્દની પાસે ભાષા જણાવી નથી, અને જયાં આવી= નિશાની મૂકીછે, ત્યારે તે શબ્દ ગુજરાતી ભાષામાં વપરાયછે એમ સમજવું.

(સં.) સંસ્કૃત.	(આ.) અરબ્બી.	(હિં.) હિંદુસ્તાની, અથવા ઉરદુ.
(ફા.) ફારસી.	(અં.) અંગ્રેજી.	

પાઠ ૧ લો.

ભવતારણ=જીંદગાની તારનાર; ઓધ્ધાર કરનાર.(ભવ–તારણ)

ભગવાન(સં.) ઇશ્વર; પ્રભુ.

નીજ(સં.)પોતાનું.

અંતર(સં.)દિલ; મન; ભીતર; અંતઃકરણ.

અભિમાન(સં.)અહંકાર; ગર્વ; મગરૂબી.

સરજનાર=બનાવનાર;

પેદા કરનાર.
સુધરેલ=સુધરેલા;સુ-
ધારાવાળા.
સમાન(સં.)સરખા.
પરમારથ(સં)પારકાના
અરથનું;પરોપકારી
કામ.(પરમ—અર્થ).
ઉર=દિલ; મન.
નીર(સં.) પાણી;તેજ.
દામ(હિં.) પૈસા.
નેક(ફા)પ્રમાણિકપણું;
ટેક.
છકી=છાકી;મેહેકી.
મરજાદ(સં.)મુલાજો;
ભાર; અંદાજો.
સભાસદ(સં.)સભામાં
બેસનાર.
નર દુષ્ટ(સં.)પાપી મા-
ણસ. (નર—દુષ્ટ).
દુખદેણ=દુખ દેનારો.
મધુપાન(સં.)દારૂપીવો
નેણ (સં.) આંખ.
મણીધર(સં.) મણીનો
ધરનાર તે (સાપ).

પંડિત(સં.)વિદ્વાન.
વિશેષ (સં.) વધારે.
સજ્જન(સં)સારામાણસ
ક્રૂર(સં.)ઘાતકી;નિર્દય.
વેગો = વસોલો; પક્ષ.
નૂર(આ)તેજ;આબરૂ.
મેડી(હિં.)મોટી.
તડી=ધાડ;ધસીઆવી
હણવી=મારવી.
રળિઆત=ખુશ; ખુ
શાલ;મગન. [ળી.
છણી છણી=ગાળોગા
પાન(સં.)પીવું;આછ-
મન કરવું.
શુભ(સં.)સારૂં.
આવક જાવક=આવવું
જવું; ઉપજ નીપજ.
ખાળ=ચોક.
ક્ષણ (સં.)પલ;પલક;
લેહેજો.
કાળ(સં.)વખત;યુગ.
નિરૂદ્યોગી (સં.) ધંધા
વગરનું; મેહેનત ન-
હીં તે(નિઃ—ઉદ્યોગી)

ખતા(આ)ઠોકર;ઠેસ.
નિરૂદ્યમી (સં.)ધંધા-
વગરના; જેને ઉદ્યમ
નહીં તે(નિઃ—ઉદ્યમી)
ગતા ગત=જતાં આ-
વતાં.
છત=સંઘરો; શીલીક.
મતિ હીણ (સં.) બુદ્ધિ
ઓછી તે; અક્કલવિ-
નાનો;(મતિ—હીણ)
મૂઢ સં. ઠોઠ; મૂરખ;
અણઘડ.
ઉતપાત=તોફાન.
વૃથા(સં)ફોકટ;મિથ્યા.
દિનનીશ (સં.) દહાડો
ને રાત.
ભગતી(સં)પરમેશ્વરનુ
સમરણ; સ્તુતી.
જગદીશ(સં)જગતનો
ઇશ્વર;(જગત—ઇશ).
ગુરૂ(સં)ધર્મ ઉપદેશી.
પદ(સં.) પગ; ચરણ.
શીશ(સં.)માથું;શીર
રૂદિઆ(સં.)હૈઉં;મન

(કવિતાની સમજુતી). (૧).

સંસારનો તારનાર જે પરમેશ્વર તેની ભક્તિ કરો, અને પોતાના અંતઃકરણમાંથી અહંકાર કાહાડી નાંખો; તમને પેદા કરનાર ઈશ્વરના ગુણને સંભારો, અને સઘળાઓ સુધરેલાની બરોબર થાઓ. (૧). બરાબર ખરા ભાવથી બીજાનું સારૂં થાય એવા કામો કરો, અને ખરો વીચાર એજ તમારા મનમાં રાખો; વળી આળસ રૂપી જે પાણી તેને તરી જાઓ (મતલબ કે આળસ કાહાડી નાંખો), અને ઘણા પૈસાનું કરજ કરતાં તમે બીહો. (૨). તમારે બરાબર સમજીને રોજ સારી રીતે ચાલવું, અને એહેકી જઈને અદબ છોડવી નહી; જે ટેક સુધરેલી હોય તેને કદી મૂકવી નહીં, અને એક હરફ પણ જુડો બોલી જવો નહીં. (૩). સભાને વિષે બેસનારા સભાસદો સાંખી શકે નહી, એવું વેણ બહુ દુઃખનો દેનારો હોય તેજ બોલે; દારૂ પીનારા સખસની આંખો છેક ફાટી જાયછે, અને તેનું ડોકું નાગ સાપની મીશાલે ડોલ્યા કરેછે. (૪). કોઇ માણસ ફકત કકોજ શીખીને પંડિતના જેવું ડોળ ઘાલે, અને તેને પક્કો કીધા પછી તો વળી વધારે પંડિત પણાનો વેષ લે; એવો સખસ અગર જો કોઈથી જીતી શકાય એવો ન જણાય, તો પણ તેની કીમ્મત બે પૈસાની પણ થતી નથી. (૫). સારા માણસનેજ સગો ગણવો, અને દુનિઆમાં દગો ચાલતો હોય તેથી દૂર રેહેવું; તમે કદી પણ ઠગ અને નિર્દય ન થશો, અને તેથી તમારા વગ (સારા માણસ સાથે દોસ્તી) વધશે એટલુંજ નહીં, પરંતુ તમારા મોંનુ તેજ પણ વધશે. (૬). પોતાની મોટાઈની વાતો બોલવી નહીં, તેમજ લડાઇ કરીને કોઇના જાન માલની ખરાબી થાય તેમ કરવું નહી; વળી બીજપાઇને કોઇને મારવા ધસવું નહીં, અને

કોઇને હેરાન કરીને મનમાં ખુશી થવું નહીં. (૭) ઘણીક રીતના હુન્નર શીખીને વિદ્યાવાન થવું, અને પૈસો તથા અનાજ તે બરાબર નિયમ રાખી વાપરવું; વળી ઘણીક રીતની સમજણ રાખવી, અને પાણી તે સાફ ગાળીને પીવું. (૮). પાણી રાખવાને વાસ્તે પેહેલાંથી પાળ બાંધવી(મતલબ કે હર કંઇ કામની તૈયારી પેહેલાંથી કરવી), અને ખાળ એવા ખોદવા કે જેમાં આવક જાવક સારી થાય (મતલબ કે નીતિથી કમાવું, ને નીતિથી ખરચવું); એક પલક વખતને બહુ કીમ્મતનો ગણો, અને જયાં કાંઇપણ ઉદ્યોગ ચાલતો ન હોય તેવે ઠેકાણે રેહેતા બીહો. (૯).જે સખસ પોતાના હાથ પગ છતાં કામ કરે નહીં, તેવો અણ ઉદ્યોગી (આળસુ) પછી બહુજ પસ્તાયછે (નુકસાન ભોગવેછે);એથી તે રોજ પોતાના દિવસમાં જે સુખ પામવાનું ઠેકાણું તે ખોસે,ને તેને ગામમાં કોઇ જતા આવતાં કશામાં ગણશે નહીં. (૧૦). વળી એથી એવું બનશે કે પોતાની પાસે જે કંઇ પૈસા ટકાની છત હુતે જશે ને પોતાના દુઃખમાં વધારો થશે, અને તેથી માણસ જાત તેને અકલ વગરનો મૂરખ કેહેશે; તેમ તેથી જરા પણ ઇશ્વર ખુશી થશે નહીં, અને મોટું દુઃખ વધી પડશે. (૧૧). માટે રાત અને દિવસ તમે ફોકટ ગુમાવો નહીં, અને જગતના કરનાર ઈશ્વરની ભક્તિ કરવા મંડી જાઓ;તમારા ગુરૂ(વિદ્યા ભણાવનાર, અન્ન આપનાર, અને ભયથી બચાવનાર) ને પગે માથું નમાવો, અને તમારા અંતઃકરણમાંની રીસ કાહાડી નાંખો. (૧૨).

પાઠ ૨ જો.

લોચન (સં.) આંખ.
કરાળ=ભયંકાર.
ટકાવવી=જારી રાખવી
તકાવવી=ધારી રેહેવી.
રજ(સં.)રજકણ;કણી
શોધન(સં.)શોધ; ખોળ
ધકાવવી=હડસેલવી.
પકાવવી=પાકી કરવી.

ધખાવવી=સળગાવવો; જારી રાખવી.
ઊદ્યમ(સં.)ધંધો; રોજગાર; મેહેનત.
ધૂણી=ધૂમ્મરખાનું.
ભ્રાત(સં) ભાઈ; બંધવ.
શિર(સં.)માંથું; મુસ્તક
ડગાવવી=ખસેડવી; દૂર કરવી.
જડતા=મુર્ખાઈ.
ફગાવવી=ફેંકી દેવડાવવી.
ફેલ(આ.)ઢોંગ; ચતુંગ
ફિતુર (આ.) હુલ્લડ; તોફાન.
ભગાવવી=ભાંગવી; દૂર કરવી.
ભયંકર(સં)બીયામણી
સુખકારી (સં.) સુખ કરે એવી.
નિર્લજ(સં.) બેશરમી; જેને શરમ નહીં તે
નારિ(સં.)બઈરી; સ્ત્રી.
તુચ્છપણું(સં)હલકાઈ
બજાવવી=શોભાવવી.

સજાવવી = રચાવવી; સ્થપાવવી.
બજાવવી=કરવી.
નાથ(સં.)ઈશ્વર; સ્વામી; ધણી; કંથ; વર.
બુઝાવવી= હોલાવવી.
ઝાળ=આંચ.
રૂઆવવી=મટાડવી.
ચુગલી(હિં.)ચાડી.
ગુઝાવવી=બડાવવી.
કુબુધ્ધિ (સં.) નઠારી બુદ્ધિ; ખરાબ અક્કલ
દુઝાવવી=દોહોરાવવી.
રસાળ (સં.) ફળદ્રુપ; પાકવાળી; રસવાળી.
સુમતિ(સં.)સારીબુદ્ધિ
વટાડવી = જવા દેવી; વાટી નાંખવી. [વી.
પડાવવી=પાડીનંખાવ
નિસાન = માલ; જીવ; જીકર; દમ.
અડાવવી = ઉડાવવી; બકવી.
ઉદાર(સં.)સખી; દોલો
ઉત્તમ(સં.)મોટી; શ્રેષ્ઠ

અપાર(સ)ઘણી; જેનો પાર નહીં(અ-પાર)
કીર્ત્તિ(સં.)જશ; વખાણ; સારા કામની પ્રસીદ્ધિ.
કથા(સં.)વાત; વારતા
ખણાવવી=ખોદાવવી.
મુલદાર(સ.)ઘણી કિમતી; ભારે.
છપાવવી=પડાવવી; ગણાવવી.
છેલ=રંગીલો; ફાંકડો.
છાપ=શીક્કો; મોહરો.
ખાપ=આરસી.
જપાવવી=બોલાવવી; સ્મરણ કરાવવી.
અમાપ=ઘણી; જેનું-માપનહીં(અ-માપ).
ઉન્મત(સં.) તોફાની; મસ્તીખોર.
અસત (સં.)જૂઠું.
વિગત=તપસીલ; હકીગત.
વાદ(સં)તકરાર; રગઝક
વદો(સ)બોલો.

(કવિતાની સમજુતી). (૨).

કામ કરાવવું તે એવું કે જેથી પારકાનું સારૂં થાય, અને ઠેકાણું એવું ઠરાવવું કે જયાં બેઠાથી આરામ મળે; વળી હરામખોરી કરતાં દિલને ખીહીવડાવવું, તથા પોતાનું નામ ધરાવવું તો ધર્મી છે એમ ધરાવવું. (૧૩). પ્રભુની ઉપર પ્રીત મજબૂત ટકાવી રાખવી, અને રજે રજની શોધ કરવાની રીત રાખવી; વળી મન પાસે હંમેશા વીચાર કરાવવો, અને મનની અંદર ચતુરાઇ વધારવી. (૧૪). વાત લખાવવી તો સાચીજ લખાવવી (શાહેદી પુરવા વગેરેના કામમાં), અને રાત દિવસ સારી રીત રખાવવી; દિલમાંથી ઘાતકી પણું કાહાડીનંખાવવું, અને ભાઈ હંમેશા ઊદ્યમની ધૂણી સળગાવવી (એટલે ઉદ્યમ જારી રાખવો). (૧૫). લોભના માથામાં લાત મારવી (બહુ લોભ ન કરવો), અને મૂરખ માણસને સુધરાવવા; ઢોંગ ધતૂર કરનારને દૂર કરવા, ને ભાઈ બીયામણી ચાલ હોય તેને છોડી દેવડાવવી. (૧૬). સારા માણસની સંગત સારી રીતે કરવી, ને કવિતા એવી કરાવવી કે જે વાંચવાથી સુખ ઉપજે; વળી પોતાની દોલત ડાહાપણથી બચાવવી, અને નિર્લજ સ્ત્રી (વેશ્યા)ને નચાવવી નહીં. (૧૭). હલકી ટેક હોય તે મૂકાવવી, અને વિવેક વધારીને સારી વાત શોભાવવી; વળી ઘણી સારી સારી નીતિ શીખવવી, અને એકજ પ્રભુની ભક્તિ કરવી. (૧૮). પોતાની આંખમાં અદેખાઇ હોય તે કાહાડી નાંખવી, અને ચોરી તથા ચાડી કરવાની ચાલ મૂકી દેવી; તેમજ સારી તથા માંઠી જે અકકલ તેને અરસ પરસ લડાવવી (એટલે સારી અકકલ રાખવી ને માઠી મૂકી દેવી), તથા જે ધરતીમાં સારો પાક થાય તેમાં ખેડ કરવી. (૧૯). શરીરમાંથી ઘણું આળસ કાહાડી

નાંખવું, તથા તેની સાથે સારી બુદ્ધિ શીખવવી (એ સુમતી શાકર ચટાડવી એમ સમજવું); વળી કશી બીક ન રાખતાં જે પીડા આવી પડે તેને મટાડવી, અને ઉમંગ આણીને મનની ચિંતા દૂર કરવી. (૨૦). જેમાં મોટી વિસાત ન હોય તેમાં તકરાર ન પડાવવી, અને આડી આડી વાતો અડાવી ન દેવી; તેમ કોઇની ન્યાતમાં લડાઇ કરાવવી નહીં, અને કોઇના જીવને જોખમ થાય એવો ઉપાય કરવો નહીં. (૨૧). આપણે આપણું સખીપણું બતાવવું, અને સારી વસ્તુ ઘણી હોય તે અણાવવી; વળી આપણને સુખ થાય તેવી સારી કીર્ત્તિ કેહેવડાવવી, અને ખાણો એવી ખોદાવવી કે જેમાંથી કીમતી વસ્તુઓ મળી શકે. (૨૨). આપણે સેહેલાણી છઇએ એમ ન કેહેવડાવવું, અને અક્કલરૂપી આરસી ઘણી ખપાવવી (મતલબ કે બધે જ્ઞાનનો ફેલાવો થાય તેમ કરવું); પરમેશ્વરના અતિશય ગુણ ગવડાવવા, અને પાપ ન લાગે તેને માટે નીતિ જારી રાખવી. (૨૩). કંઈ મોટી પદવી મળે તો તેથી અહંકારી ન થઈ જવું, અને અહંકારને જુઠાણું એ બે વાનાં છોડી દેવાં; આ કથા સાંભળીને મતલબ યાદ રાખવી, અને દલપતરામ કવિ કેહેછે કે નકામી તકરારો કરવી નહીં. (૨૪).

પાઠ ૩ જો.

નવરાશ=ફુરસદ; અવકાશ.

માસ્તર (અં) અંગ્રેજી શીખવનાર; મેહેતાજી.

નકામાં=કામથી પરવારેલા; નવરા (ન-કામાં)

મિત્ર (સં.) દોસ્તદાર.

અટકળ (હિં.) કલ્પના; તર્ક; ખ્યાલ.

આશ્ચર્ય (સં.) નવાઈ.

મલકાવીને = હસીને.

ફોકટ=અમથું; વ્યર્થ.

હિસાબ (આ) ગણિતકામ; ગણિતના દાખલા.

અમૂલ્ય (સં.) ઘણોજ કીમતી; જેની કીમ-

તનો પાર નહીં તે.
પરમેશ્વર(સં)મોટો ઇશ્વર. (પરમ-ઈશ્વર).
વિદ્યાવાન (સં)પંડિત; વિદ્વાન.
અવશ્ય (સં.) જરૂર; ખચિત્ત; નીએ.
લાભ (સં.)ફાયદો.

પાઠ ૪ થો.

ઇજીપ્ત(અં)મીસર દેશ
શોભાયમાન (સ)ખુબસુરત.
ટોચ=ઉપલો ભાગ; શિખર; મથાળું.
ઝૂકી = ઝુલાઈ; નમી.
ઉપયોગી(સ)ખપની.
મૂલક(આ.)દેશ.
કોલું=શેરડી પીલવાનો લાકડાનો સંચો.
તમામ(આ) બીલકુલ.
દેશાવર (સ) પરદેશ; દેશાંતર.
સફેદ(ફા.) ધોળી, ઉજળી.
તરેહ (આ.)રીત; પ્રકાર.
પરીક્ષા (સં.) તપાસ.

પાઠ ૫ મો.

ડુંગરા = મોટા ઉંચા ટેકરા.
ભરપૂર=પૂરો ભરેલો.
આહાર (સં.) ખાવું; ભક્ષ.
કાફલો (આ.)ટોળું; જથો.
લીલોતરી=લીલી વનસ્પતિ.
ઝરણું=ધીમે ધીમે પાણી વેહેતે.
પુષ્કળ (સં) ઘણું; બહુ
રાજધાની (સં.)મોટું શેહેર.
રળિઆમણું=શોભાયમાન; શોભાવંતું.
ચોડા = પોહોળા; ચોખંડા.
કારખાનાં (ફા)હરકંઇ હુન્નરનાં ઠેકાણાં; મોટી વખાર.
સપાટ=પાધરું, ખાડા ખખચા વગરનું.
પરગણા=તાલુકા.
આબાદ(ફા.)ફળદ્રુપ; પાકવાળાં.
દોલત(આ)પૈસો; ધન.

પાઠ ૬ ઠો.

બંદર(ફા)નદી કે દરીઆ કાંઠે આવેલું શેહેર.
મોહોળો=ઘણો; મોટો.
મુખ્ય(સં)મોહોટું; મોં.
સમૃદ્ધિ (સં.)દોલત.
ઇમારત(આ.)હવેલી; ઉંચો બાંધણીનું મકાન.
ટટ્ટુ=નાનો ઘોડો, ખચ્ચર.
આખલો=ગોધા, સાંઢ.
જંગલ(ફા.)રાન, વન.
શરદી(ફા)ભીની હવા; ભેજ.
નિરંતર(સં.) હંમેશા, રોજ; સદા.
આયરિશ(અં.)આયરલંડનો લોકો.

બળતણ = બાળવાનાં લાકડાં.

બુંડ=ડુક્કર.

સુઘડતાઇ=ચોખ્ખાઇ; સ્વચ્છપણું.

દેખાવ=શોભા;રચના

પાઠ ૭ મો.

જેસલી=ખેતીનું દાંતાવાળું હથિઆર.

ચાસ = ખેતરમાં હળે કરીને જે લીટા પાડે છે તે.

કાળીઓ=કાળા રંગનો તમાકું.

જરદો = પીળા રંગનો તમાકું.

ચરોતર=નર્મદાનદીની અગાડીથી તે છેક સાબરમતી નદી સુધીનો તમામ મુલક.

માફક(આ.)અનુકુળ; મળતું; ઠીક; બેસતું.

ગોરાડું=ભગરી; રેતવાળી; પીળચટી.

ખાતર= ઘાસ, છાણ વગેરે કોહી ગયેલો કચરો.

રોપણી=વાવવાનું કામ; વાવેતર.

રોપા=છોડ;છોડવા.

ચોરસ=ચોખંડી.

અધવાર્યા પછી=અડધા થયા પછી.

નીક=નીકોરી;નેહેર.

છાપો=શીળો; ઓળો.

ઝાકળ=ઓસ.

જુડી=પડદી;કલ્લો.

બાધ=નુકસાન;ત્રુટ.

પાઠ ૮ મો.

ગડાખુ=ગોળ ચોળેલો હુકામાંપીવાનો તમાકુ

તળબદો=દેશી;સારો.

ખાનદેશી=તળબદો નહીં તે; ખાનદેશ તરફનો.

ઘઉંવણો=ઘઉંના રંગ જેવા; રતાસ પડતા

વ્યસન(સં.)લત; ટેવ.

બગાડ=નુકસાન.

ઉધરસ=ખાંસી; ઠાંસો

ઝેણ=તીખીવાસ; તીખી સોરમ.

સોપારણ= સોપારીનું ઝાડ.

તુરી=ફિક્કો; બેસ્વાદી.

કાતરા=મોમાંની ચામડી આળી થાય છે તે.

કાચબી=ખાંસી;ખઇ.

કંઠ(સં.)ગળું;ડોક.

રેહેઠાણ=મુકામ, રેહેવાનું ઠેકાણું.

પકવાસા=પાટીઆની સાંકડી લાંબી ચીપો

પાઠ ૯ મો.

દાકતર (અં.)અંગ્રેજી વૈદ્ય હકીમ.

પ્રખ્યાત(સં)નામીચા; પ્રસિધ્ધ;પંકાયલા.

અવતર્યો(સં.)જન્મ્યો

નિર્ધન(સં.)ગરીબ;રંક

ફારસી (ફા.) ઈરાની ભાષા.

સાહેબલોક=ગોરાલોક અંગ્રેજ; ટોપીવાળા.

અમલદાર (આ.ફા.)

હકુમત કરનાર; હુક-
મ બજાવનાર.
ઓળખાણ=પીછાન.
દેશી(સં.)વતની; પો-
તાના દેશનો.
મફત(આ.)પૈસા વગર
ઉમેદ(ફા.)હોંસ;ઇચ્છા
ગ્રહસ્થ(સં.)મોટા કુળ
નું આબરૂદાર માણ-
સ.
વૈદકશાળા (સં.)દવા-
ખાનું; દરદીઓને
ઓસડ મળવાનું ઠે-
કાણું.
શાળા (સં.) નિશાળ.
નાપસંદ(ફા.)નાપાસ.
પસંદ(ફા)પાસ;સહી;
પરીક્ષામાં પ્રસાર.
પાઠશાળા(સં.)નિશા-
ળ;મદ્રેશા.
માનપત્ર(સં.) આબરૂ
ની નિશાનીનું પત્ર.
છચોક=જાહેરાત;ખુ-
લ્લી રીતે.
સરજન(અં.) વાઢાડ
કાપનારો વૈદ.
સ્વદેશ(સં.)પોતાનું દે-
શ;વતન.
નોકરી(ફા.) ચાકરી;
સેવા.
ઊંચો=મોટો,ભારી.
દરજ્જો(આ.) પદવી,
હોદ્દો;હકુમત.
ચરિત્ર(સં).કરેલાં કા-
મો –લક્ષણ.

પાઠ ૧૦ મો.

રાજસભા(સં)રાજમં
ડળી,રાજ કચેરી.
ઉદ્યોગ(સં.) મેહેનત.
ધુરંધર=ગાડાનું ધુંસ-
રૂં ધરનાર.
સામંત=રાજ સભામાં
બેસનારા સભાસદો;
ઉમરાવો.
ક્ષેત્ર(સં.)ખેતર,પવિત્ર
જગા.
ભૂપ(સં.)રાજા, નૃપ.
સ્વરૂપ(સં.)ચેહેરો,કા-
ન્તી.
તંબોળી(સં)પાનસો-
પારી વેચનારો.
કસ્તુરી(સં.)એક જાત
ની ઘણી ઉપયોગી
મોંઘી ચીજ મૃગની
નાભીમાં થાયછે.
રાય(સં.)રાજા,ભૂપ.
જોશી(સં.)જ્યોતીષ
વિદ્યા જાણનારો.
પુર(સં.)શેહેર,નગર.
પ્રધાન(સં.)મંત્રી, દી-
વાન; વજીર.
મહીપત(સં.)રાજા.
સકળ(સં.)સઘળી; સં
પૂર્ણ.
નિરખ્યા=જોયા, ની-
હાળ્યા.
વાધ્યા=વધ્યા.
તીરથ(સં.)નદી કાંઠા-
ની પવિત્ર જગ્યા,જા
ત્રાસ્થળ.
દરશણ(સં.)ઝાંખી,ભેટ
લેવી;દેખવું.
ખોટ=તંગી,ન્યૂન.
પ્રથ્વીપતિ(સં.) રાજા,
પ્રથ્વીનો ધણી.

પ્રસંન(સં.)ખુશ.
કમળ(સં.)એકજાતનું ગોળ ફુલ.
અદકું(સં.)વધારે.
નેત્ર(સં.)આંખ.
દીન(સં.)ગરીબ, રંક.
કરૂણા(સં.)દયા, મેહેર.
મંદીર(સં.)ઘર, દેવસ્થાનક.
દીપક(સં.)દીવો.
રીઝીએ=ખુશીથઇએ.
ન્યાલી = નજર કરી, જોઇ. [હા
નેહ(સં)સ્નેહ,હેત,આ
નવાણ=પાણીનાં ઠેકાણાં,(કુવા,તળાવ, વાવ વગેરે)

દેવસ્થળ(સં.)દેવસ્થાનક,દેવાલય.
દીસીએ= દેખાઇએ, જણાઇએ.
અધિપતિ(સં.) રાજા, ઉપરી.
ભરતખંડ(સં.)હિંદુસ્તાન(ભરત રાજા ઉપરથી નામ પડેલું).
દ્વીપ(સં.)બેટ,ટાપુ.
ઉજેણી=માળવાની રાજધાની,ઉજન નગરી,ક્ષિપ્રા નદી ઉપર.
નગરી(સં)શેહેર,પુરી.
કષ્ટહરણ(સં)દુઃખ હરી લેનાર, દુઃખ ભંજન
કુપ(સં.)કુવો,સંગ્રહ.

નિદ્રા(સં.)ઊંઘ.
પુન્ય(સં.) ધર્મ,દાનનું આશિષ.
આણ=દુઆ,દુઆઇ આજ્ઞા.
ન્યાયશાસ્ત્ર(સં)ઇનસાફના ધારાનું પુસ્તક
ન્યાય(સં)ફેંસલો;ઇનસાફ, ચૂકાદો.
રંક(સં.).ગરીબ.
સુત(સં.)છોકરો.
પરિવાર(સં.)કુટંબકબીલો.
અલખત=લક્ષ્મી;દોલત; પૈસો.
અપરંપાર(સં)ઘણીજ જેનો પાર નહી.

(કવિતાની સમજુતી). (૩).

વિક્રમ નામે એક મોટો રાજા હતો, તે ધર્મનોજ ધરનાર અને ધર્મના સ્વરૂપ જેવોજ હતો; એક સમયે તે સભા ભરીને બેઠો હતો તે વખતે તેનું શરીર બહુજ શોભતું હતું. તે વખત એક તંબોળી ત્યાં આવ્યો, ને પાનનાં બીડાં ભરીને છાબમાં લાવ્યો; તે બીડામાં કાથો ચુનો મુકયા હતા, અને માંહે કસ્તુરી પણ મૂકી હતી. તે બીડાં રાજાએ પોતાના હાથમાં લીધાં, અને સભામાં બધાને આપ્યાં; તે સભામાં પંડિત, જોશી, શેહેરનો પ્રધાન વગેરે

બેઠા હતા, તેઓ બધાને રાજાએ માનની સાથે તે બીડાં આપ્યાં. છાબ જે બરાબર ભરેલી હતી, તેમાંનાં બધાં બીડાં વેંહેચી દીધાં અને રાજાના હાથમાં માત્ર એક બીડું રહયું; તે એક રહેલું પણ રાજા આપવા માંડેછે, એટલે સઘળી સભા બોલી ઉઠી;—

"તે એ કે હમે તમારા જેવા ગુણવંત રૂડા રાજાને જોયા ત્યારથીજ હમને પાન મળી ચૂકયા, અને હમારા રૂપ પણ રૂડા થયા. હમો તીરથ જેવા રાજાના રોજ દરશણ કરીએ છીએ, અને તમો પૃથ્વિ પતિ હમારા ઉપર પ્રસન્નછો તો પછી હમારે પાનની શી ખોટ છે? જેમ સૂરજ ઉગ્યાથી પાણી માંહેલા તરેહવાર કમળો ખીલેછે, તેમ હે રાજાજી, તમોને જોયાથી હમારૂં અંગ ઘણુંજ ફુલેછે (હમો ખુશી થઇએ છીએ). રાજાજી સભામાં આવતાં તમો હમને ઘણું માન આપોછો, તેથી હમારા મોંડાં જેમ પાન ચાવ્યાં હોય ને લાલ દેખાય તેવાં શોભે છે. વિદ્યાથી જેમ માણસ શોભે છે ને તીર્થમાં જેમ દરશણ શોભે છે તેમજ રાજાજી તમો હેત ભરેલી નજરથી હમારા સામું જુઓછો તેથી હમો શોભીએ છીએ. દાહાડો જેમ સુરજ વડે શોભેછે, ને રાત જેમ ચંદ્ર વડે શોભેછે, તેમ તમારી મેહેરબાની વડે હમો શોભીએ છીએ, માટે રાજાજી વધારે શું પુછોછો! વળી ઘર જેમ દીવા વડે શોભેછે (રાત્રે), ને આપણું શરીર ધર્મ કર્યાથી શોભેછે, તેમ હે રાજાજી તમારૂં હેત તપાસી જોતાં તમારી કૃપાથી હમો બહુ ખુશી થઇએ છીએ. વળી કૂવા વાવ વગેરે પાણી વાળા ઠેકાણાં જેમ પાણી વડે શોભેછે, દેવ જેમ દેવસ્થાનમાં (દેહેરામાં) શોભેછે, તેમજ તમારા સેવક એવા જે હમો સભાસદો તે તમારી દયા વડે શોભીએ છીએ. હે રાજા તમો હંમેશા હમારા લાડ પુરા પાડોછો, તેથી હમો ઘણાજ ખુશી છીએ; વળી હમને

ઊછેરનારા તમેજ છો (એટલે તમારૂંજ ખાઇએ છીએ), તો રાજાજી પાનનો હવે શો પાડ અધુરો છે! (માટે એટલું બીડું તમે પોતેજ ખાઓ). "

આ જાંબુદ્વિપ (પૂર્વ માહા દ્વિપ)માં ભરતખંડ(હિંદુસ્તાન) છે, તેમાં ઊજ્જન નામે એક શેહેર છે ત્યાં વિક્રમ કરીને મોટો રાજા થઇ ગયો, તે સઘળાના દુઃખ મટાડતો, અને ઘણું ભણેલો હતો. તેણે જીવ્યો ત્યાં સુધી જશ લીધો, ને કોઇ દિવસ સુખથી તેણે ખાધું નથી તેમ ઊંઘ્યોપણ નથી; તેણે પોતાની દેહ કે પૈસો કંઈ પણ વાહાલું કીધું નહીં, પણ ફક્ત પરમારથ કામજ તેને વાહાલું હતું. તેને પુન્યવાન ચીજજ વાહાલી હતી, અને કોઇ પાપી માણસ વાહાલો લાગતો નહીં. તેના રાજમાં ધર્મનીજ રીતની દુવાઇ ફરતી (કોઇએ પણ પાપ કરવું નહીં એવી), અને ઇનસાફ કરવાના કાયદાથીજ વાજબી ઇનસાફ કરતો હતો. રાજા, ગરીબ, દુસ્મન, કે ભાઇબંધ એ સઘળાને પોતાના છોકરા અને કુટુંબ મુજબ ગણતો. તે ઊંઘ અને ભુખ બંનેને જીત્યો હતો (બરાબર ઊંઘતો નહીં ને પેટ ભરીને ખાવા પામતો નહીં), અને તેથી કરી તેણે બહુજ દોલત મેળવી હતી.

પાઠ ૧૧ મો.

ખનીજ = ખાણમાંથી નીકળતો.
ખુબસુરત(ફા) શોભાવંતો; સારો.
મુલ(સં)કિમ્મત,ભાવ.
રત્નો(સં.) કીમતી જવાહેર.
ઘસરકો=ઘીસ્સો, લીસોટો;ઘસારો.
ઓપ=નૂર; ચળકાટ.
આસમાની(ફા)ભુરો; વાદળી.
પાસા=પેહેલ.
અગ્નિ(સં)દેવતા.
માતા(સં.)દેવી;મા.
પોખરાજ=પીળા રંગનું ઝવેર.
ડાહપણ=ચતુરાઇ.
સદગુણ(સં)સારાગુણ
સદાચરણ (સત-

ગુણ).

પાઠ ૧૨ મો.

સ્વભાવિક(સં)કુદરતી; સ્રષ્ટાથી નીપજેલી.

મેઘ ધનુષ્ય(સં)વરસાદનાં દહાડામાં જે લાલ પીળો કમાન થાયછે તે.

અણુહદ=હદ નહીં તે; ઘણીજ;(અણુ-હદ)

હસ્તકૃત(સં.) હાથની બનાવેલી(હસ્ત-કૃત

અનેક(સં) ઘણા; બહુ

વાદળી(સં)ભુરો;આસમાની.

મિશ્ર સં.)મળેલા; ભળેલા;મિગ.

અણગમો=નાખુશી; ગેરમરજી.

જાંબુઓ = જાંબુડો, જાંબુના જેવો.

અનુક્રમ(સં.)એક પછી એક આવે એવી પદ્ધતિ.

આનંદ (સં.) સંતોષ; હરખ.

ઉદાસ (સં.) દલગીર.

રમણિક(સં) ખુશ લાગે એવું; શોભિતું.

સરજાવનાર=પેદા કરનાર; બનાવનાર.

સીમા=હદ;મર્યાદા.

પાઠ ૧૩ મો.

અગમ્ય (સં.) ગમ ન પડે એવી; જાણી ન શકાયતે.(અ-ગમ્ય)

અંકોર(સં.) કણગો; સણગો.

તિમર(સં.)અંધારૂં.

સરિતા(સં.)નદી.

પંથી=મુસાફર,વટેમાર્ગુ.

સુણતાં=સાંભળતાં.

હરખી(સં)ખુશી થઇ

સુંદરી(સં.) ખુબસુરત સ્ત્રી; રૂપવંતી બાઇડી.

પંચરંગ(સં.)પાંચરંગ; લાલ, પીળો, ધોળો, કાળો,ને લીલો.

પાસા=બાજુ, છેડો.

સમ તૂલ્ય(સં.)સરખા; બરાબર તોલના.

પ્રશ્ન(સં.)સવાલ.

મહા મુલ્ય(સં.) ભારી કિમત, ઘણું મુલ.

ટોચ = ઉપલો ભાગ; શિખર;મથાળું.

કાષ્ટ(સં.)લાકડાં.

રંગેલ=રંગેલું.

સંદેહ(સં.)શક;વેહેમ.

સતી(સં.)પતિવ્રતા સ્ત્રી

તીર(સં.)કાંઠો;કીનારો; પાર.

પ્રગટ(સં.)જાહેર; ખુલ્લું; પ્રસિદ્ધ.

પારખું(સં)શોધ; તપાસ.

ભૂષણ(સં.)ઘરેણાં;લૂગડાં.

રામા(સં.)બાયડી;સ્ત્રી

ઉમર=ઉમરો.

જુવતી (સં.) જુવાન બાયડી.

ઉપાડે=ઉંચકે;મેલે.

પુરૂષ(સં.)મરદ;ભાયડો

ઘોડલી=ઘોડી.

જુગતી(સં.)યુક્તિ; કી-
કમત; તદબીર.
પુત્રી(સં.)છોકરી.
મરમ(સં.)ભેદ;કારણ.
પાછળ [illegible]રે; નહીં.
પેલી [illegible](સં.)માં;માતા;
[illegible]ની. [ગ.
તાં[illegible](સં.)ખુશી; ઉમં-
[illegible]ક્ષ્મી(સં.)દ્રવ્ય;પૈસો.
લેહેર=આનંદ.
ચિરંજીવી(સં.) લાંબી
ઉમ્મર સુધી જીવે એ-
વો.
કાજળ=મેસ.

તન(સં.)શરીર; (છો-
કરો).
નિર્મળ(સં.) ચોખ્ખો;
પવિત્ર;મેલ વગરનો.
(નિઃ—મળ).
કવણ=કોણ.
ધાર=કાળું;બીયામણું
હેમ(સં.)સોનું;કંચન.
દાન(સં.)ધર્મ; ખેરાત.
પવિત્ર(સં.) ચોખ્ખું.
મહિમા(સં.)લીલા; ર-
ચના; ચાલ. [ડી.
વનિતા(સં.)સ્ત્રી;બાય-
વરણું (સં.) વિસ્તાર;

બયાન કરૂં.
કપુત(સં.)નઠારો છો-
કરો; કુપાત્ર
લાજ(સં.)આબરૂ;શ-
રમ; મર્યાદા.
નર્માઈ(સં.)નરમાસ;
નમ્રતા.
અજ્ઞાન(સં.) અજાણ
પણું;મૂઢપણું.
નિશા(સં.)રાત;રજની
અધિકો(સં.)વધારે.
બ્રહમ(સં.)ઇશ્વર;ઇશ્વ
રરૂપ.
મનસા(સં.)મન.

(કવિતાની સમજુતી). (૪).

એક રાજકન્યાની આગળ એક રાજકુમાર મુસાફરના વેશમાં આવેલો તેને તે રાજકન્યાએ નીચેના સવાલો તેની પરીક્ષા કરવાને પુછયા હતા. તે સવાલો અને જવાબો નીચે મુજબ.

સવાલ—સાંભળતાની સાથે એક સ્ત્રી ખુશી થઇને મનમાં ઘણી હરખ પામી, તેણે એક વેલણ મેં આગળ મૂકયું, જેનો કે રંગ સારો હતો. તે વેળણ પાંચ રંગથી રંગેલું હતું; અને તેના બંનો છેડા સરખા હતા (તોલમાં તથા જાડાઈ પાતળાઈમાં), તે વળણ એક મુસાફર આગળ તે સ્ત્રીએ મૂકયું, અને તેને મોટો કીમતી સવાલ પૂછયો,—કે બોલો એ વેલણની ટોચ

કઈ ને થડ કયું (એટલે જે લાકડાનું
ટોચનો છેડો કયો, અને મૂળીઆં ઇ.
સુકું લાકડું છે, ને એ સારી રીતે રંગેલુ
તે કેમ ભાંગે ? (એટલે તમો તે શક ભાંગો).

જવાબ—તે મુસાફર બોલ્યો કે હે પંડિત .. તુ એમાં કાંઇ નવાઈ જેવું નથી; નદીમાં પાણી વેહેતું છે કીનારે પાણીમાં એ વેળણને વેહેતું મૂકો. પછી જે છે છળ રેહે તેને થડ જાણવું, અને આગળ રેહે તેને ટોચ ણવી; એ તો ઉઘાડું સમજાયછે એમાં કોઇને નવાઇ જેવું . ગે નહીં.

સવાલ—બાર બાર વરસના બે બાળકને તે વેળા તેડાવી મંગાવ્યા, તેઓને લૂગડાં ઘરેણાં (બાયડીના) ઘણાં પેહેરાવ્યા, તેથી તેઓ સ્ત્રીના જેવા દેખાતા હતા. હવે એમાં એક છોકરી ને એક છોકરો છે, માટે દર એકનું મોં ઓળખાવો કે છોકરી કઈ ને છોકરો કયો ?

જવાબ—તું પેહેલાં બારણાનો ઉમરો ઓળંગીને ઘરમાં આવ અને પછી તેજ રીતે એ બંનોને ઘરમાં લાવ, (તે સ્ત્રીએ જે પગ ઉપાડેલો તે જોઇને પેલા સખસે પરીક્ષા કરી લીધી), અને પછી બોલ્યો કે ડાબો પગ જે પેહેલાં ઊપાડે તેને સ્ત્રી જાણવી, અને જમણો પગ જે પેહેલાં ઉપાડે તેને પુરૂષ જાણવો એ રીતે સમજી લેવું.

સવાલ—બે બરાબર સરખી ઘોડીઓ તે એક સરખી જોડ છે. હવે એમાં એક મા ને એક તેની છોકરી છે, તેનો ભેદ બતાવો, કે તેમાં મા કઈ ને છોકરી કઇ ?

જવાબ—તે મુસાફર કેહેછે કે એનો વીચાર તો મારા

મનમાં સેહેજ આવી ગયોછે. એ બંનોને પાણી પાવાને ઉ-
પર કોઈ બેઠા વગર તળાવે લઇ જાઓ, અને પાણી પાઇને
બંનોને છુટા મૂકો ને શેહેરમાં આવવા દો. તેમાં આગળ
આગળ ચાલીને જે ઘેર આવે તેને મા જાણવી, અને પાછળ
પાછળ ચાલી આવે તેને છોકરી જાણવી. એ જવાબ સાંભળી
પેલી સ્ત્રી બહુ ખુશ થઈ, અને પોતાના મનનો વેહેમ દૂર થયો.

સવાલ—વિદ્યાથી વધારે એટલે સારૂં શું ? લક્ષ્મી કર-
તાં બીજો હરખ કયો ? અને છોકરો હંમેશા લાંબી ઉમ્મર
સુધી જીવે તેથી બીજુ જીવવું કયું સારૂં ? તે વાત હું પુછુછું.
ભેંસ કરતાં કાળી બીજી કઇ ચીજ ? શરીર કરતાં બીજું વાહાલું
કોણુ ? દૂધ કરતાં બીજી સફેત ચીજ કઈ ? તેનો ઉત્તર વખા-
ણવા લાયક બોલ. પાણી કરતાં ચોખ્ખી ચીજ કઈ ? અંધા-
રાથી બીજું ઘોર અંધારૂં કયું ? સોનાના ઘરેણાં કરતાં બીજું
કયું ઘરેણું સારૂં ? તેનો જે મૂળ મતલબ તે કોહો. વળી દાન
(કંઈ પૈસો કે ચીજ ધરમ દાખલ આપવી) તે કરતાં બીજું સારૂં શું?
શૂન્ય કરતાં બીજી ચોખ્ખી ચીજ શી ? બ્રાહ્મણ કરતાં બીજો
સારો માણસ કયો ? તે હે મિત્ર મને તે મહિમા કોહો ?

જવાબ—વિક્રમ રાજા કેહે કે હે સ્ત્રી તું સાંભળ. એનો
જે ખરો અર્થ છે તે મનમાં વીચારો; હું વિસ્તારીને મારો
જે ખરો ધર્મ છે તેથી કંહુ છઉં કે એમાં તમે વેહેમ શાને રા-
ખોછો. વિદ્યા કરતાં વિવેક સારો, પૈસા કરતાં કીર્ત્તિ સારી,
અને જશ તે ચીરંજીવી કરતાં વધારે જીવેછે, તે જે સમજે
તે સારી રીતે જાણે. ભેંસ કરતાં કાળો તે નઠારો છોકરો,
અને શરીર કરતાં આબરૂ વાહાલી; તેમ દૂધથી ઊજળું તે દાન,
કે તે કુળમાં અજવાળું કરનારૂં છે. પાણી કરતાં નમનતાઈ

એ ચોખ્ખી ચીજ, અને અજ્ઞાનપણું એ રાત કરતાં પણ અંધારૂં ઘોર છે; તેમ ઘરેણાં કરતાં ગુણ હોય તે વધારે સારો છે, એ મૂળ અર્થ સમજી લેવો. દાન કરતાં દયા સારી, અને પારકાનું ભલું કરવું એ સૌથી સારૂં છે; તેમ બ્રહ્મ રૂપ થઇને જે વરતેછે તે બ્રાહ્મણ કરતાં સારો છે, એ વાત મન અને વચને કરી માની લેવી.

પાઠ ૧૪ મો.

પરોણાગત=પરોણાની ચાકરી-સેવા.
ટોળી=મંડળી,જથો.
બરદાશ(ફા.) ચાકરી, સંભાળ; જતન.
આવકાર=આદરમાન
વસ્તેવ(સં.)દેવતા.
ખંડ(સં)ભાગ,મુકામ.
જાગૃતી(સં)સુદ્ધિ, સાવધાની.
ચક=જાળીવાળો પડદો
મરદ(ફા)પુરૂષ,ભાયડો
પ્રાર્થના (સં.) સ્તુતી, સ્મરણ.
કકડીને=જબરી,ઘણી
ગભરાટ=અકળામણ.
ડેરો=નાનો તંબુ.
આમળો=વળ.
મુળગી=સમુળી,જરા.
તીરપાઇ= ત્રણ પગની ઘોડી જેવું.
વારા ફરતી=એક પછી એક.

પાઠ ૧૫ મો.

બ્રિટિશ(અં)અંગ્રેજી; અંગ્રેજની.
રાજનીતિ(સં.)બરાબર રીતસર રાજ ચલાવવાનું જે ધોરણ તે
પારલેમેંટ(અં.)કાયદા બાંધનારી અંગ્રેજ-લોકોની સભા.
કાયદા(આ.)ધારા.
બજાવવા = અમલમાં લાવવા;માનવા.
અમીર(આ)ઉમરાવ; મોટા માણસ.
ધર્માધ્યક્ષ(સં)ધર્મગુરૂ, આચાર્ય.
હક(આ)અધિકાર,અખત્યાર,દાવો.
મુકરર(આ.)બાહાલ.
નીમવામાં=બાહાલ કરવામાં.
કર(સં.)જકાત;વેરો.
સત્તા(સં.) અધિકાર; અખત્યાર.
વંશપરંપરા(સં.)વંશ ચાલે ત્યાં સુધી;પેઢી ધર પેઢી સુધી.
શરતો=કબુલાતો.
ઇનસાફ(આ)ફેંસલો; ચૂકાદો.
ફેરફાર=બદલવું, ઘટાડો વધારો કરવો.
અખત્યાર(આ.) અ-

ધિક્કાર; સત્તા.
અન્યાય(સં.)અપરા-
ધ; ખોટો ન્યાય.
બંદોબસ્ત(ફા.)ગોઠવ
ણ; તોડ.
રાજકારભાર= રાજનું
મુખ્ય કામ કાજ.
સ્વતંત્રતા(સં.)આપ
અખત્યારી.
આબાદાની(ફા.) ચડ
તી; સારી હાલત.
સંરક્ષણ(સં.) બચાવ;
સંભાળ.
ઉમેરો=વધારો.

પાઠ ૧૬ મો.

મહાસાગર(સં.)મોટો
સાગર–દરીઓ.
વ્હેલ(અં.)એક જાત-
નું મોટું મચ્છ,જે-
ને લોકો મગર મચ્છ
કરીને કહે છે.
શોધ(સં.)તપાસ.
ખોરાક(ફા.) હંમેશા
ખાવાનો પદાર્થ.
કપ્તાન(અં.)વાહાણનો
ઉપરી.
ખલાસી(અ)ખારવા
દરીઆઇ(ફા.)દરીઆ
ના; સમુદ્રના.
પાધર=સરખું;સપાટ,
પાધરું.
જમી=ખંધાઇ.
સ્થિતિ(સં.)હાલત.
ઝળઝળું=ઉજેશ.
અંધકાર(સં.)અંધારું
ભયંકર(સં.)બીઆમ-
ણાં; ડર લાગે એવા.
પ્રકાશ(સં.)ચળકાટ;
તેજ, અજવાળું.
કોતર=ગુફા.
લીંકડી=કોલું, શીઆ
ળ જેવું જાનવર.
વિકરાળ(સં.)ભયંકર;ડ-
રામણું; બીક વાળું.

પાઠ ૧૭ મો.

ભૂમી(સં.)જમીન.
મૂલ્યવાન(સં.) કીમતી;
ભારે;ઊંચા.
વિસ્તિર્ણ(સં.)મોટી,વિ
સ્તારવાળું.
યુરોપિયન(અં.)યુરો
પનાવાસી,ટોપીવાળા
સંસ્થાન(સં.)રાજાઓ
નાં ખંડિઆ મૂલક
વૃદ્ધિ(સં.)વધારો,ઉ-
મેરો.
દુર્વ્યસન(સં.)નઠારી–
ટેવ.
લત=ટેવ, છંદ, ચરસ.
દેખાવડા=શોભાવંતા;
ખુબસુરતા.
સદાચરણી(સં) સારી
ચાલના; સદગુણી;
(સત–આચરણી).
પ્રમાણિક(સં.) સાચા,
સત્યવાદી.
સંકટ(સં.)દુઃખ.
સભ્યતા (સં.)સાલસા
ઇ;મરજાદાથી ચાલ
વું તે; મર્યાદા.
દોસ્તી(ફા.)મિત્રાઇ.
ગુજરાન(ફા.)ગુજારો,
નિર્વાહ; પેટ ભરવું તે
મદિરા(સં.)દારૂ.
બથાવી= પચાવી, દ–

ખાવી.
ઢગાય=ઢોરાય.
અવસ્થા (સં.)હાલત; હાલ.
જાગીરદારો(ફા)વતનવાળા, દેશાઇ.
જાગીર(ફા)વતન;(વાડી, વજીફા વગેરે સ્થાવર મીલકત)
શૂરાતન(સં.)બહાદુરી
અડાશે=પાસે.
સમજુ=દાના, સમજવાળા;વિચારવંત.
છંદ(સં.)લત, નઠારો ચરસ.
પ્રયત્ન(સં.) મેહેનત.

પાઠ ૧૮ મો.

ગુરૂત્વાકર્ષણ(સં)ભારનું એંચાણ;(ગુરૂત્વ—આકર્ષણ).
કદ(આ.)લંબાઇ પોહોળાઇ વગેરે માપ.
રજકણ(સં.)રજ;કણી
પ્રમાણ(સં.)મુકાબલો; ઓછા વધતાપણું.
ધાડાપણુ=કઠણાસ.
પોલી=છુટો બલ.
આકર્ષણ(સં)એંચવુંતે
ગરગડી=ચરેડી.
યુક્તિ(સં.)તદબીર,હીકમત;કળા.

પાઠ ૧૯ મો.

ગુરૂત્વ મધ્યબિંદુ(સં.) ભારની વચમાંનુ ઠેકાણું.
સમતોલ(સં.)સરખું.
ગુરૂત્વરેષા(સં.)મધ્યબિંદુથી દોરેલી લીટી
આશરો=ટેકો; આધાર;મદદ.
મધ્ય બિંદુ(સં)વચમાંની જગો; વચમાંનુ ઠેકાણું.
આંકણી=લીટીદોરવાની લાકડાની રૂલ.
હદ(આ.) સીમા.
મુશ્કેલ(આ.)અઘરૂં.
દેહેશત(ફા.)બીક;ધાસતી;ભય.
પાયો=મૂળ ટેકણ.
સ્થિર(સં.)હાલે ચાલે નહીં તે; કાયમ.

પાઠ ૨૦ મો.

સુકૃત(સં.)સારાં કામ.
સુધા(સં.)અમૃત.
દખમું=ભસતો; પારસીઓનું મસાણ.
સરજી=જન્મી; અવતરી; પેદા થઇ.
અધિક(સં.)વધારે.
ભાવ(સં)હોંસ;ઇચ્છા.
આશ્ચર્ય(સં.) ઊમર; આયુષ્ય.
સંસારી(સં.)દુનિયાની, પ્રથ્વી પરના.
ઉપભોગ(સં.)ભોગવવું; કામમાં લેવું;સુખ
બડબડ= લવલવ; બબારો; બકબકાટ.
સંજોગ(સં) મેળાપ; મુલાકાત.
પુસ્પો(સં.)ફુલો.
ચોપાસ=ચારે બાજુ
સુવાસ(સં.)સારી સુગંધ—ખુશબો.

શતગુણુ(સં.)સો ગુણુ
ખાસ(આ)ખરા; મૂળ
નીમ(સં.)નિયમ; ધારા.
સીમ=હદ; મર્યાદા.
ભંડાર(સં)ભરપૂર ખજાનો.
આગ્ના(સં.)હુકમ, ફરમાસ.
ઇનસાફી(આ)બરાબર, અદ્દલ ચાલનારા.
ઉજાટ=હોંસ, ઇચ્છા.
ભીડ=આપદા, વીપત્ત.
મોહજાળ(સં) મોહેણી રૂપી જાળ.
કિરપા(સં)મેહેરબાની રેહેમ; દયા.
મરણુ(સં.)મોત.
ઝડપશે=તાકીદથી લઇ લેશે.
ભજન(સં)પરમેશ્વરના સ્મરણનું ગીત.

નર્ક(સં)જાહનમ; દોજખ; મુઆપછી પાપી લોકોને રેહેવાનું ઠેકાણું.
સ્વર્ગ(સં)કૈલાશ; બેહેસ; મુઆ પછી ધર્મી પૂન્યવાન લોકોને રેહેવાનું ઠેકાણું.
જાચ્યું(સં.)માગ્યું.
દરશાવે=દેખડાવે.
મૂકિત(સં)ઓધ્ધાર; છૂટકો.
જગરાય (સં)પૃથ્વીનો રાજા; ઇશ્વર.
સ્મશાન(સં.)મસાણુ.
ગંભીર(સં.)વજીર.
દશદિશ(સં)દશ દિશા (ચાર દિશા, ચાર ખૂણા, ને આકાશ તથા ધરતી).
કબરસ્તાન(આ) મસાણુ; મુડદાં દાટવાની જગો.

શોકાતુર(સં.)ચિંતાવાળું; શોકમાં પડેલું તે. (શોક—આતુર).
મસ્તાની(ફા.)તોફાની
ગોર(આ.)વિચાર.
અથાક(સં)ઘણા જેનો થાક નહીં (અ-થાક)
લાહે=અગન; બળત્રા.
ગુલ્લાલા=એક જાતનું ખૂબસુરત ફુલ.
છોરૂઓ=છોકરાઓ.
તરૂણુ(સં)જુવાન; ભર જોસમાં આવેલી.
વાટિકા(સં.)વાડી.
કાળજી=ધ્યાન; મન.
ખાખ=બળેલી રાખ.
હાણુ=નુકસાન; બગાડ
આપદા(સં.)ફિકર; ચિંતા; સોચના.

(કવિતાની સમજુતી). (૫).

આ દુનિઆમાં આપણે જનમીને શું કરવું? સારાં કામ કરવામાં પોતાનું મન વાળવું, સારૂં કરીને વળી તેથી વધારે સારૂં કરવું, કે તે સૌથી સરસ થાય. ઇશ્વરનો ઉપકાર ખરા

દિલથી માનીને આવરદા રૂપી જે અમૃત તેનો કટોરો પી જા, (એટલે જીંદગીનું સાર્થક થાય તેમ કર). સંસારમાં જે ચોજો ઇશ્વરે પેદા કીધાંછે તેને બરાબર રીતે વાપર, કેમકે પછી કંઈ પણ બોલ્યા વગર મુગા મરી જવું પડશે. ચો તરફ જે સારા કામમાં ફુલો દેખાયછે તે તોડી લેઓ (મતલબ કે સારાં સારાં કામ કરો), કે તેથી જેમ જેમ આગળ જઇએ તેમ તેમ પોતાની સારી સુગંધનો બહુ ફેલાવો થાય (કીર્તિ વધે). બીજા પારકાને વાસ્તે જે સારાં કામો કીધાં હશે તે સો ગુણ ગણો ફાયદો કરશે, અને તે ફાયદો રૂપ અને ગુણમાં સંપૂર્ણ કેહેવાશે. (૧).

હે ઇશ્વર ! તેં જે જે ધારા બાંધેલાછે, તેની કંઇ પણ હદ માલમ પડતી નથી; તે બધા ડાહાપણ ભરેલા ઘણા કામના અને જગતને નીભાવનારા છે. તારી આગ્ના સાચી, ચોખ્ખી, ને વળી બરાબર ન્યાય ભરેલી છે; તે જો હું ખરા દિલથી પાળું તો પછી કોઇ દાહડો મને કશી તંગી પડે નહીં. હું ઘણી વાર માયામાં ગુંચવાઉંચ, પણ તારી દયાથી હું તેમાંથી મોકળો થાઉં છઊં. તેં મરવાનો જે દંડ મૂકેલો છે તે બહુ સારો છે, કે જે બીકથી (મરવાના ડરથી) મેં એક શીખામણ લીધીછે કે મોત કોઇ દાહાડો આપણને ઝડપસે એ નક્કી, તે બીકથી હું કેમ બચીશ ! જો હું હંમેશા નીતિથી ચાલી ઇશ્વરનું ભજન કરીશ તો એ બીક મને ઘણી નડશે નહીં; માણસ મરીને બે રસ્તે જાયછે, કયાં તો નર્કમાં કે કયાં તો સ્વર્ગમાં (સારાં કામ કીધા હોય તો સ્વર્ગમાં, નઠારાં કામ કીધા હોય તો નર્કમાં). માટે ઇશ્વર હું તારી પાસે માગું છઊં કે તું મને સાચો જે રસ્તો તે બતાવ, તે એવો કે આ જીવ તારી કીર્ત્તિના ગુણ તેનું સ્મરણ કરે, તો તેથી હે જગતના ધણી તું મારો

ઓદ્ધાર કરે.(૨).

મસાણ એવે ઠેકાણે હોયછે કે જ્યાં નદી કે દરીઆનો કીનારો કે ખુલ્લું મેદાન હોય ત્યાં, અને તેની ઉપર ફક્ત આ-કાશ હોયછે, અને દસ દિશાએ ત્યાં આપણે નજર કરીએ તો બોયામણું લાગેછે, ને ત્યાં ઉદાસી તથા બીક રહેલી છે. એવા ઠેકાણાંને કોઇ મસાણ (હિંદુમાં), કોઇ દખમું (પારસીમાં), ને કોઇ કબરસ્તાન (મુસલમાનમાં) કરીને કેહેછે, તે જોતાં વારને ઘણા દલગીર થઇએ છીએ, ને ત્યાં આપણું સઘળું જોર ન-રમ પડી જાયછે. હે લોક જ્યારે હું આ ઘોરની ફિકરથી મ-નમાં વીચાર કરૂં છઉં, ત્યારે ઘણા ગુણ વીચારતાં અંતે હું હારી જઇ દલગીર થાઉં છઉં. જ્યારે મસાણમાં મુડદું બળેછે ત્યારે ત્યાં રાતા પીળા રંગના ભડકા દેખાયછે; ને ધુમાડો સિં-દુર જેવો (રાતો) તે આકાશ ભણી જાયછે. ત્યાં ચોતરફ નજર કરતાં આકાશ શિવાય બીજુ કંઇ દેખાતું નથી, તેથી મને એક સારી શીખામણ મળેછે કે હે મન તું હવે સારાં કામ કર. વળી મને એમ થાયછે કે મોટા મોટા મરી ગયા ને આપણ પણ આજ કાલ એમ ચાલ્યા જઇશું, કેમકે મોત પવનની ઉ-પર બેસીને સ્વારી કરેછે, અને તે બધે ભટકતા મનમાં સક-લાયછે કે (હમણાં પકડું ચ). માટે એક ઘડી પણ જીવવાનો ભરોસો નથી, જરાકમાં મોત આવીને ઝડપી જાયછે; એ પ્ર-માણે મોત રૂપી જે બળતા તે ઘણી રીતે મનમાં બાળેછે. ગુ-લાલાના ફુલના જેવા છોકરાઓ તે પોતાના ગાલની લાલાસ છોડી દે છે, અને ખીલેલી સારી વાડી તે જરાક વારમાં જં-ગલ જેવી થઇ જાયછે (મતલબ કે દેહ હમણાં છે ને નથી). માટે હે માણસ તું મનમાં કંઇ સમજ ને મોતની બીક રાખ; તેમજ

મોત વિષે ઘણી કાળજી રાખ, કેમકે કોઇ દાહાડો બળીને છેક ખાખ થઈ જશે. આમ કોઈ દાહાડો નકો થશેજ, અને મરવું એ વાત નકી જાણવી; માટે હું પાપ કરવું મૂકી દઇને પુન્યજ કરૂં, નહીંતો કોઈ વખત ભારે નુકસાન થાય. શરીર મરેછે પણ જીવ મરતો નથી તે જાણીને હું હોંશીઆર રહું, કેમકે પુન્ય કીધાથી કશી વાતની ફીકર નથી, પણ જે પાપી હશે તેને બીકછે.(૩).

પાઠ ૨૧ મો.

જગત(સં.)દુનિઆ;પૃથ્વી.

જમાનો(આ)કાળ;વખત;જુગ.

પ્રાચીન(સં.)જુનો.

વ્યવહાર(સં.)આપ લેનો સંબંધ.

ઇસવીસન(આ.)ઇસુ ખ્રીસ્તનું વર્ષ.

મુદ્દત(આ)ઠેરવેલો વખત;અવધ.

અત્યંત(સં.)ઘણોજ.

હકીકત(આ.)એહેવાલ; બીના.

પાઠ ૨૨ મો.

ભૂમધ્ય(સં.)જમીનની વચમાંનો(ભૂ-મધ્ય).

મનુષ્ય(સં.)માણસ.

પૌત્ર (સં.) છોકરાનો છોકરો.

ગાદી=તખ્ત;આસન.

શોભા(સં.)દેખાવ;રચના.

પાદશાહ(ફા)બાદશાહ

ચડાઇ=હુમલો;સ્વારી

નપાક=નઠારો.

સૂબો(આ)પરદેશમાં—રાજનું કામ ચલાવવાને પાદશાહા તરફથી મોકલેલો માણસ.

પાઠ ૨૩ મો.

સ્વતંત્રપણે(સ)આપ અખ્તિઆરીથી.

મદદ(આ)કુમક;સહાય

શૂર વીર(સં.)બાહાદુર નર; શૂરો.

જ્યૂ(અં)યાહુદી લોકો

દેવલ=દેહેરૂં;દેવસ્થાન

લેખ(સં.)દસ્તાવેજ.

સમાપ્તિ(સં.)આખર; છેડો; પુરૂં થવું.

પાઠ ૨૪ મો.

દુકાળ(સ)અનાજ પાણી ન મળે એવો વખત;મોંઘવારી.

પેગંબર(ફા)મુસલમાનનો ધર્મ ચલાવનારો

બળવાન(સં.)જોરાવર

ફૂટ=તુટ; ભંગાણ;વેર.

કુળ(સં.)ગોત્રજ; ઓલાદ. [નો.

પરદેશી(સ)પારકા દેશ

પાઠ ૨૫ મો.

સ્થાપનાર(સં)રચનાર;માંડનાર.
રબારી=બકરાં ચરાવનાર.
આબાદ(ફા.)ફળદ્રૂપ, વસ્તી ખેતી વગેરેમાં ચઢિઆતો.
મિનારા(આ)ગોળ ઉંચી પોલી ઝોનો બાંધેલા ઇમારત.
ઉચ્છેદ=નબોદ;સત્યાનાસ; નસંતાન.
બંડ(ફા)હુલ્લડ;ફીતુર

પાઠ ૨૬ મો.

ભવિષ્ય(સં)આગમચથી બનવાની વાત-આવતો વખત.
દોહિત્ર (સં.) દીકરીનો દીકરો.
સરકર્યું=તાબે કરવું;જીતી લીધું.
ઇતિહાસ(સં)પૂર્વે થઇ ગયલા વર્ત્તમાનો, વાર્ત્તા ઈત્યાદી.
મત(સં)વિચાર;બુદ્ધિ
સરદાર(ફા)સગદાર;ઉપરી.
દરજજો(ફા.)પદવી.

પાઠ ૨૭ મો.

અખાત(સં)સમુદ્રનો ફાંટો જમીન ઉપર ઘણો લાંબો ગયેલો હોય તે.
કાહાણીઓ=કેહેણી; કેહેવતો.
ધનવાન(સં)પૈસાદાર; શ્રીમંત; તાલેવંત.
હુમલો(આ)ધસારો
મેળી=મેળવી.

પાઠ ૨૮ મો.

વેહેવાર(સં)આપલેનો કે બાધા બાધનો સંબંધ;વળગણ.
હકુમત(આ.) હાકમી; ઓદ્દો; અમલ.
વર્ણન(સં.)બયાન;વિસ્તાર.
ઉથલપાથલ=ફેરફાર.
સામુદ્રધુની(સં)જે સાંકડો પાણીનો ભાગ પાણીના બે મોટા ભાગને સાંધેછે તે.
સ્તંભ(સં.)થાંભલો.

પાઠ ૨૯ મો.

દ્વીપકલ્પ(સં)જેની ત્રણ બાજુએ પાણી અને એક બાજુએ જમીન હોય તે.
બીકટ(સં.)અઘરા;ભયંકર;બીહામણું.
સ્વતંત્ર(સં.)આપ અખ્તિઆર.
આતુર(સં.)હોંસીલા.
કળાકૌશલ્ય(સં)હરેક તરેહનો હુન્નર.
સભા(સં.)કચેરી;મંડળી.
ધર્મક્રિયા(સં)ધર્મનીવીધો.
શુદ્ધ(સં.)ખરા;મળ.
માજીસ્ત્રેટ(અં.)ફોજદારી કામના ગુનાહાનો તપાસ રાખનાર

પાઠ ૩૦ મો.

દુર્બળ(સં.)નબળું;ગરીબ.

ભળયા=મળી ગયા.
જથા=ટોળા.
મુસાફરી(આ.)રઝળુ; અટણ; એક મૂલકથી બીજે મૂલક જવું.
પ્રદક્ષિણા(સં)આસપાસ ગોળ ફરવું તે.
ઉગમણા=પૂર્વ તરફના.
ધણી=માલીક; શેઠ.

પાઠ ૩૧ મો.

અવગુણ(સં)સારાના બદલામાં નરસું કરવું તે; ગેરફાયદો.
નમાવે=વાંકા વાળે.
દંડવત(સં.)લાકડીની પેઠે લાંબા થઇ વાંકા વળવું–નમવું.
કોડે=હોંસે.
મોહેરો(ફા)પંદર રૂપીઆનો ઉંચા સોનાનો જુનો સીક્કો.
ઉંસ=મોટો માણસ.
સદગુરૂ(સં.)સાચાગુરૂ; સાચા સ્વામી.
સેવા(સં.)ચાકરી.

કારજ(સં.)કામ.
જર(ફા.)પૈસો.
પૂજન(સં.)પુજા; સેવા
પરિબ્રહમ(સં.)ઇશ્વર.
સુબુદ્ધિ(સં.)સારી અકલ(સુ–બુદ્ધિ).
સફળ(સં.)સાર્થક; ફળવાળો.(સ–ફળ).
ભવ(સં.)જીંદગી.
ઝૂમ(આ):ઝનૂસ; સાંકડા જીવનો; મખ્ખીચુસ; બખીલ.
પાખી=શિવાય.
છિદ્ર(સં.)એબ; કલંક.
કલંક(સં.)દુષણ, એબ
નાદાની(ફા.)છોકરવાદપણું.
રાચે=ખુશ થાય.
પંડ=કાયા; શરીર.
કસર(આ.)પૈસાનો બચાવ.
તસ્કર(સં.)ચોર.
હાકેમ(આ.)સરકાર.
દાતાર(સં.)સખી; દોલો; પુન્યવાન.

જોગી(સં)સાધુવૈરાગી
ભોગિ(સં)સંસારી; ભોગવનારો.
ગુણકા(સં.) વેશીઆ.
અસુર(સં)દૈત્ય; દાનવ
સુર(સં.)દેવ.
જતી(સં.)શ્રાવક લોકોનો ગોર.
પાખંડ(સં.)ઢોંગ.
સુધર્મ(સં.)સારો ધર્મ
અધર્મ(સં.)ખોટો ધર્મ; નઠારો માર્ગ.
રંજાડયા=દુઃખી કર્યા.
ભુવન(સં.)ઘર.
ભંજાડયાં=ભંગાવ્યાં.
અપજશ(સં)અપકીર્તિ; ગેર આબરૂ.
રામ(સં)ઇશ્વર; પ્રભુ.
શ્રાપ(સં.)બદદુઆ; કુઆશિષ.
વંધા(સં)નમસ્કાર કર્યા; નમાસ્યતાથી; નમ્યા.
શીળ= બ્રહ્મચાર્ય વ્રત, સતીપણું.
તત્વ(સં.)સાર; સારાંશ

કવિતાની સમજુતી. (૬).

જે આપણે પાણી આપે ને પાય તેને આપણે ખાવાનુ આપવું, અને જે કોઈ આપણે માથું નમાવે તો તેને હેતે કરી લાકડીની પેઠે લાંબા થઈને પગે લાગવું. વળી આપણે માટે જે કોઈ એક પૈસો ખરચે, તો આપણે તેને માટે મોહોર ખરચવી; અને આપણો જે કોઈ જીવ બચાવે તો તેના દુઃખમાં આપણે ભાગ લેવો. ગુણને બદલે દસ ગણો ગુણ તો મન, વચન, અને કાયાથી કરવો એ વાત તો છેજ; પણ અવગુણ કરનારને જે ગુણ કરે તેજ માણસને આ જગતમાં જીત્યો સમજવો (તેણેજ પોતાનું જીવતર સફળ કીધું એમ જાણવું). (૧).

જે ઘણો ઊંચ (સદગુણી) હોય તેનીજ સોબત કર, અને સાચા ગુરની સેવા કરો (એટલે સાચો ગુરૂ હોય તેનેજ ગુરૂ કરો). આબરૂ મેળવવાનોજ લોભ કર, અને કામ એવાં કરો કે જેમાં પૈસાની પેદાશ થાય. વળી પારકાનું સારૂ થાય એવાં કામ કર, ને પરમેશ્વરની પુજા કરો. વિદ્યાનો ઘણો અભ્યાસ કર, અને પોતાના કુળ ધર્મનું ધ્યાન ધર (એટલે તે ધર્મ યાદ રાખવો). વળી પાપથી ડરીને ઘણો ધંધો રોજગાર કર, સારા માણસોની સાથે રહીને સારી બુદ્ધિ વાળો થા, અને સામળભટ કવિ કોહે છે કે એક પરમેશ્વરનુંજ ધ્યાન ધરીને તારો અવતાર સફળ કર (એટલે મનશા દેહનો અવતાર પામ્યો તો તારૂં કલ્યાણ કર). (૨).

જે કંજુસ હોય તેના ધનને દાટો (કેમકે કંઈ પરમારથ કામ કરવાને પૈસો ખરચતાં તેનો જીવ ચાલે નહીં), જે કોઇને કશું આપતો નથી તેના મોંને ડાટો (એટલે તેને પાસેથી આઘો ખસેડો), વળી જે મખ્ખીચુસ હોય તેના કામને ડાટો, અને સ્ત્રી વગરના સુખને પણ ડાટો. પોતાના ઘરની કંઈ એબ હોય તે

ને ડાટો (ઢાંકો), અને જે વાત છાની હોય તેને પણ ડાટો (ઢાંકો). વળી કંઇ પોતા ઉપર ખોટો લાગ્યો હોય તેને ડાટો, અને માણસની નાદાનીને પણ ડાટો, વળી ગરીબના ડાહાપણને ડાટો, અને જે ભીખ માંગીને ભોગ ભોગવતો હોય તેના ભોગને પણ ડાટો, સામળ કેહેછે કે શરીરના દુઃખને ડાટો, અને જોર જુલમથી ત્યાગીપણું પળાવવું તેના ત્યાગને પણ ડાટો. (૩).

જે કંજુસ ચીકણો હોય તે પેટ ભરીને અંન ખાય નહીં, શરીરે બરાબર લુગડાં પેહેરે નહીં, કોઇને કંઇ બીજ ધર્મ દાખલ આપે નહીં, અને તે નાના પ્રકારની ગમતો કરી મગન રેહે નહીં. વળી જે કંજુસ ચીકણો હોય તે કશી મોજ શોખ કરે નહીં, અને રાત દાહાડો તે સુખે ઊંઘે નહીં, તે પોતાના શરીરનું બરાબર પોષણ કરે નહીં (શરીરનું જતન કરે નહીં), અને કાંઈ પણ તે જોવાનો નહીં. વળી તે કંજુસ ચીકણો કરકસર પણ ઘણીજ કરે, એમ જાણીને જે મારૂં ધન વધી જશે; પણ સામળ ભટ કેહે છે કે તે દ્રવ્ય ચોર ચોરી જશે, આગમાં બળી જશે, કે કોઈ હાકેમ લુટી લેશે (તો કોઈ દિવસ હાથ ઘસીને રેહેશે). (૪).

હંમેશાં કંજુસ અને સખીને વેર હોય છે, બીકણને ને શૂરાને વેર હોય છે; તેમજ સાધુને ને સંસારીને વેર હોયછે, અને જે સઘળી વાતે ખાલી હોયછે તેને જે સઘળી વાતે સંપૂર્ણ હોયછે તેની સાથે વેર હોયછે. સાચા સાથે જુઠાને વેર હોયછે, વેશ્યા સાથે પતિવ્રતાને વેર હોયછે, તેમજ દૈત્ય અને દેવને વેર હોયછે, તથા વેરાગી અને ગોરજીને વેર હોયછે. વળી ઢોંગી અને ધર્મિષ્ટ ને વેર હોયછે, ને મૂરખને ને વિદ્વાનને વેર હોયછે; વળી સારા ધર્મને ને અધર્મને પણ વેર હોયછે, એ રીતે સામળ ભટ કેહે છે કે સ્વભાવિક વેર હું કહું છઉં. (૫).

જેણે ગરીબને દૂખી કર્યા તેને મોંડે ધુળ પડી, ને જેણે ઘર ભંગાવ્યા (કોઇના મકાનો તોડાવ્યા અથવા કોઇના ઘરમાં લ-ડાઇઓ કરાવી) તેને મોંડે ધુળપડી; લોકોમાં જેણે અપ કીર્તિ મેળવી તેને મોંડે ધુળ પડી, અને જેણે વેહેતી પાણીની મોરી-એ પગ દીધો (ધર્મનાં કામો બંધ કીધાં કે કરાવ્યાં, અથવા કો-ઈનુ સારૂં થાય તેમાં અટકાવ કીધો) તેને મોંડે ધુળ પડી. વળી જેણે જમીનમાં પૈસા દાટી મૂકયા તેને મોંડે ધુળપડી, ને સામળભટ કેહે છે કે જે પ્રભુનું નામ લે નહીં તેને મોંડે પણ ધુળ પડી. (૬).

જેણે કંઇ પણ પાપ કીધું નહીં, જેણે કોઈની બદબોઈ કરી નહીં, જેણે કોઈની બદ દુઆ લીધી નહીં, જેણે સૌને ન-મસ્કાર કીધા (બધા સાથે નરમાશ રાખી) તેજ કમાયો. તેમજ જેણે ધર્મ બરાબર પાળ્યો, જે જુઠું બોલવાને કોઇને કેહે નહીં, જેણે બ્રહમ ચાર્ય વ્રત પાળ્યું (વ્યભિચાર ન કીધો), અને સા-ર વસ્તુનોજ શોધ કીધો તે કમાયો. વળી જેણે પોતાને હાથે પૈસા ખરચ્યા, જેણે કોઇને પણ ખવાડયું; તેને વાસ્તે સામળભટ કેહે છે કે ખરો તો તેજ આ દુનિઆમાં કમાયો, કે જેના હાથથી બીજાઓનું સારૂં થયું. (૭).

પાઠ ૩૨ મો.

આસનાવાસના=સેવા ચાકરી.
આરો=ઓવારો; કાંઠો
ઉતારો= ઉતરવાનો-મુકામ.
સંધ્યાકાળે=સાંજે; દીવા વખતે.
હિંમત (ફા.) ગાત્ર; હીમ્મત
ખબરઅંતર= સમા-ચાર.
નિર્ભય (સં.) બીકવગર
દિલગીરી (ફા.) અફસોસ
લોથ=મુડદું; લાસ. [વી
જીજ (આ) હલકી; નજી
બંડી=બદન.

પાઠ ૩૩ મો.

કટાર (હિં) એક જાતનું

લોહાનું હથિઆર કમરે ખોસવાનું.
સરવસ્વ(સં.)સઘળું.
પગરખા=જોડા.
હોકાયંત્ર(સં.)વાહાણમાં દિશા જોવાનો હોકો.
સમ=કસમ;સપત.
નવસ્ત્રો(સં)નાગો;કપડાં વગરનો.
અંતઃકરણ(સં.)દિલ;હૈડું; હૃદય.
પ્રબળ(સં.)જોરાવર
નોંધ=યાદી.
ભયભીત (સં.) ભયમાં પડેલો;બીધેલો.
અઘોર(સં)બીવામણું.
લીલ(સં)લીલી ફૂગ;શેવાળ. [સ્ત્રી.
આગ્રહી=હઠીલો;ધ-
દિલાસો(ફા.) ધીરજ; હીમ્મત.
આશ્ચર્ય (સં.) નવાઈ, અચંબો.
સંપૂર્ણ(સં)બધી, પૂરી.

દરકાર(ફા.)પરવા;જરૂર;અગત્ય.
બરઆવી=પાર પડી.

પાઠ ૩૪ મો.

જન્મભોમ(સં.)જન્મની ભોમી.
શ્વાસ(સં.)દમ;સાસ.
સ્વચ્છ(સં.)સાફ, ચોખ્ખો.
કષ્ટ(સં.)દુઃખ; સંકટ.
અવયવ(સં.)શરીરના ભાગો.
સલામત(આ.)ક્ષેમકુશળ;સારીપેઠે.
બુદ્ધિમાન(સં.)અક્કલવંત ડાહો.
અંધાપો(સં.) આંખે દેખાય નહીં તે.
કૌવત(આ.)જોર;બળ.
પરોપકારી(સં.)પારકાનું સારું કરનારા
કરામત(આ.)હીકમત.

પાઠ ૩૫ મો.

કરપલ્લવી(સં.)ઈશારત વિદ્યા.
માહિતગાર=વાકેફ,ભણિઓ;જાણીતો.
પેન્સિલ(અં.)કલમ,સુખડ પેન.
વિભાગ (સં.) વધારે ભાગ; ભાગમાંથી ભાગ કરેલા તે.
ઈશારતવિદ્યા(આ.સં) નિશાનીથી પારખવાની વિદ્યા.
ગામઠી=ખાનગી નિશાળવાળો.
કમનસીબ= અભાગ્યવાન; નસીબનો ફુટેલો.
દુર્દશા(સં.)ખરાબ હાલત;ભુંડા હાલ.
કલ્પિત(સં.)કલ્પનાથી ચાલેલા, ખોટી.
આશ્રય(સં)કુમક,મદદ.
અજ્ઞાની(સં.)વગરકેળવાયલી;બેસમજ.

પાઠ ૩૬ મો.

યુનાઇટેડ સ્ટેટ્સ (અં) ઉત્તર અમેરિકામ

એક દેશછે, (મળી ગયલા રાજ્યો).
રૂપાળી(સ) ખુબસુરત
અંધકાર(સં.)છેક અંધારૂં.
સુનકાર=ચુપાચુપ, કોઈ જરા બોલે ચાલે નહીં તે.
વદન(સં.)મોં.
ખબરદાર(આ:ફા.)હોશીઆર;સાવધ.
હોંશ(ફા.)ઊમંગ,ઇચ્છા

પાઠ ૩૭ મો.

સ્મરણશકિત(સં.)યાદદાસ્ત.
સુરખી(ફા.)સુદ્ધિ;તેજી
આતુરતા(સં.)હોંસ,ઇચ્છા.
ચિંતાતુર(સં.)ફિકરવાળો; ફીકરમાં પડેલું.
સુર(સં.)આવાજ,સાદ
વેઢા=કાપા.
શિક્ષક(સં)શિખવનાર; શીખામણ આપનાર

પાઠ ૩૮ મો.

સવાલ(આ)પ્રશ્ન.
હૈયું=હૃદય;મન.
ઓલામણા=ઓવારણાં; પ્યાર બતાવવો.
મમતા(સં.)પ્યાર;હેત.
બરચી=બોકી.
માડી=મા;માજી.
વખૂટા=જુદા;વેગળા.
દુ:ખકારક(સં.) દુ:ખ ઉપજે એવો.
પ્યાર(ફા.)હેત; ચાહ.
ગ્રહસ્થ(સં.)મોટા કુળનું આબરૂદાર માણસ.
મેળાપ=મુલાકાત.
કુશળ(સં.)માહિતગાર

પાઠ ૩૯ મો.

નાસ્તિક(સં.)પરમેશ્વરને નહીં માનનારો; (ન-આસ્તિક).
આસ્તિક(સં.)ભાવવાળો;પરમેશ્વરછે એવું માનનાર.
નિરૂપયોગિ(સં)વગર ખપનું (નિઃ-ઉપયોગી).
કથન(સં.)કેહેણી;કેહેતી.
ગંડક=ગાંડો.
પુત્ર સમ(સં.)છોકરા બરાબર.
દીનદયાળ(સં)ગરીબપર દયા લાવનાર.
ત્રાસ(સં.)બીક;ડર.
મલિન(સં.)મેલું; કુબડ.
સેજ (હિં.) પથારી; બિછાનું.
પટ=લૂગડાં.
પંડ=શરીર; આત્મા.
વ્યાળ(સં.)સાપ.
અવર(સં.) બીજું; બાકીનું.
સદ્ય(સં.)તુરત.

(કવિતાનો સમજુતી). (૭).

પરમેશ્વર છે એમ જે માનતો નથી તેની આગળ પરમેશ્

શ્વર છે એમ માનનારો એક માણસ બોલે છે કે જગતના બનાવનાર ઈશ્વરે આ દુનિઆમાં જેજે બનાવ્યું છે તે બહુ વીચારની સાથે બનાવ્યું છે. ઇશ્વરે બનાવેલું તેમાંનુ કાંઈએ નકામુ નથી, તે સઘળું માણુસ જાતના સુખને સારૂ કીધું છે. ત્યારે તે સાંભળી પેલો નાસ્તિક મૂર્ખ જેવો પતરાજીથી બોલેછે કે ત્યારે બોલો જૂ, માકડ, મચ્છર, જૂવા, સિંહે, વાઘ, વરૂ, ને સાપ એને ઇશ્વરે પેદા કીધા છે તો તે શું કામમાં આવેછે તે બતાવો. એ પ્રાણીઓ માણુસના શરીરને કરડીને ઘણાનો જીવ લેછે, માટે જો પ્રભુના દિલમાં દયા હોય તો એ પ્રાણીઓને પેદા કરતેજ નહીં. ત્યારે એ સાંભળી આસ્તિક બોલ્યો કે ભાઇ તું એવું બોતાનું ના મૂક, પરમેશ્વર આ પ્રજાને પોતાના છોકરાની બરાબર પાળેછે, એવો તે ગરીબ પર હંમેશા દયાનો લાવનારો છે. હમેશા માણુસ ચોખ્ખાં રેહે, ને સંપથી વસે, એવી મતલબથી તેઓનો માથે ભય મૂકેલો છે. માણુસ જો ગંદા અથવા મેલા રેહે, પોતાના બીછાનાં ચોખ્ખાં રાખે નહીં, તો તેને જૂ, માંકડ અને એવાંજ જીવડા દુઃખ દે. પોતાના શરીર પર લૂગડાં પેહેરે નહીં, અને તે વગર ગંદી જગ્યામાં જાય, તો તેને મચ્છર અને જૂવા કરડી ખાય. એવી રીતે પોતનું ઘર અને બારણું જો સાફ ન રાખીએ તો સાપ, કાનખજુરા, અને વીંછીઓ ફરતા ફરતા આવીને (કચરાના ઢગલામાં) ભરાય. વળી માણુસ સઘળા સાથે લડી વડીને જંગલમાં જઇને એકલો ન વસે માટે વાઘ અને વરૂનો ડર મૂકેલો-છે. જો કે આપણું આળસ મૂકાવનાર પ્રભુએ કેવો કાયદો કીધો છે! કે નાની ભૂલ પડે તો ચોંટી દે છે શરીર અને ઘર વગેરે સાફ નહીં રાખીએ તો જૂ, માકડ, મચ્છર, ચાંચડ, વગેરે

કરડે, પણ મોટી ભૂલ કરે (સરવેની સાથે લડીને જે જંગલમાં જઈને વસે) તો તેને મોતની શીક્ષા કરે, (વાઘ વરૂ વગેરે મારી ખાય). પોતે ચોખ્ખા રેહે અને બીજાને ચોખ્ખા રાખે નહીં તો પવિત્ર માણસનો એ મોટો ગુન્હો પ્રભુ કદી માફ કરશે નહીં, (મતલબ કે પાડોશી સાફ રેહેતો ન હોય તો તેથી પણ નુકસાનછે). માટે જગત કર્ત્તા એ દયા કરી વિચારીનેજ કામ કીધું છે, તે દલપતરામ કેહે છે કે સમજુ માણસ હોય તે બધા સમજેછે.

પાઠ ૪૦ મો.

સ્તુતી(સં.)સ્મરણ;પ્રાર્થના.
કરૂણાળુ(સં.)દયાળુ.
મજરો(હિં.)હિસાબ; સલામ.
સદભાગી(સં.)સારાભાગ્યવાન.
તનવંત(સં.)શરીરવાળા
પ્રભુતા(સં.)શકિત;જોર;બળ.
વણસે= બગડશે; નાશ પામશે.
વણશેવના=વગર ભક્તિ; વગર સેવા.
ધારણા(સં.) વિચાર; ધોરજ.
નિર્માળ(સં.)ચોખ્ખી
જગપાળુ(સં.)જગતને પાળનારો.
રંજન(સં.)ખુશ.
વાનર(સં.)વાંદરો.
અલ્પબુદ્ધિ(સં.)થોડી અક્કલ;થોડીસમજ

(કવિતાની સમજુતી). (૮).

દુનિઆની રચનાના કરનાર હે દયાળુ પ્રભુ, તું હમારી પર દયા કર; તું તારી પ્રભુતા (ઐશ્વર્ય) વડે મારી અરજને દિલમાં લઈ મારા રોગને મટાડ. મને સુખીઆરો કરવા સારૂ તારા હાથ વાપર, જેથી હું સુખીઓ થઇ તારૂં સુખે ભજન કરૂં; તારી સેવા ન કરવાથી નુકસાન થશે, એવી મનુષ્ય માત્રની ધારણા છે. આ દુનિઆમાં જે માણસો જન્મેછે તેની હે પ્રભુ, તેં બાબ નાશ કીધેલી જણાયછે; તેઓને તેં તારા દીકરા અને દીકરી મુજબ ગણીને તેઓના દુઃખની વખતે દુઃ-

ખ ટાળ્યાં છે. જે ખાડીમાં જેજે ખડ્યા છે તેના પર હે ઉપકારી તેં ઉપકાર કીધા છે; તારા ગુણ ગાવાથી હે ગુણવાન મારી જરાએ જરા આપદા ટળી ગઇ છે. વળી દર રોજના મારી અંતઃકરણની દાઝ (દીલગીરી) ઘણી હતી તે મટી ગઈ અને મારી મેલી બુદ્ધિ મટીને સારી બુદ્ધિ થઇ; તારા ગુણની કવિતા જો કોઈ કવિ બનાવવા ચાહાશે તો તેના મોટા ડુંગરો થશે. હમારા નખમાં પણ હમને કાંઈ ન ખમાય, તે તાપ કેટલાક પ્રાણીઓ જીવતાં ખમેછે; આ દુનિઆમાં ઠગવાને સારૂ ઠગારા સઘળાઓ ઉપાયો કરેછે, પરંતુ હે જગતના પાળનાર, તેઓના પાપનો તું નાશ કરેછે. રજનો પાર પામીએ એવું કહીએ, પણ તારા ગુણનો પાર પામવાને હમારૂં ડાહાપણ વધારે આગળ ચાલવાનું નથી; જણસો પેહેરીને સેંકડો લોકો ફરતા ફરે છે, પરંતુ જે સારા ભાગ્યવાળા હોય તેજ પોતે સારી બુદ્ધિ ધીએછે (સારી અકલ રૂપી ઘરેણાં પેહેરે છે). માણસોને ખુશી કરવા સારૂ તેં નાહાના પ્રકારના રંગો બનાવ્યા છે, તે હે સુખના કરનાર સર્વેને સુખ થવા સારૂજ તેં તે બનાવ્યાછે; માટે જે શરીરવાન (માણસો) તને નહીં નમશે (તારૂં ભજન નહીં કરશે), તે માણસ વાંદરાની બરોબર ગણાશે. તને છોડી દેવાને સારૂ જે કોઇ વાતો કરે તેને તારા માણસો (ભક્તો) પોતાનો ખૂની ગણશે; તારા ગુણની કોઈ ગણત્રી કરવા જાય તો તે મરતા સુધી પણ ગણી શકે નહીં. તારા ગુણ ગણતાં કદી પણ પાર આવે નહીં, માટે દલપતરામ કેહેછે કે હું શું થોડી બુદ્ધિથી બોલી શકું (એટલે તેની ગણત્રી કરી શકું).

પાઠ ૪૧ મો.

દીવા દાંડી = સમુદ્રમાં ખડક આગળ ઊંચે થાંભલા પર કે મનારા બાંધી તેમાં મોટો દીવો મૂકેછે તે.

સહી સલામત (આ.) ક્ષેમ કુશળ.

લંગર(ફા.)સમુદ્રમાં વાહાણને અટકાવવાનું હથિઆર; લોઢાની બિલાડી.

દીપમાળ(સં.)દીવાની હાર;હારબંધ દીવાની રોશની.

ખરાબો = દરિઆના પાણીમાં ઢંકાયલા મજબૂત પથરા.

બારાં=બંદર.

સ્થળે(સં.)જગોએ.

ઝરબો=રવેશ.

ત્રિકોણાકાર(સં)ત્રણ ખૂણાની આકૃતી વાળો (ત્રિ-કોણ-આકાર)

પાઠ ૪૨ મો.

પ્લિમાઉથ(અં.)ઇંગ્લંડમાં એક શેહેર છે.

એડિસ્ટન (અં.) એક જાતનો ખરાબો.

ઓટ=પાણીનું ઓસરવું-પાછું જવું.

કસબી(આ.)હુન્નરવાળો;કીસબવાળો.

વાવાઝોડું = પવનનું તોફાન.

સબડ્યું=મટી ગયું.

કારીગર(ફા.)કીસબી; હુન્નરનો જાણનાર.

તબક (આ.) થોક.

સહયતા(સં.)મદદ.

પાઠ ૪૩ મો.

ધરતી કંપ(સં.)જમીનનું હાલવું.

જ્વાળામુખો પર્વત(સં) જે પર્વતમાંથી ધુમાડા,બળતા,પીગળેલા પથરો ઘણા જોરથી નીકળે છે તે.

ઝોલો=છાબકો.

ઘોઘવાટો=અવાજ.

ધ્રુજો=હડસેલો;આંચકો.

મિનિટ(અં.)રા પળ; ૬૦ સેકંડ.

માહાભારત(સં)મોટો; ઘણો;જાડો.

વેહેળા=નાળાં.

ગરક=ડટાઇ જવું.

પાઠ ૪૪ મો.

લાવા=પીગળેલા પથ્થરનો રસ.

કડાકો=અવાજો.

ટાપુ=બેટ.

ઉપસી=ઊંચકાઈ.

મેળવણી=ભેગ.

પાઠ ૪૫ મો.

ભાગ્ય(સં.)નસીબ;દૈવ.

સાવધ(સં.)સાવચેત.

દુષ્ટ(સં.)પાપી;નઠારો.

કર્મ(સં.)કામ;નસીબ.

પ્રમાણિક(સં.) સાચા.

દુર્ગુણ(સં.)ખરાબ ગુણ; ખરાબ બત.

લક્ષણ(સં.)ગુણ; ટેવ; ચાલ ચલગત.

સાચવટ(સં.)સત્યવાદીપણું;સત્ય.
તિરસ્કાર(સં.)ધિક્કાર.
ઈશ્વરકૃપા(સં.)પરમેશ્વરની મેહેરબાની.
ભવ(સં.)જીંદગાની.
જાળ=બંધન;ફાંસો.
અંતકાળ = મરવાનો વખત.(અંત-કાળ)
અપ્રમાણિક(સં)ખોટું; ગેરવાજબી;જુઠો.

પાઠ ૪૬ મો.

ઇંગ્લિશ(અં)અંગ્રેજ; ઇંગલંડના રેહેવાસી.
લંડન(અં.)વિલાયત, (ઇંગલંડની રાજધાની ટેમ્સ નદીઉપર).
ભભકદાર=ભપકાવાળું
ખચ્ચર(ફા.)નાનું ઘોડું; ટટ્ટુ.
કરેલ=ખસી ન જાય એવા;મજબૂત.
મડમો (અં.) અંગ્રેજ લોકોની સ્ત્રી.

પાઠ ૪૭ મો.

જળમાર્ગ(સં.) પાણીનો રસ્તો.
ખુસકી(ફા.)પગરસ્તો
પડછાયો=ઓળો.
કેવળ(સં.)તદ્દન;બીલકુલ.
ફેંટો=પાઘડીનો નાનો ચીરેલો કકડો.
બુરખો=હોજત પડદો; મોં ઉપર નાંખવાનું જાળી વાળું કપડું.
જનાના(ફા.) બાયડીઓ; સ્ત્રીઓ.
સદા(સં)નિરંતર;રોજ

પાઠ ૪૮ મો.

શ્રમ=મેહેનત;કષ્ટ.
તળેટી=નીચલો ભાગ.
પડાળી=ઘરની આજુબાજુએ કરેલી નાની છાપરીઓ નાંખેલી તે
સીડી=નીસરણી.
કુંડા=કણસલા.
રંગિત=રંગેલા.
હોજ(અ.) પાણીનો કુંડ.
કમાનદાર(ફા.) કમાનવાળા;વાંકા.
ગજવેલ=ખરૂં લોઢું.

પાઠ ૪૯ મો.

અડબચડા=ખાડાખબચાવાળા.
અકડાઈ=સીકડાઈ.
જોખમ=નાશ થવાની ધાસતી.
વિકાળ(સં.)ભયંકાર.
અવધી(સં.)તોબા.
શેવાળ=લીલ.
પ્રત્યેક(સં.)દરએક.
ગોખી=મોઢે કરી;પાડે કરી;યાદ કરી.

પાઠ ૫૦ મો.

બ્રિટિશ(અં.)અંગ્રેજી.
સત્તા(સં.) અધિકાર; અખત્યાર.
વિશાળ(સં.)લાંબો પોહોળો; મોટો.
ઉતારૂઓ= વાહાણ કે ગાડીમાં બેસી પરદેશ જનારા લોકો.
ડાક=ટપાલ.

આલેકસાંદ્રિઆ(અં) શીકંદરીઆ બંદર.
રાહે=રસ્તે.

પાઠ ૫૧ મો.

મહુરત(સં.)શુભ કામનો દાહડો;શરૂઆત
જોશ(સં.)જોશીનું કામ; જોશીની વિદ્યા.
ત્રિયા(સં.)બાયડી;સ્ત્રી.
તૃષ્ણા(સં.)તંખલું.
મેરૂ(સં.)એક પર્વતનું નામ.
સુખપાલ(સં.)સુખની પાલખી; મેનો.
કાસદા(આ.)રટણ;અટણ,રખડતા ફરવું.
ક્રોડ(સં.)સો લાખ.
દાવાદળ(સં.)ઘણું જ.
સુબેદારી(આ. ફા.)સગદારી; હાકમી.
સાહેબી(આ.)હાકમી.
વ્યાઘ્ર(સં.)વાઘ.
સદાવ્રત(સં.)રોજ ધર્માદા મફત સીધું સામાન આપવાનું મોદીખાનું.
ગાઠા=પસાઇ ગયા.
જોબનવંતા(સં.)જુવાનીઆ.
કનક(સં.)સોનું;હેમ
કથીર=કલાઇ.
અકર્મી(સં)કમનસીબવાન;અભાગ્યો.
સુહાવે=શોભે.
દાસી(સં.)ચાકરડી.
ઉન્મત્તાઇ(સં.)તોફાન; ઢીંગા મસ્તી.
વકરાયો=ખીજવાયલો;ચીડવાયલો.

(કવિતાની સમજુતી). (૯).

જે બહુ લાડવાયો હોય તે પોતાનું માન મૂકીને કોઇ વખત ભીખ માગે છે, અને જેને બહુ માન હોયછે તે વખતે પોતાના કરતાં પણ નીચને પગે લાગે છે (તેને નમવું પડેછે),જેની પાસે બહુ પૈસો હોયછે તે કંગાળ થઇને દંડાયછે, (એટલે પૈસાદારનો ગરીબ થઇ જાય એ ઇશ્વરનો દંડ સમજવો); જે ઘણા મુહુરતો જોશી પાસે જોવડાવેછે તેની સ્ત્રી પણ વખતે રંડાયછે; જે માણસની પાસે પૈસો ઘણો હોયછે પણ વિદ્યા નથી તો તેને કંગાળ જાણવો,અને પ્રભુ એક તંખલાનો પર્વત કરી નાંખેછે,(રંકને વખતે રાજા બનાવેછે), તો મનમાં અહંકાર શામાટે આણવો જોઇએ. (૧).

જે મોટા પાલખીના બેસનાર હતા તેને પગે ચાલતા

જોયાછે, અને જે કરોડો રૂપીઆની પુંજીવાળા હતા તેને ભીખ માંગતાં જોયાછે; વળી જેને પાંચ પાંચ છોકરા હતા તેનો બાપ કોઇ દિવસ તે છોકરાઓથી સુખ પામ્યો નથી; તેમજ જેનો હુકમ આખા મુલકમાં લોકો માનતા તેઓને મોહા મોહા દુઃખ પડેલાં જોયાં છે; વળી જેને ઘેર સુખેહાગી ને સાહેબી હતી તે પણ કોડી કોડી ભીખ માગતાં જોયા છે; માટે સામળ ભટ કહેછે કે ડાહ્યા માણસો સમજી લેજો,કોઇના અહંકાર રહ્યા નથી (માટે અહંકાર કદી કરવો નહીં). (૨).

વાઘની સાથે લડનારને શરીરે રોગી જોયાછે, (જબરા ના નબળા થઇ ગયાછે); ને પૈસામાંહ્ય જેઓ ગરક થઇ ગયલા (જેની પાસે ઘણોજ પૈસો હતો), તેઓને જોગી થઇ ખાંધે જોળી ભેરવવી પડી (ભીખ માંગતા થયા). જે શૂરાના ઉપરી હતા તેને બીકણના પેઠે નાસતાં જોયા છે; ને જે ગરીબોને અંન આપતા તેઓના આબરૂ ગઇ ગરીબ થઇ ગયલા જોયાછે; તેમજ જે જુવાન મરદ અને સ્ત્રીઓ હતાં તેઓને ડોસા ડોસીઓ થઇ ગયલાં જોયાછે; તો સામળ ભટ કહેછે કે એ તો ફરતા ફરતી છાયડાછે (એટલે સુખ દુઃખ વારા ફરતી આવેછે), તો જોશી એમાં જોશ શું જોવાનો છે! (૩).

સોનું મટીને કલાઇ થતી નથી, અને કલાઇનું સોનું થતું નથી; પણ અભાગ્યો હોય તે મોટો ઉમરાવ થઇ પડે, અને મોટો ઉમરાવ હોય તે વખતે અભાગ્યો થઇ પડે. ચાકરડી હોય તે વખતે રાણી થાય, અને રાણી હોય તે વખતે ચાકરડી બને; તેમ જે સાચું બોલનારા હોય છે તે વખતે ખૂની થાયછે, અને જે ખૂની હોય છે તેના દિલમાં વખતે દયા આવેછે. એ મુજબ વારા ફરતી સુખ દુઃખ આબાજ કરે

છે, માટે અહંકાર નહીં કરવો જોઇએ; અને મનમાં સંતોષ રાખીને પ્રભુની આપણા પર પ્રીતિ મેળવવી. (૪).

ખીજવાયલો સાપ કોઇ દાહાડો વશ થશે નહીં; અને ખીજવાયલા વાઘને જો મારવા જઇશું તો તે મરાવાનો નથી. વળી સ્ત્રી જો બેહેકી ગઇ હોય તો તે પાછી ઠેકાણે આવશે નહીં, અને જે માણસ જુઠોજ થઇ ગયો હોય તે કોઇ દહાડો સાચો થનાર નથી. તેમજ રાજા જેના પર જે વખતે ગુસ્સે થયો હોય તો તે વખત તુરત તો તેનો ગુસ્સો મટે નહીં; માટે તે વખત તો તે કેહે તેમજ કરવું, પછી પ્રભુને જેમ ગમતું હશે તેમ થશે. (૫).

પાઠ ૫૨ મો.

જડીઆં=મૂળીઆં.
પાકટ=પાકું.
રસી=ઝરતો રસ.
હેવા=ટેવ.
ઝૂમ=ધુંવારી.
આકુળ વ્યાકુળ(સં.) આભરો; ગભરાયલો.
બંધાણી=જેને સેહે- પડી ગયલી તે.
પુષ્ટીકારક(સં)મજબૂતી આપે એવું.
ગરાસિઆ=વંશ પરંપરાથી કંઇ સરકારી જમીન મળેલી, કે તે બદલ કંઇ રોકડ મળતું હોય તે લેનારા લોકો; ગરાસના ધણી; એક જાતના રજપૂત.
ભાટ=એક જાતના કવિ
ચારણ=લડાઇ વખતે શૂર ચડાવનાર એક જાતના લોક.
પાટીદાર=પટેલ;કાણબી
પ્રયોજન(સં.)પગરણ; કારણ.
આગ્રહ(સં.)બળાત્કાર
કસુંબો=અફીણનું પાણી.
ખુવાર(ફા)પાએમાલ

પાઠ ૫૩ મો.

ફોજ(આ.)લશકર.
ગ્રીક(સં)ગ્રીસનાલોકો
આથીનિઅન(અં.) આથેન્સના લોકો.
વારેધાયા=મદદે આવ્યા

પાઠ ૫૪ મો.

ચંચળાઇ(સં.)હોંશીઆરી; ખબરદારી.
સંપીલા(સં.)એકમતના;હળી મળી ગયલા
સ્વતંત્રતા(સં.) આપ અખ્તિઆરી.
અવિચારી(સં.) વગર

'વિચારના; અજ્ઞાની.
અન્યાયી (સં.) ખોટે માર્ગે ચાલનારા.
મદદગારો (આ. ફા.) મદદના કરનારા.

પાઠ ૫૫ મો.

સમાવીને=મટાડીને.'
વેરો=કર.
ઉસકેરણી=ચડાવવું.
ઓલાદ(આ)વંશ;કુળ

પાઠ ૫૬ મો.

બહાલ(ફા.)મંજુર.
આચાર્ય(સં.)ગુરૂ.
નિમકહલાલી(ફા.)જે-નું અન્ન ખાવું તેને ઉપકાર કરવો તે; કૃતજ્ઞતા.
દબદબો(આ.) ભપકો.

પાઠ ૫૭ મો.

તહનામું(ફા.)તાસોલનામું; સલેહના કોલ-કરાર.
ખુદ(ફા.)પોતે; જાતે.
ફતેહ(આ.)જીત; યશ.
કાબુ(આ.)જેનો રોપ બેઠેલો એવા સત્તા-વાળા.
મતભેદ(સં.)જૂદો વિ-ચાર; ઉલટો મત.

પાઠ ૫૮ મો.

કાનસલ(અં) મસલત કરનારી એકથી વધારે માણસોની ટોળી.
કોશીશ(ફા.)મેહેનત.
હેરાનગતિ=વીપત; ખ-રાબ હાલત.
ખંડીઆ = ખંડણી આપનારા.
યુદ્ધ(સં.)મોટી લડાઈ
શામેલ(આ.) દાખલ.

પાઠ ૫૯ મો.

શુભ(સં.)સારૂં.
કિમ્મુ=વચન;વેણ.
રાવણ(સં)લંકાનોરાજા
સમો(સં.)વખત.
દુરજોધન(સં.)કૌરવ-નો મોટો ભાઇ.
કર્ણ(સં.)કાન;(કુંતાનો છોકરો).
મદોન્મત્ત(સં.)અહંકારમાં છાકેલો; મગરૂર (મદ—ઊન્મત્ત).
જોધ્ધા(સં.) જબરા.
રિપુ(સં.)દુશ્મન;શત્રૂ.
શિળિ=ઠંડી;ટાઢી.
પિછાન=જાણ; ઓળખાણ.
પ્રતિપાળ (સં)રક્ષણ કરનાર;ઇશ્વર.
તોલ(સં.)વિચાર.

(કવિતાની સમજુતી). (૧૦).

જે માણસ અહંકાર કરે તે ઘણું કરીને હજાર ગણો હલકો પડી જાયછે, એહું ખરૂં વેણ કહું છઉં તે બધા કાને સાંભળો, અને અહંકાર છોડી દઇને પ્રભુની ભક્તિ કરો.(૧). રાવણ મોહા અહંકારી હતો તેનો અહંકાર નરમ પડી ગયો,

અને વખત આવ્યો ત્યારે સઘળા તેના શત્રુ થઇ પડયા; તેવારે નક્કી તેનો જીવ ગયો, માટે અહંકાર છોડી દઇને પ્રભુની ભક્તિ કરો. (૨). વળી દુરજોધન ને કરણ જેવા રાજા, જેઓ માહા અહંકારી હતા, અને દર રોજ ગરીબોને સદાવ્રત આપતાં તેઓનું પણ અહંકારથી મોત થયું, માટે અહંકાર છોડીો (૩). જેઓ જગતમાં નામીચા બળવાન ગણાતા, અને તેઓ તક જોઇને દુશ્મન ઉપર ગુસ્સો કરતા, તેવા જોરાવર પણ તીર કામઠાં છોડી મરણ પામ્યા, માટે અહંકાર છોડીો (૪). જેઓના માથા પર છત્તરની ઠંડી છાયાં થતી, જેઓ કંઈ પણ કરતા બીતાં નહીં; તેઓ પણ મરણ પામ્યા અને માત્ર તેના સારા અથવા માઠાં ગુણ લોકોમાં બોલાતા રહ્યાછે, માટે અહંકાર છોડીો (૫). જે કોઇ સઘળા સારા ગુણ શીખે, અને મનમાં જરા પણ જો અભિમાન રાખે, તો દુધ અને શાકરમાં જેમ ઝેર ભળયું હોય તેમ થઇ જાયછે, માટે અહંકાર છોડીો (૬). જો તમો ખરા દિલથી આ જગતમાં આબરૂ મેળવવા ચાહાતા હો, તો કદી પણ તમે અહંકાર કરશો નહીં; અને જેમ જેમ તમો નરમાશ પકડતા જશો (સૌને નમીને ચાલશો) તેમ તેમ તમો ગુણવાન થતા જશો, માટે અહંકાર છોડી. (૭). અહંકાર જો તમારા મનમાંથી મટી જશે, તો તમે બધાને સારા લાગશો, ને પરમેશ્વરની સાથે તમને ખરૂં હેત થશે; પછી તમને તે પ્રભુનું ખરેખરૂં ગ્નાન થશે, માટે અહંકાર છોડીો (૮). આ સારા અને સંતોષ પમાડે એવા નવ છંદ સાંભળીને રાજા અને પ્રજા એ બંનો વીચાર અને વિવેકની સાથે તેનો દિલમાં તોલ કરો, એમ દલપતરામ કવિ કેહેછે. (૯).

પાઠ ૬૦ મો.

ધૈર્ય(સં.)ધીરજ.
હેબકો=ઢીલા થઇ જવું; ડરવું; થરથરવું.
વિશ્વ(સં.)જગત; પૃથ્વી
વધાઇ=ખુશ ખબર.
જાનકી(સં.)જનક રાજાની છોકરી, ને રામની સ્ત્રી તે (શીતા).
દ્રૌપદી(સં.)દ્રૌપદરાજાની છોકરી, ને પાંચ પાંડવની સ્ત્રી.
પતિ(સં.) ધણી; વર.
ભૂપ(સં.)રાજા.
હરીશ્ચંદ્ર(સં)અયોધ્યાનો રાજા.
તદાપિ=તો પણ.
શાંતિ(સં.)ધીરજ.
શ્રી(સં.)શોભાયમાન.
કૃપાનાથ(સં.)દયાના ધણી; કરૂણા સ્વામી.

(કવિતાની સમજુતી). (૬૬).

પરમેશ્વરને જે વખતે જે કાંઈ ગમે તે આપણે સહન કરવું, અને હમેશાં મનમાં ખુશી રહેવું; કદી પણ હેબક ખાઇને હિમ્મત છોડવી નહીં, અને ઘણું દુઃખ આવી પડે તોપણ તેવી વખતે સાચી પેઠે ધીરજ રાખવી. (૧). આ જગતના પરમેશ્વરે એવોજ ખેલ કીધેલો છે, કે જેમ વરસાદનાં દિવસમાં વાદળાંની ઘટા ઘડીકમાં થાયછે ને ઘડીકમાં વેરાઈ જાયછે તેવો(મતલબ કે ઘડીકમાં સુખ અને ઘડીકમાં દુઃખ આવીને ઉભું રહેછે); જે તરત બને તે તરત જતું રહેછે (હમણાં છે ને નથી), માટે ઘણું દુઃખ આવી પડે તો પણ હિમ્મત રાખવી. (૨). એક વખતે લગનની વધામણી આવેછે, અને એક વખતે મોહા ભોગ આવી મળે છે; હમેશાં કાંઈ વખત સારો તેમજ માઠો ચાલતો નથી, માટે ઘણું દુઃખ આવી પડે૦ (૩). કદાપી એક વખત સઘળી આબરૂ જતી હોય અગર તો ભાલાથી આપણા શરીરનો નાશ થતો હોય; તો તે વખતે પરમેશ્વરની એવીજ ઇચ્છા છે એમ સમજી લેવું (પરમેશ્વરે ધાર્યું હોય તે થાય), માટે ઘણું દુઃખ આવી પડે૦ (૪). જુઓ કે શીતાજી રામચંદ્રજી રાજાના રાણી હતાં, તેને રાવણ રડતી પોતાને ખભે બેસાડીને પકડી લઈ

ગયો; તોપણ તેણે (રામચંદ્રજીએ) ધીરજ રાખીને તેનો વખત પણ કાહાડયો, માટે ઘણું દુઃખ આવી૦ (૫). વળી પતિવ્રતા દ્રૌપદીને સભા વચ્ચે બોલાવીને, તેના ધણીના દેખતાં પાપી (દુર્યોધને) તેના શરીર પરના લુગડાં ખેંચાવ્યા, તોપણ તેણે પોતાનો વાહાલો જીવ કાહાડયો નહીં, માટે ઘણું દુઃખ આવી૦ (૬). જુઓ કે હરિશ્ચંદ્ર રાજા કેવું મોટું દુઃખ પામ્યો, કે તે દુઃખની વખતે મજુરી કરીને જીવ્યો; તે મોટા હાથીને હોદે બેસનારો હતો તો પણ—માટે ઘણું દુઃખ આવી પડે૦(૭). કદાચ કોઇ આપણો જીવ લેવાને તૈયાર થાય, અને તે વેળા જો આપણે આપણો પ્રાણ કાહાડીએ તો આપણને પાપ લાગે; માટે જ્યાં સુધી બને ત્યાં સુધી તો આપણે આપણો પ્રાણ બચાવવો, અને ઘણું દુઃખ આવી૦ (૮). કદાપી આપણા દોસ્તદાર પર ઘણું દુઃખ આવી પડે તો તે જોઇને ગાભરા થઈ આપણે રડવું નહીં; આપણાથી બને તેટલા ઉપાયો કરીને તેને તેના દુઃખમાંથી છોડવવો, અને ઘણું દુઃખ આવી૦ (૯). કદાચ કોઇ એક માણસ કુવામાં પડ્યો હોય, અને તે વખત તેનો ભાઇબંધ બેઠો બેઠો માથું કુટીને રડ્યા કરે, તો તેથી તે બીચારો શું બચવાનો? માટે ઘણું દુઃખ આવી૦ (૧૦). કદાપી જ્યાં કાંઇ પણ આપણી હીકમત ચાલે એવું ન હોય, તો પણ મનમાં ખુબ વિચાર કરવો પણ રડવું નહીં; અને એવે વખતે જે પ્રભુનું સ્મરણ કરે અને ધીરજ રાખે તેજ સારો, માટે ઘણું દુઃખ આવી૦ (૧૧). તમો હમારા સઘળા મિત્રો હેતથી સાંભળો, તમારી દલગીરી શ્રી પ્રભુ મટાડશે; હે દયાવંત ઈશ્વર તમે સર્વ જગો પર આરામ આપો, એવી આશિષ દલપતરામ દે છે. (૧૨).

પાઠ ૬૧ મો.

દોષ(સં.)ગુનો;ચૂક.
અપશબ્દો(સં)ખરાબ
શબ્દો; નઠારા બોલ.
કુવચન(સં.) નઠારૂં વે-
ણ; નઠારો બોલ.
ઓચરતાં(સં)બોલતાં
પરીણામ(સં.)ફળ.
ઘાત(સં.)જોખમ;મોત
સત્યાનાશ(સં.)નખોદ
શાપ(સં.)બદદુવા.
કુભારજા=નઠારી સ્ત્રી.
વિપરીત(સં.)ઊલટું.
રીઢાં=વપરાઇને મજ-
બૂત થયલાં;પાકાં.
કુકર્મ(સં.)નઠારાં કામ
ફટાણાં=ભુંડાં ગીતો.

પાઠ ૬૨ મો.

ગાભલાં=રૂનાં ફુંચા.
ગાલીઓ=ખીન;બે પા
હાડ વચ્ચેની જગા.
ચંપાઈ=દબાઈ.
પાદરી=અંગ્રેજનો ગોર
ચકરી=ભમરી.
બેશુદ્ધ=ભાન વગરનો.
અણીશુદ્ધ=સાફી સ-
લામત;આખો.

પાઠ ૬૩ મો.

ડેલું=તપેલો.
કદમ(આ.)ડગલાં.
અશક્ત(સં.)કમજોર.
ફોજદાર(આ.)કોટવા
લ;પોલીસનો ઉપરી.
કવગા=વગ વગરના.

પાઠ ૬૪ મો.

કકડાટ=અવાજ.
ગંજી(ફા.)ઢગલો;ગંજ
ચેસ્ટનટ(અં)એક જાત
નું રસદાર ફળ.
બાકોરૂં=મોટું કાણું.
કલ્પાંત(સં.) અતિશય
કકલાટ;રૂદન.

પાઠ ૬૫ મો.

કર(સં.)વેરો.
વળાવો= પરદેશ જતાં
ભોમીઓ માણસ સા-
થે રાખવો પડેછે તે.
વાવેતર=રોપણી.
ચોકીદારો=પોહેરેગીર.
ન્યાયાધીસો(સં)ધન-
સાફ કરનારા.
તુરંગ=કેદખાનું.
સારાંશ(સં.)મતલબ.
લાજમ(આ.)ઘટારત

પાઠ ૬૬ મો.

નેસ્તી= તેલ, દીવેલ,
અનાજ,કરીઆણું
વગેરે વેચનાર.
ઈનસાફદારો (આ.)
ચૂકાદો કરનાર.
સૌ ભેગો=બધાનો સા
મટો; સઘળાનો એ-
કઠો.
છૂટકો=નીકાલ.
ખબરદારી(આ.ફા.)
હોંશીઆરી; સાવચે
તી; સાવધાની.
જૂઠાણુ=જૂઠાણું.

પાઠ ૬૭ મો.

કેર=કોપ;જુલમ.
અનોપમ(સં)કોઈની
જોડે સરખાવાય
નહીં તે; ચડતું.
કુકરમી(સં)નઠારાં કા
મનાં કરનાર.

મારણુ=મારનારા.
પટકુળ(સં.)લૂગડાં.
સંહાર(સં.)નાશ.
પીંઢારા=લૂટારા.
કુપાત્ર(સં.)નઠારા.
નેજો=વાવટો.
તનુજ(સં.)છોકરાં.
ગુલતાન(ફા.)મસ્ત રેહેવું; ચકચુર થવું.
ધવળ=ધોળ;ધોળું.
ફાંસીખોરા=દગાખોર.
હીંગા=મજબૂત.
જત=એકજાતના મુસલમાન લોક.
કુવેતર=વાવણી કરવા સારૂ કુવાનાં પાણીથી જે જમીન તૈયાર કરવામાં આવે છે તે
હીમાચળ(સં.)જ્યાંહીમ ઘણી પડે તે.હીમાલય(હીમ-અચળ)
પ્રવેશ(સં.)પેંસવું
આદિક(સં.)એ શિવાય બીજા.

(કવિતાની સમજુતી). (૧૨).

(જ્યારથી અંગ્રેજી રાજ્ય થયું ત્યારથી).

આંખોમાંથી અદેખાઇ ગઇ, વેર ભાવ મટી ગયો, અને કાળાં કર્મ કરનારા પણ ગયા, તેમજ પરન્યાતના અને જાતનાઓ વચે સંપ વધીને સંસાર ચાલેછે. જુઓ કે ગરીબડી બકરીનો પણ કોઇ કાન પકડી શકતું નથી, એ ઇશ્વરનો પાડ માનીને હે હિંદુસ્તાન તું ખુશી થા (હિંદુસ્તાનના લોકો ખુશી થાઓ). (૧). જો કે આજે ઘણુંજ સરસ (કોઇ બીજું નહીં હોય એવું) રાજ થયું છે, તેથી તારી આબરૂ વધી છે; માહા નઠારાં કામના કરનારા ચોર ગયા, ને દગો નરમ પડી ગયો તે જો; મહમૂદ સરખા ખૂની મારી નાંખનારા નથી, તૈમુરલંગના જેવા તોફાની નથી, માટે એ ઇશ્વરનો પાડ માનીને હે હિંદુસ્તાન તું ખુશી થા.(૨). જુલમી રાજાઓના મૂળ નીકળી ગયાં, નાદિરશાહના જેવા મટી ગયા, ભીલ (મોટા લૂટારાઓ) નો મોટો ભય તે કયાં છે? કજીઓ અને કંકાસ તે પણ કયાં છે? પ્રજા સરવે તરેહવાર સુખ ભોગવે છે, અને સુંદર લૂગડાં પેહેરે છે

અને પાન થાયછે એ ઈશ્વરનો પાડ માનીને હે હિંદુસ્તાન તું૦(૩). આ રાજમાં હોલકરથી કાંઈ પણ ખરાબી થતી નથી, અને મરાઠાનો તો કાંઈ ભારજ નથી, સિંધીઆનો કદી નાશ થતો નથી, અને પીંઢારા લુટવા જતાં રહ્યા છે; હે હિંદુસ્તાન અંગરેજના વાવટા તળે તારાં જે છોકરાં તે નિર્ભયપણે મોજ કરે છે, એ ઈશ્વરનો પાડ માનીને હે હિંદુસ્તાન તું૦ (૪). અંગરેજ જેવા બળવાનના આશ્રા તળે રહીને પ્રજાના ગુણના ધોળ અને ગીતો ગાયછે, જેના ધારા સૌથી સારા છે, જેથી નબળા માણસને પણ જરાએ મનમાં ભય રેહેતો નથી; એ કોળી (લૂટફાટીઆ) વગેરેના ભયને મટાડીને પોતાનું સંસ્થાન સમાલે છે, એ ઈશ્વરનો પાડ માનીને હે હિંદુસ્તાન તું૦ (૫). ફાંસી દઈને મારી નાંખનારા ઢોંગ કરી જંગલમાં ફરતા, ને મારગ બંધ પાડતા તેમ હવે થતું નથી; જબરા કાઠીઓ (કાઠીઆવાડના રેહેનારા) અને જત જાતનાં લોકોનાં ટોળાં લોકોને ઘેરીને લૂટતા તેમ હવે થતું નથી; વળી ખેતરોમાં કે વાડીઓમાં જઈને લશકર અનાજ લૂટી શકતા નથી, એ ઈશ્વરનો પાડ માનીને હે હિંદુસ્તાન તું૦ (૬). લંકાથી હિમાચળ સુધી, અને કલકત્તાથી કચ્છ દેશ સુધી (એટલે હિંદુસ્તાનની દક્ષિણથી ઉત્તર સુધી અને પૂર્વથી પશ્ચિમ સુધી) વળી પંજાબ, સિંધ, સોરઠ, દક્ષિણ અને માળવા વગેરે દેશોમાંથી ભયના અને દુઃખના દાહાડા ગયા અને સુખના દિવસ આપણને આપ્યા, એ ઈશ્વરનો પાડ માનીને હે હિંદુસ્તાન તું૦ (૭). તે માટે હે હિંદુસ્તાન, તું શરીર અને મનથી એનો ઉપકાર માન, અને હમેશાં ખુશી રહીને પરમેશ્વરને ત્યાં જવાનો વખત જાળવીને કલ્યાણ થાય એવા ઉપાય કરજે; દલપતરામ કેહે છે કે હું આશિષ દઉંછુ કે હે હિં-

દુસ્તાન તારો પ્રતાપ અને માન એ બંનો વધો, માટે ઇશ્વરનો પાડ માનીને હે હિંદુસ્તાન તું મનમાં ખુશી થાઓ (૯).

પાઠ ૬૮ મો.

ફળરૂપ(સં.)ફળવંત; રસાળ.
ફળાદિક(સં.)ફળ વગેરે.
મગમગાટ=ખુશબોથી મેહેકી રેહેવું.
ઝભા =ચણીઆના જેવો ઘેરવાળો ફુલતો પોષાક.
રૂપાળડા=રૂપાળા; શોભાયમાન; ખુબસુરત.
સુઘડ=ચોખ્ખા.
સુખદાયક(સં.)સુખ ઉપજે એવા.

પાઠ ૬૯ મો.

આંચળ=થાન; ધાઇ.
જંતુ(સં.)જીવડાં.
મધ્યબિંદુ(સં.)વચમાંનું સ્થાન.
કીડી=એક જાતના પ્રાણી ઇઆ કીડા.
બહુપગી=ઘણા પગના.

પાઠ ૭૦ મો.

રીતીઓ(સં.)રીત; રીતભાત.
વિદ્યાદિ(સં.)વિદ્યા વગેરે.(વિદ્યા+આદિ)
નિષ્પક્ષપાતે(સં.)વગર તરફદારીએ.
વખોડે=વગોવે; ખામી કાઢે.
દ્રષ્ટાંત(સં.)દાખલો.
ગર્ભે(સં.)દાહાડા; હમે બાર મહિના.
પાત્ર(સં.)પાત્રી; લાયક.
સંપત્તિ(સં.)દોલત.
સ્ત્રીભરથાર=વર વહુ.
ફુટ=રતન; બંધાનહીતે.
હોજતપડદો=મુલાજો સામા માણસના શરમને સાર પડદો રાખવો તે.
અર્વાચીન(સં.)નવું.

પાઠ ૭૧ મો.

બાલ્યાવસ્થા(સં.)બચપણ; બચગી.
સ્વાર્થ(સં.)મતલબ.
ખટપટ=જંજાળ; કડાકુટ.
અણકમાઉ=રળતો નહીં તે; પેદાગરૂં નહીં.
પરતંત્ર(સં.)પારકાને તાબે; પરસ્વાધીન.
કજોડું=બરાબર જોડ નહીં તે, એક મોટું ને એક નાનું.
જ્ઞાન=સમજણ; ડાહાપણ.
કુકર્મ(સં.)નઠારાં કામ.
પુનર્વિવાહ(સં.)રાંડેલી સ્ત્રી સાથે ફરીથી લગન કરવું તે.
ઉઘાડે છોગે=ખુલ્લી રીતે.
ધીટકારે=ધિક્કારે.

પાઠ ૭૨ મો.

બાળહત્યા(સં.)બચ્ચાની ઘાત.
શોક(સં.)દલગીરી.
આડો આંક=બેહદ.

સુખાકારી(સં.)સુખ-ચેન;મોજ મજા.
વરણ(સં.)જાત;ન્યાત.
વાંઝણી(સં.)જે સ્ત્રીને છોકરાં છૈયાં થાય-નહીં તે.
અપંગ(સં.) શરીરના ભાગમાં જેને કંઈ પણ ખાપણ હોયતે,જેમ આંખે આંધળો, પગે લુલો વગેરે.
વાહાલ=હેત; પ્યાર.
કુપાત્ર(સં.)કમજાત;નઠારી. (કુ-પાત્ર).
વર્ણવી(સં.)બતાવી; લખી;વિસ્તારી.

પાઠ ૭૩ મો.

ભુજ=હાથની કુણીનો ઉપલો ભાગ.
રગો(ફા.)નસો.
ચલનવલન = હાલવું ચાલવું.
સ્નાયુ(સં.)માસના ગાઠાને બાંધનારા સફેદ પટા;નસ.
કસરત(આ.)મેહેનતથી શરીર ને વાળવું તે.

પાઠ ૭૪ મો.

ગુમાસ્તો(ફા.)વાણોતર;નોકર.
કારીગરી(ફા.)કસબ.
જતરડો=તાર ખેંચવાનું લોઢાનું ઝીણાં વેહવાળું હથિઆર.

પાઠ ૭૫ મો.

ચમત્કારી(સં.)અજબ જેવી; નવાઇ જેવી.
ટાંચણી=ટાંકણી.
આમળો=વળ.
તાવડો=કડાઇ.
ગજવેલ=ખરૂં લોઢું

પાઠ ૭૬ મો.

ગેર નફો(આ.) ફાયદો નહીં તે;નુકસાન.
ટોટો=ખોટ; નુકસાન.
પરઠી=વેંચી;શરતકરી

પાઠ ૭૭ મો.

એકાએક=એકદમ;ઓચિંતો.
નિર્બંધ(સં.)[illegible];
નખોદ; ઉચ્છેદ.

પાઠ ૭૮ મો.

એકકો=સંપ.
પક્ષ(સં.)તડ;ભાગ.
આગેવાન=ઉપરી[illegible]ળીનું નાળીએર.

પાઠ ૭૯ મો.

બળવો=દંગો;હલ્લો
શરણ(સ.)આશરે.
દરમીઆન(ફા.)વખત;અરસો.

પાઠ ૮૦ મો.

અમલ(આ.) સત્તા; હાકમી; અધિકાર.
મના(આ.) બંધી.
જાસ્તી(ફા.)વધારે.

પાઠ ૮૧ મો.

ઉસકેરવાને=ચડાવવાને.
ગડબડાટ=ગડબડ;તોફાન.

પાઠ ૮૨ મો.

છેવટ=પરિણામ;છેડો
મંડાણ=શરૂઆત;ઉપગરણ.
પૂઠ=કેડો; પીછો.

પાઠ ૮૩ મો.
વેર(સં.)ખાર; અદાવત
જુલમ(આ.)ગજબ.
ગુલામ(આ.) વેચાણ લીધેલા ચાકર; દાસ.
સમાપ્તિ(સં.) આખર; છેડો; પૂરું થવું.

પાઠ ૮૪ મો.
કુસંગતી(સં.) નઠારી સંગત, નઠારી દોસ્તી
ભળે=મળે; ભળી જાય.
શ્યામ(સં.)કાળો.
કુસંગી (સં.) નઠારો સંગી; ખરાબ સોબતી

પ્રસંગ(સં.)વખત; મેળાપ; જોગ.
યારી(સં.)દોસ્તી; સોબત; ટોળી.
કઢંગી=ઢંગ વગરના.
ગંગ નીર(સં.)ગંગાનું પાણી; ગંગા જળ.
કલાલ(આ.)દારૂ, તાડી વગેરે વેચનારો.
છણાય=ચરચાય.
મદ્યપાન(સં.)દારૂ પીવો તે
એડ(સં.)ઘેટું.
નેષ્ટ(સં.)નઠારું.
ધોરી=બળદ

વિહંગ(સં.)પક્ષી.
પુલિંગ=નર જાતી.
પાલટી=બદલાઇ.
વિકાર(સં.)રોગ.
કુવેણ=નઠારું વેણ; નઠારો બોલ.
સહસ્રધા(સં.)હજાર પ્રકારે; ઘણી રીતે.
સુવેણ=સારું વેણ.
કણું=કણ; દાણો.
અણું=રજકણ.
રસી(ફા.)દોરડું.
સત સંગ(સં.)સારો સંગ; સારી સોબત.

(કવિતાની સમજુતી). (૧૩).

ભાતમાં લગાર લવીંગનો વધાર દીધો હોય, તેમજ હીંગનો દીધો હોય, તો તેનો વાસ ગમે તે ઉપાએ પણ મટશે નહીં. જો ધોળાં લુગડાંને કાળા રંગમાં બોળીએ તો તે તેવાંજ એટલે કાળાં થશે, તેજ મુજબ નઠારાની સોબત કરવાથી તેનાં દુર્ગુણ સોબત કરનારને આવે છે. (૧). અફીણીઆની સોબત કરવાથી લોકો અફીણીઆમાં ખપેછે, અને જુગટું રમનારાની સોબત કરવાથી જુગારી કેહેવાય છે, તેમજ કઢંગા માણસની સોબત કરવાથી ઢંગ વગરનાજ ગણાયછે, એ રીતે નઠારાની સોબત કરવાથી તેનાં દુર્ગુણ૦ (૨). જ્યાં એક હજાર સેર જુવાર હોય તેમાં એક સેર ડાંગર ભળે તો તેથી કાંઇ ડાંગરની કિમ્મત ડાંગર

ના ભાવ જેટલી મળવાની નથી, તે જુવારની સોબતમાં જુવારના ભાવમાંજ જશે (મતલબ કે ઘણા નઠારામાં એક સારો ગયો તો તે નઠારામાંજ ખપે), પણ ખાળનું ગંદું પાણી ગંગામાં મળવાથી તે ગંગાના પાણી જેવું ગણાયછે (મતલબ કે ઘણા સારામાં એક નઠારો ગયો તો તે સુધરેછે), એ રીતે નઠારાની સોબત કરવાથી તેનાં દુર્ગુણ૦ (૩). જો કોઇ માણસ કંઈ ચોખ્ખું દુધ દારૂના પીઠામાં જઇને પીએ તો તે વાતની ચરચા થઈ તેણે દારૂ પીધો એમ કેહેવાશે; જુગારી પાસે ઘણું મૂલદાર નંગ જશે તો તે છેક હલકી કિમ્મતમાં જતું રેહેશે, તેમજ નઠારાની સોબત કરવાથી૦ (૪). કદાપી કાળા બળદની પાસે ધોળો બળદ બાંધીએ તો તેના જેવો કાળો રંગ તો તેનો નહીં થાય પણ તેના ગુણ ધોળામાં આવશે, વળી પક્ષીની પાસે રાખવાથી ઉડવાનો તો તે નથીજ પણ ટેકડા ભરતાં તો શીખશેજ, એ રીતે નઠારાની સોબત કરવાથી૦ (૫). ભાત નર જાતી છે, તેને નારી જાતી દાળનો સંગ થયો, તો તેની ખીચડા થઇને તે નારી જાતીમાંજ ખપશે, વળી આંધળાની ટોળામાં એક દેખતો હશે તો તે પણ આંધળામાંજ ખપશે, એ રીતે નઠારાની સોબત કરવાથી૦ (૬). બાર સેર દુધમાં એક બગાર ઝેર નાંખવામાં આવે તો તે પીધાથી તુરત પીનારાના પ્રાણ જશે; તેમજ સારા માણસમાં કોઈ નઠારો માણસ જઈ તેઓના રંગનો ભંગ કરે તો તેઓ દલગીર થશે, એ રીતે નઠારાની સોબત કરવાથી૦ (૭). જો હજાર પ્રકારના સારા વાકયમાં એક પણ નઠારૂં વાકય આવે તો તે શોભનાર નથી, ઝીણી રજ અથવા રજ સરખી ચીજ આંખમાં સમાનાર નથી, અને આખી દોરીમાં એક ગાંઠ હશે તો તે ગમશે નહીં, એ રીતે નઠારાની સોબત કર

વાથી તેનાં દુર્ગુણ સોબત કરનારને આવેછે.૦ (૮).

માટે નઠારાની સંગત મૂકી દ્યો અને સારા માણસની સંગત કરો; આ વાત દલપતરામ કવિ કેહેછે કે મનમાં ઉમંગ લાવીને માનો. (૯).

પાઠ ૮૫ મો.

આંચળ=સ્થાન; થાઈ.
વાગોળનારાં= ખાધું હોય તે પાછું મોંમાં લાવી ચાવનારાં.
ખડવા=ચાપડા.
છછુંદર=એક જાતનું જીવડાં ખાનાર પશુ.

પાઠ ૮૬ મો.

કાંગારૂ (અં) એક જાતનું હસતું પક્ષી.
ધારાળા=ધારવાળા.
રાખશીઓ=દાઢ તરફના કચડી ખાનાર બેવડા દાંત.
બીવર(અં)એક જાતનું સસલું.
સ્લોથ(અં)એક જાતનું ઝાડનાં પાંતરાં ખાઈ જનારૂં જનાવર.

પાઠ ૮૭ મો.

જીબ્રા (અં.) ઘોડાના આકાર જેવું એક જાતનું જાડી ચામડી વાળું પશુ.
અનુકુળ (સં.) માફક.
જઠર(સં.)ખાધેલું અન્ન પેટમાં પાચન થવાની જગા.
પાટું=પગનું તળીઉં; લાત.
કસ્તુરીમૃગ(સં)જે હરણની નાભીમાંથી કસ્તુરી નીકળેછે તે.
જીરાફ(અં.)એક જાતનું ઊંચું સીધી ડોકનું જાનવર.

પાઠ ૮૮ મો.

સુડતાળો=સંવત૧૮૪૭ના વરસનો.
અગણોતરો=સંવત ૧૮૬૯ના વરસનો.
પરમકૃપાળુ(સં.)મોટા દયાવંત; ઘણો દયાળુ
દુષ્કાળ(સં.)દુકાળ.
સંભવ(સં.)મનને લાગવું તે; વિચાર.
સાધન(સં.)ઉપાય.
અધિરા(સં)ધિરજ વગરના; આકળા.
કણિઓ=અનાજ વેચનારો.
અઘટિત(સં.)ઘટારત નહીં તે; નાલાયક.
સાહુકાર=પૈસાવાળો આબરૂદાર ગ્રહસ્થ.
બજાર(ફા)ભાવ; તેજી
પડાપડી=આગળ ધસવું; મમતા મમતી.

પાઠ ૮૯ મો.

મોઘવારી=મોઘોભાવ;
હરકંઇ ચીજ મોઘો
મળે એવો વખત.
અછત(સં.)છત નહીં તે.
તંગાશ (ફા.) તાણ;
ખોટ; તંગી.
વેહેલા=આપદા; દુઃખ.

પાઠ ૯૦ મો.

ખીડ=ઢોરને ચરવાના
જગ્યા.
કરવતિઆ = કરવતના
દાંતા.
ઇસ્પીતાલ(અં.)દવાખા
નું; દરદીઓને ઓસડ
મળવાનું ઠેકાણું.
રમણિય(સં.)ખુશ લાગે
એવું; ગમત પડે એવું.
નાનાપ્રકારના(સં.)તરે
હ તરેહેવાર.
પડતલ=ખાલી; અવા-
વરી; નકામી.
ગગમગાટ=ચેહેકી રે-
હેવું.
મેવડ દેવડ=લેવું દેવું.

પાઠ ૯૧ મો.

ચોચરવટી=ચોરી.
મંડપો(સં.)માંડવા.
ખંડેર=ખંડિએર; પડ-
તલ જમાનો.
લિંબવાઇ=લીલું.
કુંજ=ઘણાંજ ઝાડો એ-
કઠા હોય એવી જગ્યા
સ્વાદિષ્ટ(સં.)સ્વાદદાર.
સાટમારી=લડાઇ.
પાળા =પગે ચાલનારા
માણસો.
જીવાળ=કસદાર.
ભારખરદારી=ભાર બો
જો લઇ જનાર.
પોઠ=ટોળું; કાફલો.

પાઠ ૯૨ મો.

ભરણપોષણ(સં.) ગુજ
રાન; ગુજરો.
નિંદા(સં.)બદગોઇ.
પ્રશ્નોત્તર(સં.)પ્રશ્ન ને
ઉત્તર; સવાલ જવાબ
નિરપરાધી(સં.)તકસી
ર વગરનો.
તનદુરસ્ત(ફા.) શરીરે
કુશળ.(તન--દુરસ્ત)

આફત(ફા.)દુઃખ.

પાઠ ૯૩ મો.

પાચન ક્રિયા(સં.)જે
રીતથી ખાધેલું અં
ન બદલાઇને લોહી
થાય છે તે.
પિત્ત=શરીરમાં એક
જાતનો પદાર્થ થાય
છે તે.
મળ=મેળ; નર્ક.
પ્રવેશ(સં.) પેસવું;
દાખલ થવું તે.
હૃદય(સં.)અંતઃકરણ.
ફુફસ= ફેફસું; પેટમાં
દમ લેવાની કોથળી
હોય છે તે.
જરતા=પચતા. [દી
નિયમિત(સં.)ઠરાવે-
અપચો = અજીરણ;
ખોરાક પચે નહીં તે.
અજીરણ(સં.)ભાર;
બાદી.

પાઠ ૯૪ મો.

ખરીદી(ફા.)વોહોરતા
વેચાણ લેવું તે.

અગ્નિરૂપા(સં.) દેવતાના રૂપના.
ખખડાટ=અવાજ.
નેહેરો=નાળાં;ખોદેલા ખાડીઓ.
ઉપાડ્યો=ઊંચક્યો.

પાઠ ૯૫ મો.

સાહસ(સં.)વગર વિચાર્યું;એકદમ જોરસાથી ઉતાવળું.
અરણવ(સં.) સમુદ્ર.
ભૂપત(સં.)રાજા.
મનોહર=મનને હરે એવી;ખુશી કારક.
રખા(સં.)લીટી;રક્ષા.
તન(સં.)છોકરો;શરીર
આળવ=અટકચાળો.
રાજપુત્ર(સં.)રાજાનો છોકરો; રાજ કુંવર
દ્રષ્ટે(સં.) નજરે.
ગલોલ(ફા.) ગોફણમાં કાંકરો મૂકી ઉડાડવું તે;કામઠામાં ચીથરૂં સાંધીને તેમાં કાંકરો મૂકી મારેછે તે.
સહીએર=સાહેલી;બેનપણી.
નગરશેઠ=શેહેરનો શેઠીઓ.
મદોન્મત(સં.)અહંકારે ભરેલી.
જોબન(સં.)જુવાની.
મદ(સં.)અહંકાર.
કુંવરી=છોકરી
ચંપકવરણું(સં.)ચાંપાના ફુલના રંગ જેવું.
ચાર(સં.)લૂગડું;વસ્ત્ર
વકારી=ઉસકેરી.
ભામિનિ(સં.)સ્ત્રી;બાયડી.
કામિનિ(સં.)બાયડી.
રાજકુમાર = રાજાનો છોકરો;રાજપુત્ર.
બોલ(આ)વચન.
વિદેશ(સં.)પ્રદેશ.
બાંધવા(સં.)ભાઈ.
દેશવટો=દેશ નીકાલ.
વિયોગ(સં.)જૂદાપડવું
સીંડયા=ચાલ્યા;ગયા.
અપરમપાર(સં.) ઘણાજ;જેનો પાર નહીં
આયુષ્ય(સં.)આવરદા
નેટ=નક્કી.

(કવિતાની સમજુતી). (૧૪).

પોશા પાટણ નામનું એક ગામ છે, જેની પાસે નીતર્યાં પાણીનો સમુદ્ર આવેલો છે; ત્યા એક ભૂપતસંગ નામનો રૂપાળો રાજા રાજ કરતો હતો. તેની બુદ્ધિ ઘણી સારી ને પવિત્ર હતી, ને તે ઘણો ભાગ્યશાળી હતો; તેને એક પુત્ર હતો તે ઘણો જ લાડકવાયો હતો, અને તે રાજા તેને પોતાનું ધન સમજતો હતો. તે છોકરાને રાજા પોતાના જીવ કરતાં પણ વાહાલો

ગણતો, કેમકે તે ઘણોજ લાડકો હતો; પણ તે ઓલીઓ અને અટકચાળો હતો તો પણ તેનામાં કરોડો ગુણ હતા. એક દિવસે તે સરોવરને કાંઠે ગયો, ત્યાં બાયડીઓ પાણી ભરતી હતીઓ; તે તે સરોવરને કાંઠે જઈને પાણી ભરવાનાં ઠેકાણાં આગળ જ્યાં આગળથી કે તે બાયડીઓને જવા આવવાનો રસ્તો હતો ત્યાં ઉભો રહ્યો. એવામાં કેટલીએક બાયડીઓ બેડું ભરીને સરોવરની પાળ પર ચઢી તેવી તે પેલા કુંવરની નજરે પડી; એ વખતે તેના હાથમાં કાંકરો ફેંકવાનો ગલોલ હતી તે વતે કાંકરો પેલી બાયડીઓનાં ટોળામાં માર્યો. તે કાંકરો નગર શેઠની છોકરી પોતાની જુવાનીના તોરવાળી, જે ઘણી રૂપાળી અને અહંકારી, તેમજ જુવાનીના જોરવાળી હતી તેના બેડામાં પેલો કાંકરો છુટયો તેવો વાગ્યો, અને તેનો ઘડો કાણો થયો; તેથી પાણીની ધાર ચાલી અને તેનું ચંપાના રંગનું લૂગડું હતું તે ભીંજાઈ ગયું. તે વખતે સઘળી બેનપણીઓએ તેને ચડાવીને ઉસકેરી અને વખાણી કે તારો બાપ ઘણો બળવાન છે; તે છતાં તમારા જેવા જ્યારે આવું ખમીને ઘેર જશે ત્યારે બીજા ગરીબોની શી વલે થશે! તે છોકરી નાદાન હતી તેથી તેણે પેલીઓના ઉસકેરવાથી પેલા રાજાના છોકરાને ઘણીક ગાળો દીધો, ને કઠણ શબ્દથી બોલી કે માએ જણી જણીને રખડતા મૂકયાં એવું કાને સાંભળી પીપળાનાં પાંદડાની માફક તે કુંવર નરમ પડી ગયો; એ જોઈને તેના સોબતીએ કહ્યું કે તું મારૂં કહ્યું માનતો નથી તેથી તારી હંઈઆ આબરૂ ગઈ. તમે બાયડીઓને માટે જ્યારે ગાળો ખાઓછો ત્યારે આગળ રાજ શી રીતે કરશો? એ સાંભળી કુંવર બહુ ગુસ્સે થયો અને તે છોડીનું બેડું ફોડયું અને

તેના કોટમાંનો હાર પણ તોડી નાંખ્યો. આ વાત નગરશેઠે જા-
ણી તેથી તેની આંખમાં પણ બહુ ઝીનો ભરાયો; પછી તેણે
રાજાને કહ્યું કે હું તારૂં ગામ છોડીને જાઊંછું, કારણ કે
આબરૂ વાળાને રેહેવા લાયકનું એ ઠેકાણું નથી. તારો કું-
વર લાડકવાયો છે તેથી મારો અહીં રેહેવાનો ધર્મ નથી; એ
સાંભળી રાજાએ કહ્યું કે તમે ગામ છોડી જશો નહીં, મારા
છોકરાને હું ઠાર મારૂં છું. એવું જ્યારે રાજાએ વચન આપ્યું
ત્યારે તેણે ત્યાં વાસ કર્યો; આ વાત જાણીને પ્રધાને તે કુંવરને
જઇને કહી, કે હું તને ચેતાવુંછું માટે ચેત કે હમણાં તું ઘેર
જઇશ નહીં; તું જાણતો હશે કે તારો બાપ તારો ગુનો માફ
કરશે પણ તેમ સમજતો નહીં, તે તને જોતાની સાથેજ મારી
નાંખશે. માટે જો તું તારા મનમાં તારૂં ભલું ચાહાતો હોય
તો મહીનો છ મહીના પ્રદેશ જા. આ રૂડી શીખામણ સાંભ
ળીને કુંવરે તુરત એક પોપટ ઘેરથી લીધો, પછી તરતજ
પાછો વળ્યો તેવોજ તેનો મિત્ર પોતાના પ્રધાનનો જે છોકરો તે
તેને મળ્યો. તે પ્રધાનના છોકરાએ તેને કહ્યું કે અરે ભાઇ ક્યાં
જાઓ છો, અને આવા તમે દુખીયા કેમ થાઓ છો? તે સાં
ભળી તેણે સઘળી હકીગત કહી અને કહ્યું કે મારા બાપે મ-
ને દેશ નીકાલ કીધો છે; તે સાંભળી પ્રધાનના છોકરાએ કહ્યું
કે હું પણ તમારી જોડે આવું છઉં તમારા વગર હું અંન
ખાનાર નથી. પછી તેઓ બંનો મિત્રો જોડે ચાલ્યા અને
પોપટ ખુશીથી હાથ પર બેઠો; ને તેઓ બંનો રાત, દિવસ.
સાંજ અને સવાર સારી પેઠે ચાલ્યા અને અતિશય રસ્તો
કાપ્યો. તેઓ ઘાડા વનમાં જઈ ચડ્યા, ત્યાં દિશા ન સમજા-
વાથી તેઓ ભુલા પડ્યા; તે દિવસ ઉનાળાના હતા તેથી બપો

ર થયા કે તાપની ઝાળ આવવા લાગી ત્યાં કાંઇ પાણીનું ઠે-
કાણું ન હોવાથી તેઓના કુમળાં શરીર સુકાઇ ગયાં; ગળે
સોષ પડવાથી તેઓ પાણી, પાણી, કરતા હતા અને પાણી વ-
ગર તેઓ ત્રણેના જીવ બહુજ અકળાતા હતા. પાણી વગર
તેઓના જીવ નીકળવા માંડ્યા ત્યારે ત્યાં એક છાયડો પડે એ
વો મોટો વડ હતો તે તળે બેઠા, અને કુંવરે પોતાના સોબ-
તીને કહ્યું કે મારો આવરદા હવે આવી રહ્યો, કેમકે મારૂં ગળું
છેક સુકાઈ ગયું છે; હવે પાણી વગર મારો તો જરૂર જીવ
જાયછે, અને મનમાં પાણી પાણીની સોચના કરેછે. એ
સાંભળી પ્રધાને કહ્યું કે જરા ધીરજ રાખો એક ઘડીમાં
પાણી લાવું છું; એમ કહીને તે પેલા વડ પર ચડ્યો અને જો-
યું તો એક દૂર કુવો નજરે પડ્યો. એટલે તે ઉતરીને રાજ
કુમારને ત્યાંજ મુકીને પોતે પાણી લેવાને ગયો; પછી રાજા બેઠા બેઠા
ત્યાં પરમેશ્વરનું નામ લેછે, અને પાણી પાણી મોંડે કરેછે.

પાઠ ૯૬ મો.

ઝંખે=ઇચ્છા કરે; ચાહે
ધારા(સં.)ધાર.
ગુંજવણુ=તારા વગર.
કોપ(સં.)ગુસ્સો; રીસ
ઝાડીઓ=ઝપાટોમા-
ર્યો; સોટીથી ચોડ્યો.
કર(સં.)હાથ.
શુક=પોપટ.
શીતળ(સં.)ઠંડું.
કૃત(સં.)પેહેલથી તે
છેક્ષેસુધીણનેજાવાત
શ્યામ શરીર(સં.)વર-
સાદ; મેઘ રાજા.[દ્દિષ્ટ
અમૃત(સં.)મીઠો, સ્વા
લક્ષવસા(સં.)જરૂર ક
રીને; ખશુસ.
પ્રતિઉત્તર(સં.)સવા-
લનો જવાબ.
કારમિ=અજબ જેવી.
અંત્રિક્ષ(સં.) અધર;
ઊંચેથી; અતરંગ.
સંશય(સં.)વેહેમ, શક.
અજગર(સં.) મોટો
સાપ.
ધરણી(સં.)જમીન.
અચતાં=પીતાં.
ભ્રાંત(સં.)વેહેમ.
વાએ=શિવાય.
સતવાદી(સં.) સાચું
બોલનાર; ખરો.
વિમાસણ=પસ્તાવો.
હર્ષ(સં.)હરખ.

(કવિતાની સમજુતી). (૨૫).

રાજા વડ તળે પાણી પાણી કરે કે એટલે વડ ઉપરથી પાણીની ધાર પડી; તે જોઇને કુંવર બોલ્યો કે ધન્ય પ્રભુ, મોટા મા-હારાજ, તારા વગર આવું કામ કોણ કરે ? એમ કહીને સો-નાનો કટોરો ધર્યો અને એક પલકમાં (જાણે ઈશ્વરે) બરોબર ભર્યો. તે પીવા જાય કે એટલે પોપટ તુરત ચેત્યો, અને ઝડપ મારીને તે પા ણી ઢોળી નાંખ્યું; આમ થવાથી રાજા બહુ પોપટ પર ગુસ્સે થયો અને ફરીને પ્યાલો ભર્યો. તે પણ પાછો પીવા જાય કે એટલે વળી પોપટે પાંખો ઝાડીને તે ભરેલો પ્યાલો પણ હા-થમાંથી પાડી નાંખ્યો. આથી રાજાને રીસ બહુ ચડી તેથી તેણે તે પોપટનું ડોકું મરડી નાંખ્યું, અને ફરીને ત્રીજી વખત પ્યા-લો ભરવા તે ધરે કે એટલામાં પ્રધાન તુરતજ આવી પોહોંચ્યો. તેણે ઠંડું પાણી પાયું અને બંનો ભાઇઓ વાતો કરવા બેઠા; પછી પ્રધાન પુત્ર બોલ્યો કે અરે મૂરખ રાજા તેં મોટી ભુલ કીધી, આ પોપટને કેમ મારી નાંખ્યો ? તે સાંભળીને સઘળી હકીગત રાજાએ પેહેલેથી માંડીને કહી; કે અહિંઆં તો એક નવાઈ જેવી વાત બની તે એ કે તમે પાણી લેવા ત્યાં ગયા ને મેં અહિંઆં મેઘ રાજાને સંભાર્યા. એટલે જરા વાર લાગી નહીં ને તુરત પાણીની ધાર ઊંચેથી પડી; તે વતે પ્યાલો ભ-રીને હું જેવો પીવા જાઉંછું તેવોજ પોપટે તે પાડી નાંખ્યો. મેં એક વાર તો તેને જવા દીધો, ને બીજી વારનો પ્યાલો ધર્યો ને પછી તે અમરત કોળીઓ જેવો પીવા જાઉંછું તો તે પણ તેવોજ પાછો ઢોળી નાંખ્યો. તેથી મને મારા મનમાં બહુજ ગુસ્સો ચડ્યો ને તે ગુસ્સામાં મેં એ પોપટની ડોક મરડી નાંખી; એવામાં તમો તુરત આવ્યા અને ખરેખાત પાણી લાવ્યા, તે

પીને હું ઠંડો થયો. એ સાંભળી પ્રધાન બોલ્યો કે એ તો નવાઇ જેવી વાત ભાઇ, એમ કાંઇ બેઠા બેઠા અતરંગ પાણી આવે નહીં. તમે એ જે વાત કહી તે કાંઇ હું માંનુ નહીં; તેના મનમાં ઘણો એ વિષે શક આવ્યો અને તેથી તે કછોટો વાળીને વડ પર ચડયો. તે વડ પર ચડીને જુવેછે તો સમળીનો એક માળો દીઠો; તે માળામાં એક મોટો સાપ લાવીને તે સમળો ફોલી ખાતી હતી તે દીઠી. તે મોટા સાપના કાળજામાંથી ઝેર નીકળ્યું તેનું પાણી જમીન પર પડયું; તે જો રાજા પીત તો શી વલે થાત! એક પલકમાં એનો પ્રાણ જાત. પછી નીચે ઉતરીને તેણે રાજાને કહ્યું કે તું જે જીવતો રહ્યો તે આ પોપટના પ્રતાપથી; આ નજરે જોયલા દાખલાથી રાજાના મનનો શક ગયો. પછી રાજા મનમાં પસ્તાવા લાગ્યો કે મેં આ શું કામ કર્યું! મેં હક નાહક પોપટને માર્યો. માટે હવે તો મારા પેટમાં પાળી મારીને મરૂં; ને હવે હું પોપટ વગર જીવનાર નથી. પછી પ્રધાને રાજાને સમજાવ્યો અને તેનું માન ઉતારીને કહ્યું કે પ્રથમ મનમાં સમજ્યા વગર કામ કર્યું, તો હવે શા માટે પસ્તાવો કરોછો? માટે રે સાચા ભોલા રાજા, હવે પસ્તાવો કરેથી શું થવાનું! જે માણસ વગર વિચાર્યું કામ કરે તે આજ રીતે પસ્તાયછે.

વગર વિચાર્યું (એકદમ જોસ્સાથી ઉતાવળું) કામ કરવાથી ઉમંગનો નાશ (વિવાહનું વરસી) થઇ જાયછે, તેને વાસ્તે સામળ ભટ કેહેછે કે તે આજ દાખલાથી જુઓ તો માલમ પડે છે.

પાઠ ૯૭ મો.

હેઠલાણે = હેઠલે પાસે; નીચાણમાં. નામાંકિત(સં.) નામી-ચું; પ્રખ્યાત. ઉમદા(આ.) સારા.

મધુર(સં.)ગળ્યું, સુખ લાગે એવું.
રસોળી=મીઠી; પ્યારી.

પાઠ ૯૮ મો.

યાંત્રિક(સં.)સંચાની.
વિચારશક્તિ(સં.)વિચાર કરવાનું બળ.
ઉચ્ચાલન=ઉથલાવી-પાડવાની જે શક્તિ તે.
રેંટ=રેંટીઓ.
ગરગડી=ચરેડી.
કાચર=એક જાતનું કાટમાં ઘાલવાનું હથિઆર.
ફેર=વળ; આમળો.
ઢુંધા=જાડા લાકડાનો કકડો.
કંપાણુ=લાકડાં વગેરે જોખવાનો કાંટો.

પાઠ ૯૯ મો.

વ્યાસ(સં.)મધ્ય રેષા.
ઉપાડવો=ઉંચકવો.
વજન(આ.)ભાર; બોજો; તોલ.
વાપરવું=વાપરવું; કામે લગાડવું.

પાઠ ૧૦૦ મો.

કઠિઆરા=લાકડાં વેચનારા; લાકડાં ફાડનારા.
બનાવટ=બનાવવાનું કામ; કારીગરી.
પેચદાર(ફા.)આંટાવાળી.
વર્ણવી(સં.)વિસ્તારી.

પાઠ ૧૦૧ મો.

મૂડી = ભંડોળ; હરેક ધંધાને સારૂ નાણું રોકવું તે.
સૃષ્ટી(સં.)દુનિઆ.
વાકફગાર = જાણીતા; માહીતગાર.
માવરો(આ.)આબેપ.
નિર્ણય(સં.)ઠરાવ.
સાંથીકું=ખેડુતનું એક જાતનું હથિઆર.
ખોટ=તંગી; તોટો.

પાઠ ૧૦૨ જો.

કારકુન(ફા.)મેહેતો.
બળાત્કાર (સં.) જોર જુલમ; જબર જસ્તી.
નિરાશ(સં.)નાઉમેદ.
નાણાવટી=રૂપીઆ પારખનારો; પૈસા વેચનાર.
ખોડ=ખામી; ચૂક.

પાઠ ૧૦૩ જો.

ડેપ્યુટીઇન્સ્પેક્ટર(અં) મોટા તપાસ કરનાર સાહેબના હાથ નીચેનો નોકર.
સાર(સં.)મતલબ; સારાંશ; તત્વ.
પાલણ=ગુજરાન.
છરાયેલા=છાકેલો, છછાંછળો; બેહેકેલો.
મશ્કરી(આ.)મજાક.
અમરતી=વગર ખપની; ખાલી; નકામી.

પાઠ ૧૦૪ થો.

પક્ષાઘાત(સં.)એક જાતનો પગ રહી જાય એવો રોગ.
ઉઠવેઠ=ફડાકુટ; મેહેનત.
સમર્પ્યા=સુપ્રત્યા.

રસોડા=રાંધણાં.

પાઠ ૧૦૫ મો

જમીનદોસ્ત=જમીન બરાબર.
સળગ્યો=ઉઠ્યો.
સાધારણ=મધ્યમ; વચલે વાંધેના.
વિરોધ(સં.) કજીઓ; કંકાસ; તટો.

પાઠ ૧૦૬ ઠો.

દત્તક(સં.) છોકરો કરી લીધો તે.
ઇચ્છનારા(સં.) ચાહનારા.
ઉત્કૃષ્ટ(સં.) સહુથી સારૂં; સરસ.
જન્મ(સં.) અવતાર.

પાઠ ૧૦૭ મો.

વંશજો(સં.) વંશના; વારસો.
કંટાળો=કાયર; થાકી.
કોણ=ખુણો; દિશા.

પાઠ ૧૦૮ મો.

કાપાકાપી=ખુના મરકી; કતલ.
શાહજાદી(ફા.) બાદશાહની છોકરી.
મોહિત(સં.) મોહ પામેલો; ઘણો આતુર.
મોહિની(સં.) મોહ.
આપઘાત(સં.) પોતાને હાથે જીવ કાઢીને મરવું તે.

પાઠ ૧૦૯ મો.

જમાત(આ.) એકઠું; જથો; ઓકડો.
હલ્લા(આ.) હુમલા; ધસારો.
સર કર્યું=તાબે કર્યું; જીતી લીધું; હાથ કર્યું.

પાઠ ૧૧૦ મો.

પતંગ(હિં.) એક જાતનું કાચા રંગનું લાકડું.
અસંખ્ય(સં.) ઘણાજ, ગણાય નહીં તેટલા.
ફુલેલ=તલને ફુલનો પાસ દઇ પીલેછે તે.
છોગાં=તોરા.
મસ્તાનો(ફા.) જબરો; અલમસ્ત.
મગરૂરી(આ.) અહંકાર; ગર્વ.
રસીઆ(સં.) ફાંકડો; છેલ; રંગીલો.
રાગી(સં.) સંસારી.
ચેત=જાણ; સમજ.
અજ્ઞાની(સં.) જ્ઞાન વગરના; માયાની જાળમાં પડેલા; બેસમજ.
અંત(સં.) છેવટ; કાળ.
દૃઢ(સં.) પક્કો; મજબૂત.
પ્રીતડી(સં.) પ્રીત; ચાહના; માયા.
સંસ્કાર(સં.) નસીબ; કરણી.
સંત(સં.) સાધું; જોગી.
ત્રિવિધી(સં.) ત્રણ પ્રકારના. (ત્રિ—વિધા).
ધામ=મંદીર; ઠેકાણું.
વાંછીત=ઇચ્છેલું; ધારેલું.
પૂરણ(સં.) પુરા.

(કવિતાની સમજુતી). (૨૬).

આ શરીર જે તે પતંગી રંગના જેવું છે, તેનો નાશ થતાં વાર લાગતી નથી. જો કે તારી નજર આગળ અગણિત માણસો દોલત અને માલ મીલકત મેલીને ચાલ્યા ગયા. શરીરે તેલ, ફુલેલ (મોગરેલ) ચોળતાં, માથે તોરા મુકતા, અને જુવાનીનું જોર જણાવીને છાતી કાઢીને ચાલતા, પણ જેમ ઊંદરે દારૂ પીધો હોય અને તેથી તે તોફાની થઇને ડોળ તો કરે, અને અહંકારમાં પોતાનું શરીર મરડે અને મોંથા જેમ તેમ બોલે. મનમાં એમ જાણે કે મારા સરખો કોઇ રસોગો અને રાગી નથી, પણ બારણે બીલાડી તાકી રહી છે તેને તને પકડી લેતાં વાર લાગતી નથી (મતલબ કે માણસને મોત જલદીથી પકડી લેછે). તેમજ આજ કાલમાં હું ને તું કરતા રેહેશો અને જમ પકડી જશે. માટે બ્રહ્માનંદ કવિ કેહેછે કે અજ્ઞાની જીવ તું અત્યારથી ચેત નહીં તો મરતી વખતે તારી ફજેતી થશે (એટલે માહા માહા દુઃખ ભોગવશે).

હે જીવ ! પરમેશ્વર સાથે પુરૂં હેત કર, કેમકે ધન માલ મેલી મરી જવાશે અને મરતી વખતે કોઇ કોઇનું સગું નથી. કર્મ સંબંધિ સઘળા સંબંધીઓ ભેગા થયાં છે, પણ એ સઘળા ખોટાં અને માયારૂપી જાળ જેવાં છે; તેથી મરતી વખત કોઇ કોઇનું સગું-નથી માટે પ્રભુને ભજો. (૧). મારૂં મારૂં કરીને દોલત ભેગી, પણ એમાં તારી એક તલ ભાર પણ નથી૦ મરતી વખત૦ (૨). સંસારનું સુખ સ્વપ્ના જેવું છે, તેને જતાં વાર લાગવાની નથી. મરતી વખત૦ (૩). માટે તું સાચા સાધુને સેવે તો તારાં ત્રણ પ્રકારના દુઃખ તેથી મટી જશે. મરતી વખત૦ (૪). મોટા પુન્યાત્મા પુરૂષના આસરાથી આ-

ગયા જનમનાં પાપ બળી જાયછે. મરતી વખત૦ (૫). એવું સમજીને સુખ કરનાર અને સદા સુખના ભંડાર જે પ્રભુ તેને ભજ. મરતી વખત૦ (૬). દેવાનંદ કવિ કેહેછે કે આપણા મનના મનોરથ પુરા કરનાર પ્રભુ આપણાં દુઃખ મટાડશે (મતલબ કે જેણે દેહ કરી તે પ્રભુને ભજશું તો તેથી સુખ થશે). (૭).

પાઠ ૧૧૧ મો.

નશ્તર (ફા.) એક જાતનું અણીદાર ધારવાળું લોઢાનું હથિઆર થાયછે.

જલદ (ફા.) તીક્ષ્ણ; આકરી.

અંગજ્ઞાન (સં.) પ્રેરણા; પોતાની મેળે જે જ્ઞાન થાયછે તે.

ભવિષ્ય (સં.) નવું બનવાનું તે; આવતો વખત.

વરતી=શોધી.

પાઠ ૧૧૨ મો.

શાખા (ફા.) ફાંટો.

પ્રજાસત્તાક (સં.) પ્રજાની સત્તા નીચેનું.

ચાકી=પોહોળી.

સ્વદેશહિતેચ્છુ (સં.) પોતાના દેશનું સારૂં ચાહાનાર.

સ્વિસ (અં.) સ્વિતઝર્લૅંડનો રેહેનારો.

યાદગારી (ફા.) યાદદા- રત; ફોમ.

કુશળ (સં.) પંકાયલા.

પાઠ ૧૧૩ મો.

જ્ઞાનતંતુ (સં.) લાગવાનું જ્ઞાન જેવડે થાયછે તે નસ.

મારફત (આ.) હસ્તક.

કાસદ (આ.) ખેપીઓ.

અર્ધાંગવાયુ (સં.) અડધું અંગ રહી જાય એવો વા.

સ્પર્શ (સં.) લાગવું.

સંબંધ (સં.) વળગણ.

પાઠ ૧૧૪ મો.

ચરબી (ફા.) જનાવરના ચામડાના પાતળા પડમાંથી જે ચીકણી ઘી જેવી વસ્તુ નીકળે છે તે.

વાટ=દીવેટ; જોત.

ગ્લાસ (અં.) કાચનું પ્યાલું.

આરસ=સંગેમરમરનો પત્થર; ચળકતા સફેત પથરા.

શિલા (સં.) પત્થર.

પાઠ ૧૧૫ મો.

કંપની (અં.) ભાગીદારોની મંડળી; ટોળી.

પાત્ર (સં.) વાસણ; લાયક.

લાંપ (અં.) દીવો.

ઉજાસ=તેજ; પ્રકાશ; અજવાળું.
ગાસ(અં.)એક જાતનો હવામાં બળતો પદાર્થ.
તેજસ્વી(સં.)તેજવાળો.

પાઠ ૧૧૬ મો

ઉપદેશી(સં.)બોધ કરનાર.
કુંભ=ઘડો;દોરીઓ.
કાયા(સં.)દેહ;શરીર.
જાવરી=જાજરી;દોદરી;ટકોરો મારીએને ભાંગે એવી;કાચળી.
નાસતાં=નાશપામતાં.
છોરૂ વાછરૂ=છોકરાં છૈયાં.
નોબત(અા.)નગારાં.
લખપતિ(સં.)લાખોરૂપીઆના ધણી;પૈસાદાર;શીમંત.
સદવસ્તુ=સાચી વસ્તુ.
વોહોરજો=ખરીદ કરજો.
જુહારીને=નમસ્કાર કરીને.
લેખું=હિસાબ;ગણતી.
સાહેબ(અા.)પરમેશ્વર; ઈશ્વર.
ભોગ(સં.)અનેક પ્રકારના સુખો.
વાસના(સં.)પ્રીતિ, ઈચ્છા; ખુશબો; નેકી.
હુંપદ=ગર્વ;હુંકાર.
હમો છો = કરો છો; બોલો છો.
લૂણ=મીઠું;નીમક.
સરજનહાર=પેદા કરનાર.

(કવિતાની સમજુતી). (૧૯).

હે મનરૂપી ભમરા, તું ભુલીને ક્યાં ભમ્યો ? ને રાત ને દિવસ તું ભમતો ફર્યો. હે માયાના બંધાયલા જીવ તું સાચી વાતને ઓળખી શક્યો નહીં. માટે હે મનરૂપી ભમરા તું ભુલીને ક્યાં ભમ્યો૦ (૧). કાયા કાચા ઘડાના જેવી છે માટે તેનું જતન વીચારીને કરો, તેનો નાશ થતાં વાર લાગવાની નથી, તેથી જ્ઞાન રૂપી રતનને તમે સંઘરો. માટે હે મનરૂપી૦ (૨). તમે જુઓ કે આ સંસારમાં છોકરાં છૈયાં કોના અને માબાપ તે કોના ? મરતી વખત તો એકલાજ જવું પડશે, ફક્ત પાપ અને પુન્યજ સાથે આવશે. માટે હે મનરૂપી૦ (૩). જુઓ કે જે ઘેર નગારાં વાગતાં અને છત્રીસે રાગ ગવાતાં તે ઘર ખંડીએર થઈને ખાલી પડેલાં છે, અને

ત્યાં હાલ કાળા કાગડા ઉડતા ફરેછે (મતલબ કે સઘળાનો નાશ થતો જાયછે). માટે હે મનરૂપી૦ (૪) જીવની આશા તો મોટી ડુંગર જેવડી છે, પણ મોત તો પગનીચેજછે; મોટા લખપતીઓ લાખો મરી ગયા (તો આપણો શોભાર છે). માટે હે મનરૂપી૦ (૫). જે નદીમાં પુર આવેલું હોય તેને ઉતરીને પેલે પાર જવું હોય, અને આગળ જતાં પાણી મળે એવું નથી, તો આ સંસાર રૂપી નદી ઉતરીને પરમેશ્વર પાસે જતાં બીજું કંઈપણ મળનાર નથી. માટે હે મનરૂપી૦ (૬). માટે અહીંઆથી સારાં કામ રૂપી સારી વસ્તુ સાથે લેવી, અને તેની સાથે ઇશ્વરનું ભજન પણ કરવું. કબીરજી કેહેછે કે સરવને નમસ્કાર કરીને દેહ મૂકીને ગયા તો પછી ઈનસાફ (પાપ પુન્યનો) તો પ્રભુના હાથમાં છે. માટે હે મનરૂપી ભમરા તું ભુલીને ક્યાં ભમ્યો. (૭).

હે જીવ! આ જગતના સુખનો સ્વાદ ચાખીને તમો મોજ શોખમાં રમતા ફરેછો, રોગના ભરેલા ખાનપાન ખુશીથી તમો જમોછો, પણ મરવા ટાણે જ્યારે પ્રીતી અથવા હર એક પદાર્થની મનમાં ઇચ્છા થઇ આવેછે તો પાછા તમો આ સંસારમાં રવડોછો. જગતના સુખનો૦ (૧). માયાના અંધારામો તમો અહંકાર કરોછો, અને હીરાને બદલે સોનું મળેછે તે તમો ધુળમાં નાંખી દોછો, (મતલબ કે જગતના નાશવંત પદાર્થને બદલે પ્રભુની ભક્તિ તમો ગુમાવી દો છો). જગતના સુખનો૦ (૨). પરમેશ્વરને ઓળખ્યા વિના કાયાને કષ્ટ શું આપો છો? એથી મરવાનો ભય ન મટતાં ઉલટા તમો દલગીરીમાં પડોછો. જગતના સુખનો૦ (૩). વળી જે ઇશ્વરે તમને પેદા કર્યા તેને યાદકરવો મૂકીદઇને તમે બીજાને નમોછો,

એ રીતે તમો વગર સમજવે તમારી પુંજી કેવળ નામનો કવિ કેડેછે કે કોડર ગુમાવો છો, (મતલબ કે તમો તમારી જીંદગાનીને નકામી ગુમાવી દોછો). જગતના સુખનો સ્વાદ૦ (४).

પાઠ ૧૧૭ મો.

લાંચ=રૂશવત.
ખાનગી(ફા.)ઘર કામ સંબંધી; જાહેર નહીં તે.
મુનીમ(આ.)મોટો મેહેતો; મુસદ્દી.
અન્યાય (સં.) ખોટો ન્યાય;ગુનો; અધર્મ.
વિશ્વાસઘાત(સં.)ભરોસો તોડવો તે.
ભગમગસાઇ=દાનાઇ
દુરજન=ખરાબ માણસ;નઠારો સખસ.
શિરસ્તેદાર(ફા.)મુખ્ય મેહેતો; બરાબર સમજાવીનેકરતો હરતો
જમો(આ.ફા.) સરકારી રાંચ; કલમબંધી.

પાઠ ૧૧૮ મો.

દરજ=ઠરાવેલી રકમ.
વાકફગારી(આ.ફા.)માહોતી;જાણોતાપણુ
ખોરાકી પોષાકી(ફા.) ખાવા પીવાનું તથા લુગડાં લત્તાં વગેરે.
ટેબલ(અં.)મેજ.
દુરસ્ત(ફા.)ઠીક;સારૂં.
દરમાયો(ફા.) પગાર; મુસારો;મહિનો.

પાઠ ૧૧૯ મો.

જરૂરીઆત(આ.)ખપની; જરૂરની.
સાટું= અદલ બદલ, આપલે; બંદોબસ્ત.
બંધન(સં.)બાધક; કાયદો.
જબરદસ્તી(ફા.)જોરજુલમ;બળાત્કાર.

પાઠ ૧૨૦ મો.

નીરખ(ફા.) ઠરાવેલો ભાવ.
નિરર્થક(સં.) નકામાં; મતલબ વગરના; ફોકટ.(નિ:—અર્થક).
પાલવતો=ભોજતો.
સોદો(ફા.)માલ મતા.
સંગ્રહ(સં.) એકઠું; ભંડોલ; સીલીક.
રાંકડું=ગરીબડું.
મેહેણું=ઠપકો; કરેલો પાડ કહી બતાવવો.
સુકાળ(સં.)સારો વખત; સોંઘવારી.

પાઠ ૧૨૧ મો.

લાઇલાજ=બીન ઉપાય;લાચારી.
છાવણી=મુકામ;પડાવ
ફટકા=ચાબખા;કોરડા; સોઠીઓ મારવી તે.
પોલીસ(અં.)મારામારી વગેરેનો બંદોબ

સ્ત રાખનારૂં ખાતું.
કારવેહેવાર=વહીવટ.

પાઠ ૧૨૨ મો.

સ્પર્શ(સં.)અડકવું;લાગવું.
બ્લિસ્ટર(અં)ફોલ્લો; પલાસ્ટર;ફોલ્લો ઉઠાડવાને મારેલી પટી.
પ્રત્યક્ષ(સં.)ખુલ્લું;જાહેર;દેખાતું.
સોદી=હબશી.
સ્પર્શેંદ્રિ(સં.) લાગવાની ઇંદ્રિ.
ચીકટ=ચીકણી તેલ જેવી વસ્તુ.

પાઠ ૧૨૩ મો.

એકર(અં.) ચાર રૂડ; ૪૮૪૦ ચોરસ વાર
કિત્તા=ભાગ;કકડા.
રાચ રચીલું=ઘર શણગારને શોભતા લકડ સામાન વગેરે.
સંતોષી(સં.)આનંદી; સબુરીવાળો.
અગન્યસ્ત્રો (સં.)અગ્નિથી ફોડવાનાં બંદુક, તોપ વગેરે હથિઆરો.
સરહદ(આ.) સીમા; મર્યાદા.
વિસ્તીર્ણ(સં.) મોટું; વિશાળ;વિસ્તારવાળું.
અરણ્ય(સં.) જંગલ.
પટ=પોહોળાઇ.
ખેડાણ=ખેડવાનું કામ; ખેતી વાડી.

પાઠ ૧૨૪ મો.

ખંડી=ખંદન.
અડવે=ઉઘાડે; ખુલ્લે.
ઓચ્છવ (સં.) મોટી ખુશાલીનો દાહાડો; રૂડું ટાકણું.
સપરમો=સારો; રૂડા ટાકણાનો. [ર
દુપદાઇ(સં.)દુખદેના

પાઠ ૧૨૫ મો.

પરશેવો=પસીનો.
જગતકર્ત્તા(સં.) જગતનો બનાવનાર ઇશ્વર.
ચીકટવાળો=ચીકણો.
મુંબાઇગરો=પોળોજી.
માઇલ(અં.) આસરે પોણો ગાઉ.

પાઠ ૧૨૬ મો.

મનરંજન(સં.)મનને ખુશ કરે એવી.
ગુણોત્તર(સં.)ગુણનો જવાબ. (ગુણ-ઉત્તર).
નાથ(સં.) સ્વામી; ધણી
પોથી=ચોપડી.
અંતરબાહારલાપિકા=માંહેથી ને બાહારથી સમજાય એવી જે સમસ્યા; ભેદ પ્રશ્ન.
આદ્ય(સં.)પેહેલાના.
અવિચળ(સં.)જે ગળે નહીં તે;નાશ પામે નહીં એવો.
દનદન(સં.)રોજરોજ.
વરણ(સં.)અક્ષર;રંગ.
ગામેતી=પટેલ.
શાશ્વતું=અવિનાશી;
નાવ=હોડી;વાહાણ.
સાંચરશે=જશે;પેંસશે
ખડ=ઘાસ.

(કવિતાની સમજુતી). (૧૮).

નર્ક લોકનો રાજા કોણ છે? દહિંમાંથી તત્વ શું નીકળે છે? નાના છોકરાંની ચોપડીનું નામ શું લેવાય છે? ઘેરે ઘેર સ્ત્રીઓ ઘણું રોજ ખાવાનું શું બનાવે છે? એ ચારે સવાલોના જવાબ કે ચતુર માણસ મનમાં વિચારીને કોહો. જો તમો સમજીને કહી શકો તો તમને માન આપીને ઓટલી પર બેસાડું, પણ નહીં સમજી શકો તો કહું છું કે (જમ ઘી ચોપડી રોટલી), એટલે રોટલી ઘી ચોપડીને ખાઓ.

ઉપર જે ચાર સવાલો પુછેલા છે તેના ચાર જવાબ છેલ્લી લીટીમાં જે (**જમ, ઘી, ચોપડી, રોટલી**) એ ચાર શબ્દો લખેલા છે તેજ છે. એટલે નર્કનો રાજા **જમ** અથવા **યમ**, દહીંનું તત્વ **ઘી**, બાળકની પોથીનું નામ **ચોપડી**, અને ઘેરે ઘેર સ્ત્રીઓ ઘણું રોજ ખાવાનું **રોટલી** કરે છે. એ ચાર સવાલોના ચાર જવાબ સમજવા.

(માંહેથી ને બાહારથી સમજાય એવી સમસ્યા).

૧. નાળીએરમાં શું હોયછે? ૨. કપટ કરતાં આખરે શું રહેછે? ૩. ગામડામાં મોટી પદવી કોની હોયછે? ૪. ગટે નહીં એવું શું છે? ૫. મોટામાં મોટું દુઃખ સૌથી શું છે?

ઉપલા પાંચ સવાલોના પાંચ જવાબના પાંચ શબ્દોની પેહલેનો અને છેલ્લેનો અક્ષર દબાવીએ અથવા કાહાડી નાંખીએ, ને પછી દર એક શબ્દ માંહેલો જે વચલો અક્ષર રેહેછે તેથી એક નામ થાયછે તે કયું? એ વચલા અક્ષરોથી એક એવું નામ નીકળશે કે જેની વાણી ખોટી નહીં પડે એવો એ ક તે દેવ છે, તે તેની રેહેમ નજર રોજ રોજ પેહેલા પદના

પેહેલા અક્ષરના નામ ઉપર રાખી રેહે, એવું વચલા અક્ષરના નામ વાળા કવિ કેહેછે.

ત્યારે ઉપલા પાંચ સવાલોના પાંચ જવાબ તે કયા? દેવનું નામ નીકળેછે તે નામ કયું? તે દેવ પેહેલા પદના પેહેલા અક્ષરના નામ ઉપર રેહેમ નજર રાખી રેહે તે નામ કયું? અને વચલા અક્ષરના નામ વાળા કવિ તે કયા?

(જવાબ નીચે પ્રમાણે).

૧ કોપરૂં. ૨ ધરમ. ૩ ગામેતી. ૪ શાશ્વતું. ૫ મરણ.

પરમેશ્વર. શ્રી અમદાવાદ. દલપતરામ.

(એનો ખુલાસો વધારે નીચે પ્રમાણે).

શ્રીફળમાં શું હોય? (કોપરૂં). **દ**ગો કરતાં શું હારે? (ધરમ).
અધિક ગામડા માંહી **લ**હે કોણ પદવી ભારે? (ગામેતી)
મરે નહીં તે કોણ? (શાશ્વતું) **પ**રમ દુઃખ સૌથી શું છે? (મરણ)
દાટી આદ્ય ને અંત **ત**હાં જે નામ રહ્યું છે.
વાચા અવિચળ એ દેવ છે **રા**ખી રેહેમ નજર રેહે;
દન દન પદ આદિ વરણ પર **મ**ધ્ય વરણ કવિ જન કેહે.

ઉપર જે ૧, ૨, ૩, ૪, ૫, એવા આંકડા વાળા પાંચ જવાબ કહ્યા તેનો દર એકનો પેહેલો ને છેલ્લો અક્ષર દાબી રાખી બધા વચલા અક્ષર લઈએ તો **"પરમેશ્વર"** એવું નામ થાયછે. તેમજ આ પેહેલી છ લીટી લખીછે તેના ડાબી બાજુના દર એકના પેહેલા અક્ષર લઇએ તો **"શ્રીઅમદાવાદ"** એવું નામ થાયછે; અને જમણી બાજુ તરફની છ લીટીના દર એકના પેહેલા અક્ષર લઇએ તો **"દલપતરામ"** એવું નામ થાયછે.

માણસ સેહેજ વાતમાં સારી બુદ્ધિ નહીં વાપરશે તો તે વખતે વરસાદે પણ તરશે મરશે, ને સારૂં વાહાણ મળશે તોપણ તે તરનાર નથી, અને પરમેશ્વર મળશે તોપણ તેનું કામ થનાર નથી; વળી પારકી શેરીમાં જઇને ઘેરે ઘેર ખુશામત કરશે પણ તેનું કામ થનાર નથી. માટે જો આ શિખામણ સાંભળીને તે પ્રમાણે નહીં વરતવામાં આવશે તો પછી તે માણસ સારી શીખામણ યાદ આવ્યાથી આંખમાં પાણી લાવશે, (રડશે).

પાઠ ૧૨૭ મો.

બાહ્યગોળ(સં.)બાહારથી ગોળ.
અંતરગોળ(સં.) માંહેથી ગોળ.
ધોરણ=રીત,રસ્તો.
ખદખદતાં=તરવરતાં.
સચી=નમી.
કરગસ=કણી.
જોગવાઇ=તક;વખત; દાવ;સમો.
ખાતરનિશા(આ.ફા) ખાતરી;ખાતરજમા

પાઠ ૧૨૮ મો.

સ્વચ્છતા(સં)ચોખ્ખાઈ; સ્વચ્છપણું.
છિદ્રો(સં.)કાણાં.
બાઢો=થીજેલો,ઠરેલો.
વસ્ત્ર (સં.) લૂગડાં.
વળગણી=ખીટી જેવું લૂગડાં ભેરવવાનું.

પાઠ ૧૨૯ મો.

ધનવાન(સં.)પૈસાદાર
નિર્ધન(સં)ગરીબ;રંક
ઉમેરો=વધારો.
લક્ષેશરીઓ(સં.)લાખો રૂપીઆના ધણી
અસંતોષી(સં)સંતોષ વગરના;તરપત નહીં
દરિદ્રી (સં.) દળદરી; કંગાળ.
દુર્દશા(સં)ખરાબ હાલ
ખાતરી(આ.) ખાતર જમા; ખાતર નીશા.

પાઠ ૧૩૦ મો.

તાલેવર(આ.)પૈસાદાર
વિભાગ(સં.) ભાગમાંથી ભાગ કરેલા તે.
રક્ષણ(સં.)સંભાળ.
પંકિત(સં.)હાર; ઓ-ળ;ગતી.
મોજશોખ=ચેનબાજી
કુમાર્ગ(સં.)નઠારો રસ્તો.
સમાર્ગ(સં.)સારેરસ્તે

પાઠ ૧૩૧ મો.

દરદી(ફા.) દરદવાળો; રોગવાળો; રોગિષ્ટ.
અસુખી (સં.) દુઃખી, સુખી નહીં તે.
જીવન(સં.)જીવતર.
દર્દ(સં.)દુઃખ;દુખાવો
વૈદ્યશાળા(સં.)દરદીને ઓસડ મળવાનું

દેકાણું;દવાખાનું.
દગાળો(ફા.)દગાખોર
અનંતા(સં.)ઘણાજ.
ઉછાળો=ખરચમાં વાપરો.
હઠીળો= મમતવાળો; હઠ નહીં એવો;જીદ્દી.
અખે(સં.)નાશન પામે એવી.
રીઝ=ખુશી.
ભૂમધ્ય(સં.) પૃથ્વીની વચ્ચે.
અમે દાન(સં.)બીક-વિનાનું દાન.
નિહાળો=નજર કરો, જુઓ.
ફસાવી=ફાંસામાં લાવી;કબજામાં લાવી.
ભરમાવી=ભમાવી.
હાંડલી=હાંલ્લી;રાંધવાનું વાસણ.

(કવિતાની સમજુતી). (૧૯).

રોગીને તમો ઓસડ આપો, તે જેમ જીવતદાન દીધું હોય તેમ ગણાશે; અને તેથી તમારા પર તરત પ્રભુની મેહેરબાની થશે.

પરમેશ્વરની પુરે પુરી પ્રીતિ મેળવવા સારૂ આજ મેહેનત કરવામાં તમો કસર નરાખો; દુઃખી થતા લોકોના મોટા જથાને પાળો, અને તેઓ બીમારા દરદીઓને ઓસડ આપી તેઓના રોગને મટાડો. (૧). જે માણસ શરીરે સુખી તે બધી વાતે સુખી છે એમ જાણો, અને જે શરીરે દુઃખી છે તે સઘળી વાતે દુખી છે એમ જાણો; માટે એવા કોઈ ગરીબ દુઃખીને જોઇને મનમાં દયા લાવો, અને તેવા દરદીઓને ઓસડ૦(૨). તમે જરા પણ વિચાર કરીને જોશો ત્યારે એથી તમને મોટું પુન્ય નજર આવશે; માટે સારા પુરૂષો તમો તમારો જીવ દયાળુ રાખીને દરદીઓને ઓસડ આપી૦ (૩). સૌથી સારી વૈદક શાળા બંધાવો, અને તેમાં સારા વિદ્વાન શોભિતા વૈદો રાખો; જે દગાખોર વૈદ્ય માલમ પડે તેને કાહાડી મૂકો, અને દરદીઓને ઓસડ આપી૦ (૪). જો મોટા વૈદો મોટી વૈદક શાળાઓ સ્થાપે, તો અગણિત પ્રાણીઓ તેઓને આશિષ દેશે;

માટે અરે ભાઈઓ એવા કામમાંજ તમારા પૈસા વાપરો, અને દરદીઓને ઓસડ આપી૦ (૫). અરે પ્રભુ એને તેં ભલે પૈસા આપ્યા, કે જેથી દુઃખી લોકોના દુઃખ ઓસડ એણે આપીને મટાડયા; જે રોગ કે ઘણાજ ઉપાયોથી નહીં જાય એવા હતા તે એ ઓસડથી ગયા, માટે દરદીઓને ઓસડ આપી૦(૬). આવા કામથી લોકોમાં તમારી કોઈ દિવસ જતી ન રેહે એવી કીર્ત્તિ ફેલાશે, અને તેથી ઇશ્વર પણ ખુશી થઇ તમારા પર પ્યાર રાખશે; વળી એથી તમારૂં સારૂં નામ આ પૃથ્વી પર તમો જોશો, માટે દરદીઓને ઓસડ આપી૦ (૭). કોઈપણ રોગને મટાડવાને કામ કર્યું, એ તો આજના વખતમાં અભય દાન દીધા બરોબર છે; તેથી રોગી માણસનો રોગ જઇ તે નીરોગી થશે તે જુવો, અને દરદીઓને ઓસડ આપી૦ (૮). માટે શીખીને અને સાંભળીને આ છંદોને યાદ રાખો, અને સારા માણસો આ વાત સારી પેઠે મનમાં રાખો, અને દવાખાનાં ઠામ ઠામ મંડાવો, એવું **દલપતરામ** કવિ કહેછે કે હું માગું છું.

હર કાંઈ પદાર્થનું રૂપ કે રંગ બદલીને કોઇને જે છેતરે, અને પછી તે જે મનમાં મગન થાય છે તે બીલકુલ ફોકટ છે; કેમકે તે દગાની વાત હંમેશા કાંઇ છાનો રેહેનાર નથી, પણ જે ખરે ખરી હશે તે કોઇ દહાડો પણ ખુલ્લી થશેજ. એક વાર કદાચ આપણે કોઇને ભમાવીને ભોળવશું, પણ ફરીથી તે આપણા પર વિશ્વાસ રાખી છેતરાવાનો નથી; જેમ કાગળની હાંલ્લી કોઇ માણસ બનાવે તો તે એકજ વાર પણ ભાગ્યે ચૂલા પર ચડશે, (મતલબ કે તે બળી જશે), તેમ પેલો માણસ પણ એકજ વાર છેતરાશે.

પાઠ ૧૩૨ મો.	ત; મંડાણ.	ગાદીપતિ=ગાદીનો ધ
આરંભ(સં.)શરૂઆ	શરૂઆત(આ)મંડાણ	ણી;ગાદી અધિકારી.

વિખ્યાત(સં.) નામી-ચો; પ્રખ્યાત.
પ્રતાપી(સં.)મોટો; કિર્તિવંત; નામીચો.

પાઠ ૧૩૩ મો.

પરાક્રમી(સં.)ભારે કામના કરનારા.
સ્વાધીન(સં.)હવાલો; કબજો.
તખ્ત(ફા.)ગાદી; રાજઆસન.
સ્વતંત્ર(સં.)આપ અખ્તિઆર.

પાઠ ૧૩૪ મો.

ખલીફા(આ.)મુસલમાનમાં એક કીતાબ છે.
ઇસુ ખ્રિસ્ત= ખ્રિસ્તી લોકોનો તારનાર.
કુબર(આ.)ઘોર.
વેરો=કર.
ક્રુસેડ(અં.)ખ્રિસ્તી લોકો સાથે તુર્કી લોકોની થયલી લડાઈ.

પાઠ ૧૩૫ મો.

આચાર્ય(સં.)ગુરૂ.
પોપ(અં)ખ્રિસ્તીલોકોનો મુખ્ય આચાર્ય.
ધર્માધ્યક્ષ(સં.)ધર્મના કામમાં મોટો.
મજબૂતી(આ.) ટેકો; પુષ્ટી.
ઉમેદવાર(ફા.)ઉમેદના રાખનારા.
ધર્માધિકારી(સં.) ધર્મના અધિકારી; ધર્મના કામમાં નીમેલા મોટા તે,(ધર્મ-અધિકારી).
ફરીઆદ(ફા.)દાદ.
રેફાર્મેશન (અં.) ધર્મ સંબંધી ફેરફાર; ધર્મ સુધારો.

પાઠ ૧૩૬ મો.

વગડાઉ=જંગલી.
બચાવ=રક્ષણ; સંભાળ; જતન.
લડવૈયા=લડાઇખોરા.
સૈકો=સેંકડો.
જય(સં.)જીત; ફત્તેહ.
વેરાન=ઉજડ.

પાઠ ૧૩૭ મો.

પ્રોટેસ્ટંટ(અં.)રોમના પોપની સામે થનારા.
હાડવેરી=કટ્ટા દુસ્મન.
દરિઆઇ(ફા.) સમુદ્ર માર્ગની.
તવારિખ(આ.) રાજા પાદશાહની થઇ ગયલી હકીકતનું પુસ્તક.

પાઠ ૧૩૮ મો.

કાંડું=પોહોચો.
પુખ્ત(ફા.)પાકી.
અસ્વચ્છ(સં.)સાફ નહી તે; મેલું.
પડદા=પડ.
દાકતર(અં.)અંગ્રેજી વૈદ-હકીમ.
રગો(ફા.)નસો.

પાઠ ૧૩૯ મો.

હૃદય(સં.) અંતઃકરણ.
ગતિ(સં.)ચાલ; શકિત
ચપળ=મજબુત; ચોક-

ણા.
જંતુ(સં.)જીવડા.
ટરટલ(અં.)કાચબો.
આહાર(સં.)ભક્ષ.

પાઠ ૧૪૦ મો.

ઘુંટવો=ઘેંચવો.
ઠેકડો=કૂદકારો.
તકતકતી=તેજ કરતી.
ભાગડાં=જાડા પડ.

પાઠ ૧૪૧ મો.

કાંચળી=સફેત ખોલ.
ભેદ(સં.)પ્રકાર.
ચાકળ=એક જાતનો બે મોંડાનો સાપ.
ઝાલર=ઝુલતી લટકતી ચાગડી.

પાઠ ૧૪૨ મો.

અગત્ય(સં.)જરૂર.
વિષય(સં.)બાબત.
ફરજો(આ.)ધર્મ;કામ
અમ્મર આત્મા (સં.) મરે નહીં એવો જીવ
અનંત(સં.)ઘણું જ; જેનો છેડો નહીં.
ઉદ્ધાર(સં.)છૂટકો; કલ્યાણ.
બેવકુફી(આ.)મૂર્ખાઇ
ટોટો=ખોટ.
અમૂલ્ય(સં.) ઘણોજ કીમતી.
કારમી=અજબ જેવી; થોડો વખત જે રહે એવી.
સુચના(સં.)ચેતવણી; ખબર.
વિશ્વ(સં.)જગત;પૃથ્વી
સત(સં.)સારવટ;સાચું તત્વ.
અવશ્ય(સં.)જરૂર.

પાઠ ૧૪૩ મો.

પેદાશ(ફા.)નીપજ; ઉપજ;આવક.
પગરખાં=જોડા,ખાસડાં.
ઇત્યાદિ(સં.)એ શિવાય
ઉત્તમ(સં.)મોટો;શ્રેષ્ઠ
પ્રત(સં.)ભાગ; ટુકડી
કનિષ્ટ(સં.)નીચું.
માલિક(આ.)ધણી.
અનુભવ(સં.)અજમાએશ;માહીતી.
સિદ્ધ(સં)સાબિત;નક્કી
દોલતવાન(આ.)પૈસાવાળા; માતબર.
સ્થિતિ(સં.)હાલત.

પાઠ ૧૪૪ મો.

ઉત્પત્તિ (સં.) જન્મ; પેદાશ.
ગુજર=ગુજરાત.
ગરૂઓ=મોટો.
વેગણપુર=અમદાવાદના એક પરાનું નામ
વિપ્ર(સં.)બ્રાહ્મણ.
સુંઝ=મેહેમદાવાદ પ્રગણામાં એક ગામ છે
શિરોમણ(સં.)માથાનો મણી.
વિશ્વનાથ(સં.)જગતનો ધણી;ઈશ્વર.
વિશ્વેશ્વરો(સં.)માહાદેવનું નામ છે.
નવખંડ(સં.) ભરતખંડ ને બીજા આઠ ખંડ મળી નવખંડ હિંદુ શાસ્ત્રમાં ગણે-

લાગે તે.
વાસણ=એક પુરૂષનું નામ છે.
રખિયળ(સં.)રખવાળી કરનાર.
રાજશ્રી(સં.)રાજેશ્રી
દસોદી=ઉપજનો દસમો ભાગ લેનાર.
ગમાનજી=ભાટનું નામ છે.
હરિજન(સં.)પરમેશ્વરને ઓળખીને ચાલનારો; હરિ ભક્ત.
કૃષ્ણકથા(સં.)પ્રભુની વાત.
પસાય=કર, કે કિમ્મત વગર જમીન અર્પણ કરવી તે.

પુન્યવંત(સં)ધર્માત્મા; ભાગ્યશાળી; ધર્મિષ્ટ.
બહુ ભાવિક=બહુ ભાવવાળા.
ભૂપતસમ(સં.)રાજાના સરખા.
ન્યાવટ=અદ્દલઇન્સાફ
સાવટ=સાહુકારી.
મંગણ=માંગનાર.
દેયણો=દેનાર.
હોડ=સરત, સામસામાં પક્ષ; હિમ્મત.
ગુણિજન(સં.)ગુણ વાળો માણસ.
શ્રવણે(સં.) કાને સાંભળે.
શિવપૂજન(સં.)મહાદેવની પૂજા.

સંચર્યા=ગયા; સોધાવ્યા; આવ્યા.
સિંહાસન(સં.)સિંહનું આસન, રાજગાદી, (સિંહ-આસન)
બત્રીશી=૩૨ પુતળીની વાતની ચોપડી.
તત્ખિણ=તાજી; તુરત; નવી
જમદૂત(સં.)જમ રાજાના ચાકરો.
દ્દવાળી=સોમા આણી
વૈતાળ પચ્ચીસી= મડા પચ્ચીસી.
સુકબોતેરી=પોપટે શેઠાણીને જે૭૨ વાતો કહી તેની ચોપડી.
તરણ=તરણું, તખણું.

(કવિતાની સમજુતી). (૨૦).

ગુજરાત પ્રાંત ઘણો મોટો છે તેના અમદાવાદ શેહેરના એક વેગણપુર નામના પરામાં જાતનો શ્રીગોડ માળવી બ્રાહ્મણ કવિ સામળ ભટ રેહેતો હતો. માતર પ્રગણાના (હાલ મેહેમદાવાદ પ્રગણાના)સુંઝ નામના ગામમાં વિશ્વનાથ વિરેશ્વરો એ નામના મહાદેવ જેનું નવે ખંડમાં નામ છે તેનું ધામ છે. એ ગામમાં મકવાણાબીના વંશમાં દેવ સરખો રખીદાસ નામનો રાજા જેવો જન્મ્યો

હતો. તેણે નવા કુવા વગેરે પાણીનાં ઠેકાણાં કરાવ્યાં હતાં, તેને ત્યાં રોજ પંડિતોની સભા ભરાતી હતી, અને તેનો આગળ દસમો ભાગ લેનાર ગમાનજી નામનો ભાટ તેના સારા ગુણો ગાતો હતો. ત્યાં અગણિત સદાવ્રતો માંડેલાં તે રોજ અપાતાં હતાં, અને પરમેશ્વરના ભગતો મળીને પ્રભુની કથા કરતા હતા. જ્યાં એ રખીદાસ પ્રજાનો રક્ષા કરનાર હતાં ત્યાં જરા પણ દુઃખ મળે નહીં, ને તેણે કર વગર ભીખારીઓનો ભૂખ ભાંગી ને તેમને જમાનો આપી હતી. તેનો વંશ સઘળો પુન્યવાન હતો, અને તેના ભત્રીજા બાહાદુર અને ભાવવાળા હતા, તેઓ સુખના દરિયા સરખા હંમેશા શોભતા, અને તેઓ પુન્યનાજ કામ કરવા વાળા હતા. તેના પાંચે છોકરા ભારે કામના કરવા વાળા હતા, અને તેઓ એક એકથી સરસ હતા; તેના ભત્રીજા પણ રાજાના જેવાજ હતા, તેઓનો ધનસાક અને સાહુકારી સારી અર્જીન હતી, તે પંડિતોને ઓળખી શકતો હતો અને કવિની ઇચ્છા પુરી પાડનારો હતો. માંગનારાઓને તે મોં માંગ્યું આપતો, અને પોતાની હિંમતથી હારી ન જતાં હર કંઇ વાતે ફત્તેહ મેળવતો હતો; તેના ગામમાં શાસ્ત્રની વાત સારી પેઠે જાણનારા ગુણી જનો આવતા, તેઓ તેને બહુ આશિષ દેતા, તેઓને તે ક્ષેમ કુશળતા પુછતો. તેણે ઘણાક શાસ્ત્ર સાંભળેલા અને તેને માહાદેવની પુંજા પર ઘણો ભાવ હતો; તેણે સઘળાને મોંડે સામળ ભટ કવિની સારી કીર્ત્તિ સાંભળી. પછી તેણે સામળ ભટને તેડું મોકલ્યું, અને હાથ જોડીને તેમને કહ્યું કે હે કવિરાજ સારા કામનાં કવિતાના પુસ્તકો તમો બનાવો. તેથી વિક્રમાજીત સંવત ૧૭૮૧ ના વરસમાં સામળ ભટ ખુશીની સાથે ત્યાં ગયા, અને નીચેના ગ્રંથો પછી તેમણે રચ્યા.

સિંહાસન બત્રીસી (૩૨ પુતળીની વાતો) તે ચોપડી તેણે તુરત કરી, અને મોટું શીવપુરાણ બનાવીને તેનો અર્થ સમજાવ્યો; જમના દૂતનો દંડ ટાળીને રેવાખંડ ખુશીથી કર્યો, અને ડાકોરનો ઠાકોર એ નામનું પુસ્તક ઘણું સરસ બનાવ્યું. વળી વૈતાળ પચીસી (જેને મડા પચીસી કેહેછે) તે બનાવી, ને સુડા બોતેરી એ બોતેર વાતની ચોપડી ખરા ભાવથી રચી, પવનને વશ જેમ તંબલું છે એટલે પવનના જોરથી તંબલા ને ઉડવું પડેછે, તેમ સામળ ભટ કવિએ ઉપલા ગ્રંથો બનાવ્યા છે, એટલે પોતાના પુસ્તકો યાદગારી દાખલ રેહે તેથી તે બનાવવા પડયાછે.

પાઠ ૧૪૫ મો.

શ્વાસોશ્વાસ(સં.)દમ
ક્રિયા(સં.)કામ; વીધી
ક્ષણ(સં.)લેહેજો, થોડી વાર.
ફેફસું=પેટમાં દમ લેવાની કોથળી હોય છે તે.
શાખા(ફા.)ફાંટા.

પાઠ ૧૪૬ મો.

અઘોર(સં.)બીહામણું; વીકટ.
કળણ=ચીકણો કાદવ.
લીલોતરી=વનસ્પતિ.
કોબીજ(અં.)એક જાતની વનસ્પતિ ખાવામાં આવેછે; એક જાતની લીલી ભાજીના દડા.
સપાટ=પાધરૂં; સરખું
સ્વાદિષ્ટ(સં.)સ્વાદદાર.
ક્વાસ=ખાંડ, મધ, મીઠું એ ત્રણે મેળવીને પાણી કરેલું તે.
કૂંજો=કુચ; ભૂટવો.
ચોડા=પોહોળા.

પાઠ ૧૪૭ મો.

જીવતર(સં.)જીંદગાની; જીવવું.
તત્વ(સં.)સાર; સારાંશ
ઉડાઉપણું=પૈસો મોહોળે હાથે વાપરવો તે
દળદર(સં.) દરિદ્રતા, કંગાલીઅતપણું.
વતન(આ.) આવક; જાગીરી; સ્વદેશ.
ટળશે=મટશે; દૂર થશે.

પાઠ ૧૪૮ મો.

જડત્વ(સં.)એકની એક જગોએ પડી રેહેવું એવો પદાર્થમાં જે ગુણ તે.
મુકરર(આ.)ઠરાવેલો.
વેગ(સં.)જુસ્સો.
આદમી(ફા.)માણસ.

ધસારો=હુમલો; ધસા
વરો; હલ્લો.
મૂળગું=બીલકુલ.
અનંતકાળ(સં.)જેનો
છેડો નહીં એવો વ-
ખત.

પાઠ ૧૪૯ મો.

આઘાત(સં.)કોઈ પ
દાર્થને પેહેલી ચોટ-
અથવા કાનને પેહે
લો સાદ મારીએ તે.
પ્રત્યાઘાત(સં.)હરકોઇ
જગોએ આપણે સા
દ મારીએ તો સા-
મો સાદ એની મેળે
સમજાય તે.
પતનકોણ(સં.)કંઇગો
ળ કે સ્થિતિ સ્થાપક
પદાર્થને આડો ફેં-
ક્યો તો જેટલા અં
શને ખૂણે તે મોંય-
ને કે કશા ને લાગશે
તેવખતનો પડતી વે-
ળાનો ખૂણો.
પરાવર્ત્તનકોણ(સં.)કં
ઇ ગોળ કે સ્થિતિ-
સ્થાપક પદાર્થ ફેંક્યો
તો તે પાછો ઉઠતી
વખત જે ખૂણો થા-
યછે તે.
ધક્કો=આચકો; હડ-
સેલો.
ચોટ=ટક્કર.
આકર્ષણ(સં.)ખેંચવું
સ્થિતિસ્થાપક(સં.)કો
ઈ પદાર્થને વાળીએ,
દાબીએ, કે તાણીએ
ને પાછો મૂકી દઇ-
એ તો જેવો હતો તે
વો થઇ જાય એવો
જે ગુણ તે.
અંશ(સં.)ભાગ
ગુરુત્વાકર્ષણ(સં.)ભા-
રનું ખેંચાણ.
ફુટ(અં.)સુથારી અ-
ડધો ગજ.

પાઠ ૧૫૦ મો.

ફૂલ્યો=હંકારે ભરાયો.
ભવકૂપ(સં.)સંસાર
રૂપી કુવો.
સર્યું=થયું; બન્યું.
વારજહી=આગહી
મિથ્યા(સં.)ફોકટ; વ્યર્થ.
જનુની=મા; માતા.
નિશ્ચિંત(સં.)ફિકર ના
હીં તે; નચીંત.
મમતા(સં.)અંહકાર;
પ્યાર; માયા.
પરી=વેગળી.
સરજનહાર=પેદા કર-
નાર; ઈશ્વર.
સફળ(સં.)સાર્થીક; ફ-
ળવાળો; સિદ્ધ.

(કવિતાનો સમજુતી). (૨૧).

અરે જીવ, તું અહંકારમાં શું ફરતો ફરેછે ? તું ભુલોને સંસાર રૂપી કુવામાં પડયો છે, ને માણસના શરીર રૂપી મણી તારે હાથ આવેલો તેં ખોયો છે; માટે તું અહંકારમાં શું૦ (ટેક).

તું ડાહ્યો થઇને જગતમાં ફરે છે તેથી શું તારૂં કામ થયું કે? તેં એમ જાણ્યું નહોતું કે જરા વારમાં જવું પડશે તો પછી તારી આબરૂ શી રીતે રહેશે! જ્યારે તું જમને હાથે ગયો ત્યારે તારૂં ડાહાપણ જણાયું, માટે તું અહંકારમાં શું૦ (૧). તારી વાંકી મુછ પર આગ ઉઠી, કેમકે તું નર્કને રસ્તે ગયો; તેં તારી માને ફોકટ ભારે મારી, અને તેથી તેં જન્મ ધર્યો તે ન ધર્યા જેવું થયું; તેથી તું જાણીને હવે ચેતી લે કે વખત પાસે આવી લાગ્યો છે. માટે તું અહંકારમાં શું૦ (૨). તને જો ધન દોલત અને મોટા ઘરબાર મળ્યાં તો તેથી શું થઇ ગયું? પણ જો તેં શીકર રાખીને પ્રભુ ભજ્યા નહી તો તારા જીવતરને ધિક્કાર છે; તો તે તારૂં જીવ્યું પણ ધિક્કાર ભરેલું કે ઈશ્વરે તને શું કરવાને બનાવ્યો! માટે તું અહંકારમાં શું૦ (૩). આ મારી શીખામણ મનમાં લઈ તું સઘળી લલુતા વેગળી મૂક, ને તને પેદા કરનારને યાદ કર અને તારી જીંદગીનું સારથક કર; જો એમ કરશે તો ધીરો ભક્ત કેહે છે કે તું ઘણો સૌથી સારો કેહેવાશે. માટે તું અહંકારમાં શું ફરતો ફરે છે? (૪).

પાઠ ૧૫૧ મો.

રણ(સં.)મેદાન; જંગલ; સંગ્રામ.
નીલ (અં.) આફ્રિકા ખંડમાં નદી છે.
હરસાલ(ફા.)દરવરસે
કાંપ=કચરો.
રોપ=છોડ.
એરંડા=દીવેલા.
ઝાંપ=ઝાંખું દેખાવું તે
હેલો=આચકો.
પ્રાચીન(સં.)જુના.
પિરમિડ(અં.)રાજા-કરવાની જગો; મુડદાં સંઘરવાની જગો.
ચરિત્ર(સં.)કરેલાં કામો—લક્ષણો.
રજુ(આ.)હાજર.
નવસ્ત્રા(સં.)નાગા; ઉઘાડા; નગ્ન(ન-વસ્ત્રા)

પાઠ ૧૫૨ મો.

ખડખચડી= ખાડાખબચાવાળી.
ગોળાકાર(સં.)ગોળમટોળ.
ગરગડી=ઘરેડી. [ત.
બુદ્ધિમાન(સં. અક્કલવં

લપસણા=લપસી પ-
ડાય એવા;સરકણા.
ઉંજવું=તેલ ચોપડવું
પાઠ ૧૫૩ મો.
ઘરડાવરડા=બાપદાદા
ટપાટપ=ઝડપો ઝડપ.
ફાંસિઆ=ગળામાં ફાં
સો નાંખી મારી નાં-
ખીને લૂટનારા લૂ-
ટારા;દગાખોર.
શીતળા(સં.)સહોએડ
સતી(સં.)સત પાળ-
નારી સ્ત્રી;કોઈ બા-
યડી પોતાનેહાથે ચિ
તા સળગાવીને પો-
તાના મરેલા ધણી-
ના મુડદાં ભેગી બ-
ળી મરે તે.
બાળહત્યા(સં.)બચ્ચા
ને મારી નાંખવું તે.
દિલગીર(ફા.)નાખુશ.
પાઠ ૧૫૪ મો.
રતીપુર(સં.)જરાક;ચ
ણોઠી જેટલું.
ચડકચડક=ઉછળઉછળ.
સદાકાળ(સં.)હંમેશ.
સર્વેશક્તિમાન(સં.)સ
ર્વે ઠેકાણે જેની શ-
ક્તિ છે એવો જોરા-
વર ઈશ્વર.
પ્રાર્થના(સં.) સ્મરણ;
સ્તુતી.
બજાવીએ=પાળીએ.
દોષ(સં.)પાપ;ગુનો.
પાઠ ૧૫૫ મો.
જોબન(સં.)જુવાની.
ઉમર=ઉમરો.
પાદર=ભાગળ;બજાર;
ઝાંપો.
પરદેશ(સં.)પારકોદેશ;
પર મૂલક.
કેશ(સં.)વાળ;બાલ.
હળવા=આઘા;જૂદા.
ઢળાવો=વળાવો.
રાબડી=સુખમેવો;સુંઠ
શાકેર,ઘી,વગેરે નાં-
ખી ઉકાળેલું પાણી.
પ્રાતસકાળ(સં.)વાહા
ણું;સહવાર.
જૂજવા=જૂદા.
ફટફટ=તુચ્છકાર.
દ્વાર(સં.)બારણું;ઘર
વાંસળી=રૂપીઆ ઘાલ
વાની ગુંથેલી વેણના
આકારની કોથળી.
જગવાસ(સં.)જગત-
ના રેહેવાસી.

(કવિતાની સમજુતી). (૭૨).

અરે, આ ઘડપણ કોણે મોકલ્યું ! હું તો જાણતો હતો કે હમેશાં જુવાની કાયમ રેહેશે ! તો હવે આ ઘડપણ કોણે મોકલ્યું. (ટેક). ઘડપણમાં એવી અશક્તિ આવી ગઈ કે બારણા નો ઉમરો ઓળંગવો તે તો ડુંગર ઓળંગવા જેવો થઈપડયો, અને ગામની ભાગળ તે તો પ્રદેશ જેટલી દૂર લાગેછે, તથા

પાણીની ગોળી આગળ પાણી પીવા જવું તે તો ગંગા નદી જેટલું દૂર લાગે છે, અને શરીરના વાળ ધોળા થઇ ગયા; તો ઘડપણ કોણે મોકલ્યું. (૧). અરે નહોતું જોઇતું ને શા માટે આવ્યું (ઘડપણ), મેં તો તારી રાહા પણ જોઈ નહોતી; ઘરમાંથી મારો ભાર બોજ સઘળો ગયો, અને ઘરના માણસો સૌ કેહેછે કે હવે એનો ખાટલો એક ખુણામાં વાળો; તો ઘડપણ૦ (૨). નાનપણમાં લાડવા ભાવતા અને ઘડપણમાં સેવ ભાવે છે; વળી રોજ રોજ રાબડી (મેવો તથા સુંઠ અને સાકર વગેરેની ઉકાળીને કરે છે તે) જોઇએ છીએ, એવી ઘડપણની ટેવ બળી, તો ઘડપણ૦ (૩). સહવારના પોહોરમાં અંન વગર મારો જીવ ગભરાયછે; અને ઘરના તો કેહેછે કે તું મરતો કાંય નથી, તને અમથો બેસી રેહેતાં શું થાયછે! માટે ઘડપણ૦ (૪)! છોકરા તો છેક દૂર (જૂદા) થયા; ને વહુઓ ગાળો દે છે; તેમ છોકરીઓને તેમના વર લઈ ગયા; ત્યારે હવે મારા ઘડપણની શી વલે! માટે ઘડપણ૦ (૫). નવ નાડીઓ (શરીરમાં મોટી નસો છે તે) છૂટી પડી ગઇ, અને મરવાનો વખત આવી લાગ્યો; બૈરાં છોકરાં હવે મારો તીરસ્કાર કરેછે, અને નાહાનાં છોકરાંઓ ગાળો દેછે; માટે ઘડપણ૦ (૬). જ્યારે મરવા કાળ આવ્યો ત્યારે છોકરાઓ ઘરમાં આવીને બેઠા, તેઓને કમ્મરે બાંધેલી રૂપીઆની વાંસળી (લાંબી ગુંથેલી કોથળી) હતી તે છોડીને આપી. માટે ઘડપણ૦ (૭). આવું સાંભળીને (જાણીને) જગતના લોકો પરમેશ્વરને ભજો, અને પારકાનું સારૂં થાય એવા કામો કરો તો તેથી સુખ પામશો, એમ નરસઈ મેહેતા કેહેછે. ઘડપણ કોણે મોકલ્યું. (૮).

પાઠ ૧૫૬ મો.

દાટો=બુચ; દટો.
મુખ્યત્વે(સં.)ઘણું કરીને.
સરકવાને=જવાને;હાલવાને.
સ્ક્રૂ(અં.)પેચ; ફેર
સજ્જડ=મજબૂત.
ઝપાટો=જોસ્સો;સપાટો.
યંત્ર શાસ્ત્ર(સં.) શિલ્પશાસ્ત્ર;કારીગર વિદ્યા

પાઠ ૧૫૭ મો.

વરાળયંત્ર(સં.)વરાળનો સંચો.
ઘનફુટ(સં-અં.)એક ફુટ લાંબો, એક ફુટ પોહોળો ને એક ફુટ ઉંડો.
દેગ=મોટો દેગડો.

પાઠ ૧૫૮ મો.

સડક=અજબ;સડ.
ચોકસાઈ=ખબરદારી
સામર્થ્ય(સં.)જોર.
ટાંકીઓ=નળીઓ.
ખુરકી(ફા.)પગરસ્તો
વાહન(સં.)બેસવાનું.
અળાય=અટકે.

પાઠ ૧૫૯ મો.

ગૂચવણ=મુશીબત.
પવનચક્કી=પવનથી ફરતી ચક્કી.
સૂતર=સેહેલ;સુગમ.

પાઠ ૧૬૦ મો.

સીધાં=હબસી.
ગૂછળીઆળા=ગૂચ્છળા વાળા.
મૂર્તિપૂજક(સં.)મૂર્તિ પૂજનારા.
હબસી(આ.)આબીસિનિઆના લોકો.
રૂઢી=રીત;ચાલ.
પ્રદેશ(સં.)આસ પાસનો મૂલક;પારકો દેશ.
મૂર(અં.)બાર્બેરી દેશના લોકો; મુસલમાનો ધર્મ પાળનારા.
તૂર્ક(અં.)તુર્કસ્તાનના લોકો.
એકો=એક સંપ.

પાઠ ૧૬૧ મો.

બંધીવાન(હિં.)કેદી.
ખૂન(હિં.)કાપી.
કેર=જુલમ;દુઃખ.
બેરંગી=બે રંગના.
કોમળ(સં.)કુમળા.
સુશોભીત(સં.) સારા શોભીતા;શોભાયમાન;સુંદર.
ભોમિઓ= જાણીતો; લહિઓ; વાકફગાર.
ડચ (અં.) હોલંડના લોકો.
વતની(આ.)દેશી.
કાફર(આ.)લુચ્ચા.
હોટેન્ટો(અં.)કેપ ટાઉનના રેહેવાસી.
બદશિકલ(ફા.) ખરાબ દેખાવ;કદરૂપ.

પાઠ ૧૬૨ મો.

કલ્પના(સં.)તર્ક; વિચાર;ખ્યાલ.
હલેસાં=આચકા.
ઇજનેર(અં.) ઇજનેરી કામનો જાણ-

નાર; યંત્રકાર.
ઉપલાણે=ઉપલે પાસે

પાઠ ૧૬૩ મો.

યુનાઇટેડસ્ટેટ્સ(અં.) મળી ગયલા સંસ્થાનોનું રાજ્ય; ઉત્તર અમેરિકામાં એક દેશ છે.
શીતકાળ (સં.)ઠંડની મોસમ; શીઆળો.
ગરજના(સં.)ગડગડાટ; અવાજ.
ઇંડિઅન(અં.) યુનાઇટેડસ્ટેટ્સના અસલી રેહેવાસી; ઉત્તર અમેરીકાના વાસી
સત્કાર(સં.)આદરમાન; આદર ભાવ.
આબાદ(ફા.)વસ્તી તથા પાકમાં સુધરવું તે
પ્રેસિડેંટ(અં.)સરનશીન; પ્રમુખ; અધ્યક્ષ.
અધિકારી(સં.)ઓધેદાર; દરજ્જાવાળો.
સેનેટ(અં.)રાજકારભારી; પ્રધાનો.
મુખત્યાર(આ.) જેને કુલ અખત્યાર આપેલો તે; કરતો હરતો.

પાઠ ૧૬૪ મો.

ધનવાન(સં.)પૈસાદાર
પૂર્વજો(સં.)પીતૃ; મરેલા ઘરડા વરડા.
સુધરાઈ=સુધારો; સુધારાનું કામ.
અપમાન(સં.)બે કુરમત; માન ભંગ.
પ્રધાન(સં.)મંત્રી; દીવાન; વજીર.
પદવી(સં.)દરજ્જો; હોદ્દો; હકુમત.

પાઠ ૧૬૫ મો.

અખિલ(સં.)સઘળા.
અખૂટ(સં.)ખૂટે નહીં તેટલો; ઘણોજ.
સકળ(સં.)બધું; સંપૂર્ણ
સૈન્ય(સં.)ફોજ; લશ્કર
સંહારી(સં.)મારી; પાએમાલ કરી.
કરતાર=પેદા કરનાર.
અમ્મર(સં.)સદા કાયમ; મરે નહીં તે
ભાગ્યશાળી(સં.)નસીબવાન; સકર્મી.
કુશળ(સં.)સહીસલામત; સારાપડે.
કુળવંતી(સં.)સારા કુળની; ખાનદાનની.
શિર-તાજ (સં-ફા.) માથાનો મુગટ.
રક્ષા(સં.)રક્ષણ; સંભાળ; જતન.
ભૂગોળ(સં.)પૃથ્વીનો ગોળો; પૃથ્વી ગોળ.
સજ્જન(સં.)સારામાણસ,(સત-જન).
પ્રતિપાળ(સં.) રક્ષણ કરનાર; પાળનાર.
ધરમાળ(સં.) ધર્મિષ્ટ; પુન્યાત્મા; પુન્યવંત.
ઉછરંગ=ઉમંગ.
નીશંક(સં.)શક વિના
દાખો=મોલો; જમાવો
સંકલ્પ(સં.) વિચાર; મનસુબો; પણ લેવું તે

નિષ્ફળ(સં.)ફળ નહીં તે;ફોકટ;ફળવિનાના.
અફળ(સં.)ફોકટ; ફળ વિનાના; મિથ્યા.
શઠ=ઠગ;ઢાંડ.
ત્રાહી ત્રાહી(સં.)રક્ષા કરો;રક્ષા કરો.
કોટી(સં.)ઘણા;કરોડ.
તૃષ્ણા(સં.)ઇચ્છા.
હરશો=દૂર કરશો.
બેલી = ધણી; વાલી; સાથી.
અધરમ(સં.) ઓછું; ધર્મથી હલકું.
ભ્રષ્ટ જન(સં.) નઠારા માણસ;ફીતુરી;પાપી
રસિક(સં.)રસપડે એવા; રમૂજી.

(કવિતાની સમજુતી). (૨૩).

આખા જગતના પરમેશ્વર રાત ને દિવસ તું હમારી પ્રાર્થના તારા ધ્યાનમાં લે, અને સરવે પ્રકારનું સુખ અને દોલત તે તું વિકટોરિઆ રાણીને તારા ન ખૂટે એવા ભંડારમાંથી આપ; આખા જગતમાંના તેના દુશમનના લસ્કરને તું તુરત મારી નાંખ, અને સઘળા જીવને પેદા કરનાર હે પ્રભુ, તું વિકટોરિઆ રાણીને લાંબા આવરદાવાળી કર. (૧). એ રાણી ઘણી રૂડી નસીબવાન, વિદ્યામાં જાણીતી, સારા કુળવાળી અને હેતેશરી ઘણી દયાળી છે; માટે હે માહારાજ (ઇશ્વર) એ રાણીના માથાના મૂગટનું રક્ષણ તેના શત્રુને મારીને કર; ઓ ઇશ્વર આ વખતમાં આખી દુનિઆ તું એના તાબામાં આપ, અને કોઇ દિવસ જાય નહીં એવો એનો અમલ અમારી પર હંમેશા રાખ, અને સઘળા જીવને પેદા કરનાર૦ (૨). ઘણા વરસ સુધી હંમેશા એનો અમલ હમારા પર કાયમ હોજો; એના રાજમાં પાપીઓ દંડાયછે, અને સારા માણસો સુખી થાયછે, તેથી એનો ઇનસાફ દુનિયામાં વખાણાયછે; એવી સરવેને પાળનારી અને ધર્મિષ્ટ રાણી ઘણા વરસ જીવો, ચુગલી કરનાર તથા ચોર પોતાના કર્મનો સ્વાદ ચાખો; અને સઘળા જીવને પેદા કરનાર૦ (૩). એની સર્વ પ્રજા પર પ્રીતી ઘણી છે તેથી

આખી દુનિઆ તેના પર રાજી છે; અને એ હંમેશા આ દુનિઆમાં કાયમ રોહો કે જેથી હમે એના ગુણ માટે અવાજે ગાઇએ; ઇશ્વર હમને તું ઘણા ઉમંગના સારા દિવસો આપ, કે જે દિવસો પાપીને તે ઝાંખા જણાય, અને સઘળા જીવને પેદા કરનાર૦ (૪). એના રાજથી બેશક ઘણા લોકો સુખીઆ થયા ને તેથી એનું કામ ઘણું વખણાયછે; એ માટે આ લોકમાં એનું પ્રતાપી રાજ હંમેશાં રોહો, ને હંમેશા એનું નામ કાયમ રોહો; રાણી ઘણું જીવો, રાણી ઘણું જીવો એમ આખી દુનિઆના લોકો મોંડે બોલો; અને સઘળા જીવને પેદા કરનાર૦ (૫). પાપીના નઠારા વીચારોને નાફળ કર, અને તેથી તેઓની મેહેનત ફોકટ જાય એમ કર; વળી લુચ્ચા ઠગારાઓ જેના વીચારો દુનિઆના લોકોને દુઃખી કરવાના છે તેઓ પોતાના મમતથી હારીને નબળા પડો; ને હે પ્રભુ, આજના વખતમાં એ પાપીઓ હિમ્મત છોડીને તોબા તોબા થાય એમ કર, અને સઘળા જીવને પેદા કરનાર ૦(૬). હે ઈશ્વર આજે તમે મોટી દયા કરીને અમારી પર સારું રાજ્ય સ્થાપ્યું, અને નઠારા માણસોએ રાજ ભોગવવાની ઇચ્છા કરીને દગાથી કેટલુંક દુઃખ દીધું; માટે હે ઈશ્વર આ વખતે તમે એકદમ ઉઠો (એ લોકોનો નાશ કરો), સારા માણસો દુઃખી થાય છે તે તમે કેમ જોયા કરો છો ! અને સઘળા જીવને પેદા કરનાર ૦ (૭). તમારા સેવકને તમારો પુરો ભરોસો છે કે પાપીનો નાશ કરીને અમારાં દુઃખો દૂર કરશો; કારણ કે તમે ધર્મના વાલી છો અને અધર્મના શત્રુ છો, તેથી તમારા નામ પ્રમાણે કામ કરશોજ; હજારો લોકોનો મોટો જથો દુઃખી થાય છે તેથી સઘળે ઠેકાણે એકદમ શાંતી કરો (બલવો બેસાડી દો), અ

ને સઘળા જીવને પેદા કરનાર ० (૮). સઘળા લોકો, આ વખતમાં દુનિઆના પાળનાર (પરમેશ્વર) પાસે હેતથી એવું માગો કે હે માહારાજ, રાણીનું રાજ હમેશાં કાયમ રોહો, અને પાપીઓનું બળ નરમ પાડો; સરવે કોઇ હાથ જોડી પગે લાગીને પરમેશ્વર પાસે એવું માગો કે આપણા માહા રાણીની સઘળે ઠેકાણે જીત થાઓ; આ સુંદર નવ છંદો દલપતરામે સ્તુતી કરવાને માટે ભાવથી કીધા છે. (૯).

પાઠ ૧૬૬ મો.

પાધરોદોર=સીધો;દોરો જેવો.

પાટડા=ભારવટીઆ.

ચોલો=ધરેડ.

સુગમ=સેહેલ.

પાઠ ૧૬૭ મો.

સ્પર્શશકિત(સં.)લાગવાનું બળ.

મંદ(સં.)ધીમું;સુસ્ત.

ફુકા=શ્વાસલેવાની જે કોથળી.

ધારાળા(સં)ધારવાળા

બાંમ(અં.)	}	જુદી જુદી માછલીનાં નામ
સીહાર્સ(અં)		
સનફીશ(અં)		
શાર્ક(અં.)		
લાંપ્રે(અં.)		

પિંજર=પાંજરૂં.

પાઠ ૧૬૮ મો.

પરિધ(સં.)ઘેર.

સરાસરી(ફા.)સરખે ભાગે ગણતાં.

મધ્યબિંદુ(સં.)વચમાંની જગો.

પૃષ્ટ(સં.)પડ; બાજુ; પાનું.

મહત્વ(સં.)મોટાઇ.

પેગમ્બર(ફા.) મુસલમાની ધર્મ સ્થાપનારો.

વેદમારગી (સં.) વેદને માની ચાલનારા;વેદાંતી.

અનુસરી(સં.)મુજબ; મળતાં આવીને.

પરચુરણ=જૂદાજૂદા.

પાઠ ૧૬૯ મો.

સમાંતર(સં.) સરખું અંતર-છેટું,(સમઅંતર).

લંબ(સં.) એગમ સમખૂણો કરનારી ઉભી લીટી.

ઝોકતી=વંકાતી;નમતી;ઢળતી..

પ્રયોગ(સં.) અજમાયશ;કરી જોવું.

પાઠ ૧૭૦ મો.

ઉત્તરધ્રૂવ(સં)ઉત્તર તરફનો અચળ તારો

ગોળાર્ધ(સં.) અડધો ગોળ,(ગોળ-અર્ધ).

અર્ધગોળ(સં.)અડધું

ગોળ.
સ્થળે(સં.)જગ્યાએ.

પાઠ ૧૭૧ મો.

દ્વિઅર્થી(સં.)બે અર્થવાળા;બે માએનાના
ભોજનશાળા(સં)રસોઇ ખાનું;રસોઇ કરવાનું ઠેકાણું.
નિરમળ(સં.)ચોખ્ખી
લીપીધારા=લીપવાના ધારા;લીપેલી જમીન;શબ્દની ચોપડીનું નામ.
પાટલે=લાકડાના પાટીઆનું બેસવાનું કરેલું તે; પાટલે.
અબોટીઆં= રેશમી જમવાનું કપડું; બોટેલાં નહીં તે.
શોળે=નવેણે;નાહેલો; સોળે આંક.
શિરવાળો(સં.)માથાવાળો;સરવાળો.
પોળી=પડવાળી રોટલી;પોહોળી.
શાકર=ખાંડકરતાંમીઠી વસ્તુ;સાહુકારના હાથ;હાથે પકડ.
પત્રાળી(સં)પાંતરાની ગુંથેલી બાજ; પાનાવાળી ચોપડી.
પડીઆ=દડીઆ.
શિશુકર(સં.)બાળક.
શાક=કંઈ લીલોતરીને રાંધેલી તે;સન;શક.
કચાશ=કાચું;અધુરાપણું;કચાઈ.
હેતુ=હેતવાળા; વાહાલે શરી;મતલબ;કારણ.

(કવિતાની સમજુતી). (૨૪).

આ સારી ભોજન શાળા છે કે ચોખ્ખી નિશાળ છે, તે વિષે દલપતરામના મિત્રો વિશાળ વાત સાંભળો.

લીપવાના ધારા મનમાં લાવીને પૃથ્વી લીપીને સારી ચિત્રેલી છે, ને ગામના કોણ કોણ માણસો આવેલા દેખાય છે તેનાં નામ ગણેછે. (૧). શરીરે અબોટીઆં પેહેરીને પંગત(જમવાને) પાટલે બેઠી, ને હું નાહેલો છું એમ સમજીને માથાના બધા વાળ સાથે બાંધેછે. (૨). રોટલીને (ઘીએ) ચોપડીને ઉપર શાક મુકી, સારી રીતે પત્રાળી પુરીને હારો હાર પડીઆ (દડીઆ) મુકયા છે. (૩). કોઇક રારી રીતે શીખંડ કરીને બે ગોળામાં ભરેછે, ને જયાં તાપ છે ત્યાં ભોંય પર તપેલી પડેલીછે ને જયાં ઠંડક છે ત્યાં બરણી મૂકીછે. (૪). કોઈક તો સા-

રાં શાહતાં કરતાં શીખેછે, ને કોઈક તો સારી રીતે ભાત કરે-છે; ને કોઈક તો પ્રખ્યાત શાક કરતાં શીખેછે, ને હે મિત્રો મેં તો લાડવા દીઠા. (૫). વળી વડાં તો જેમ વરસાદ થતો હોય તેમ પીરસાયછે, ને તેના ભણી દહીં પણ જાયછે (પીરસાયછે); ને કોઈક તો તેમ ને વડાં ખાયછે, ને છોકરાં તલના દાણા હાથે ગણી ગણી (વીણી) ખાયછે. (૬). જે માણસ તેલ ખા-ય નહીં તેને માટે આ ઓરડી પાસે ઘી છે, તેમાંથી ચમચા વતી સો ટીપાં આપે તો પછી જમવાની કચાશ મટે. (૭). જે માણસ ખાઇને ઉઠે તેના ભણી ઉપરી માનને વાસ્તે એક પત્ર (પાનની બીડી)વાળીને આપેછે, ને તે ઘણા વાહાલેશરી(ખાઇને) ધરાયછે. (૮).

લીપી ધારા (શબ્દોની ચોપડી) શીખ્યા પછી પૃથ્વી સા-રી ચિત્રેલી છે (નકશો કાહાડેલો છે), તેમાં કયા કયા ગામ કઇ કઈ દિશાએ આવેલાંછે તેનાં નામ માણસો ગણેછે. (૧). છોકરાઓની હાર બેઠી બેઠી નહીં શીખેલા પાઠના ભાગ હા-થમાં લઇને ભણે છે, ને સોળે આંક ભણીને ઘણા આંકડા-ઓ સાથે સરવાળો કરેછે. (૨). શાહુકારો (શાહુકારના છો-કરા) એ સારી ચોપડીઓ હાથમાં લઇને પોહોળી કરી, ને ઝાઝા પાનાવાળી સારી ચોપડીઓ તે આ હારો હાર પડીછે. (૩). કોઈક તો પૃથ્વીના ગોળા આગળ બેસીને ખંડ ભરેછે, ને જ્યાં તાપ છે ત્યાં ગરમ દેશ છે ને જ્યાં ટાઢ પડેછે ત્યાં બરફ વાળા દેશો છે. (૪). કોઈક તો સુધારાની વાત, અને કોઈક તો સારી રીત ભાત શીખેછે, ને હે મિત્ર કેટલાક લાડકવાયા (છોકરાઓને) પ્રખ્યાત શક ગણતાં મેં દીઠા. (૫). વળી જે માણસ ઉમ્મરે મોટા તેઓ ભણી ઉતરીને કાંઇક શી

આવી જાયછે, તેઓ કેટલાક પત્રમાં મોટા ગણાયછે, ને નાના છોકરાઓને હાથે ગણિત લખાયછે. (૬). જેનાથી ગણિત લખાય નહીં તેને આઘી ઓરડી પાસે પાંચ પાંચ સોટી પડે, ત્યારે તે તેની મેળે ક્યાસ તજી દે. (૭). જે ભણી ઉઠે તેને તેનો ઉપરી એક સરટીફીકેટ(અભ્યાસ તથા સારી ચાલવગેરેનું) વાળો કાઢીને આપે, જેના અનેક કારણો ધરી શકાય. (૮).

આ કવિતામાં વાક્યોનો અર્થ જૂદો જૂદો જેમ ભોજનશાળા અને નિશાળ એ બેમાં સમજાવ્યો છે, તેમ એ પાઠના શબ્દના અર્થ વિષે પણ એવડો અર્થ કરી બતાવ્યો છે.

પાઠ ૧૭૨ મો.

સફર(આ.)જળમાર્ગની મુસાફરી.
છૂટાપણું=સ્વતંત્રતા.
પાયતખ્ત(ફા) રાજધાનીનું શેહેર.
પ્રબળ(સં.)જોરાવર.
પરવાનગી(ફા.) રજા.

પાઠ ૧૭૩ મો.

અખત્યાર (આ.)અધિકાર;સત્તા.
હઠીલાઇ=જીદ્દ;મમત.
ગરદનમાર્યો=ઠારકર્યો; કતલ કર્યો.
પ્રમુખ(સં)સભામાંજે મોટો તે; અધ્યક્ષ; વડો;સરનશીન.
પુરૂષાર્થિ(સં.)જોરાવર;કસવાળો.

પાઠ ૧૭૪ મો.

શાહાજાદો(ફા.) બાદશાહનો છોકરો.
સેનાપતિ(સં.)ફોજનો સરદાર(સૈ-ચા-પતિ)
જીત(આ.)ફતેહ;યશ.
પરાજય(સં.)હાર.
એકસંપી(સં.) એકમતિઆ;એક દિલના.

પાઠ ૧૭૫ મો.

સૈકો(સં.)સેંકડો; સો.
લગભગ=નજદીક.
પડતી= હાર, નબળો દાહાડો;પેઠી.
યુદ્ધ(સં)લડાઇ.

પાઠ ૧૭૬ મો.

તારાજ=પાએમાલ.
શેહ(ફા.)ડાબ;ડરાવવું તે;બેટકાવ.
નિર્બળ(સં.) કમજોર.
નવાબ(આ.) મુસલમાન સૂબો.
જાગીર(ફા.)વતન.
સેના(સં.)ફોજ.
બીના(ફા.) હકીકત; વાત;હેવાલ.

પાઠ ૧૭૭ મો.

ભૂગોળરેષા(સં.)ધારણ લીટીથી પૂર્વે પ-

શ્ચિમ જે અંતર (ભૂ
ગોળ વિદ્યામાં).
વિષુવવૃત્ત(સં.)ભૂગો-
ળના ગોળા ઉપર બ
રાબરમધ્ય ભાગે લી
ટી પાડવી તે.
અક્ષાંસ(સં.)વિષુવવૃત્ત
ને સમાંતર લીટીઓ
દોરવી તે.
અંશ(સં.)ઉત્તર ધ્રુવથી
દક્ષિણ ધ્રુવ સુધી દો-
રેલી લીટીઓ.
ધ્રુવ(સં.)પૃથ્વીનો ઉ-
ત્તર તથા દક્ષિણ છે
ડો;ઉત્તર દિશામાં ઉ
ગેછે તે તારાનું નામ
પ્રત(સં.)અસલ લેખ;
મૂળ દસ્તાવેજ.
શુન્ય(સં.)મીડું; કંઈ
નહીં;રદ.

પાઠ ૧૭૮ મો.

રેખાંશ(સં.)પૂર્વથી પ
શ્ચિમ સુધી દોરેલી
લીટી.
શિત કટિબંધ(સં.)પૃ-
થ્વી પર ઉત્તર અને
દક્ષિણ ધ્રુવની ફરતી
ઠંડી જગો.
સમશિતોષ્ણ કટિબંધ
(સં)જેમાંટાઢને ગરમી
સરખી છે, એવીજે
પૃથ્વી પરની જગો તે
ઉષ્ણ કટિબંધ(સં.)પૃ
થ્વીની મધ્યેના બાહુ
ગરમી પડેછે તે જગો
દક્ષિણોત્તરવૃત્ત(સં.)દ
ક્ષિણથી ઉત્તર લગી
જનારી લીટી.
રેખાંશવૃત્ત(સં.) ઉત્ત
ર ધ્રુવથી દક્ષિણ ધ્રુવ
સુધી વિષુવવૃત્ત ઉપ
ર લીટી દોરાયછે તે
વૃત્ત(સં.)પૃથ્વી પર ઉ-
ત્તર દક્ષિણ તથા પૂર્વ
પશ્ચિમ દોરેલી લીટી
કટિબંધ(સં.)પૃથ્વીપર
બે શીત, એક ઉષ્ણને
બે સમશી તોષ્ણ, એ
વા પાંચ ઠેકાણાં છે તે

પાઠ ૧૭૯ મો.

યોગ(સં.)મેળાપ.
કારમો=અજબ રીત-
નો;ઓર તરેહનો.
ધારમાં=ધારનહીં; વિ-
ચારીશ નહીં.
નેમ(સં.)નીમ; ધારો.
ઝાંખ=જો;નજર કર.
સાંધ=કરવા માંડ,પકડ
જોત(સં.)તેજ; દીવટ
રણક્ષેત્ર(સં.)લડાઇનું
ઠેકાણું.
નેત્ર(સં.)આંખ.
અલ્પ(સં.)થોડું;જરા
હામ(આ.)હિમ્મત.
જામ(ફા.)પોહોર;પ્યા
લું;રાજા.
મુક્તિ(સં.)છૂટકો;ઓ
દ્ધાર;કલ્યાણ.
અગમને=નસીબને.
દીનતા(સં.)ગરીબાઇ
પ્રખ્યાતી(સં)નામદારો
ધૈર્યતા(સં.)ધીરજ;સ-
બુરી.
ઇશ(સં.) ઇશ્વર; પ્રભુ.
તત્કાળ(સં.)તુરત;ઝટ

(કવિતાની સમજુતી). (૨૫).

જીવવું એ જરૂરનું અને સાચું છે, પણ એવું ન જાણવું કે મસાણકાંઠો એ છેલ્લું જ ઠેકાણું છે; જીવનો ને ખોળીઆનો જે કારમો મેલાપ તે એકજ ઠેકાણે ઠરેલો છે એવું ધારતો નહીં (મતલબ કે તે હંમેશા રેહેશે એવું ધારવું નહીં); હે માટીના માણસ તારી કાયા માટીમાં ગળી જશે એવું તું જાણ, જીવ તો જૂદો પડીને જાયછે પછી તે જાણતો નથી કે અહીંઆ કાયાના શા હાલ થાયછે. (૧). આપણે આ પૃથ્વી ઉપર જનમીને બહુ મોજ શોખ કરો, કે નહીં તો આપણા હૈયામાં દલગીરી લાવો, પણ એમાંનું કાંઇ આ જગોએ (પૃથ્વી પર) કામનું નથી એમ આપણે નકકી જાણવું; માટે ઘણી ખુશીથી આજથી કાલે વધારો થાય એવો હંમેશનો નીમ રાખીને સારીપેઠે ઉદ્યમ કરો અને સારાં કામ કરો, પછી તો જે વાંદરો હોય તેજ નઠારો વેહેમ લાવે. (૨). મોતની પાંખ તું બારીકીથી જો કે જેનાથી વીજળીનો વેગ પણ હારી જાય, રે ભાઇ આ વખતમાં કશા હુન્નરનો પાર નથી માટે જે સારી રીત હોય તે શીખવા માંડ; જે માણસ દિલના કઠણ ને શરીરે બાહાદુર છે તે પણ ઉદાસ થઇને મોતનો પ્રકાશ ઘણોજ જાણેછે, કે અંતે "રામ બોલો ભાઇ રામ" થશે ને એવા શબ્દ બોલી મસાણમાં લઇ જશે. (૩). જગત રૂપી રણક્ષેત્રને તું આંખથી જોઇ હોંસે તપાસી લે કે તે થોડી વાર રેહે એવું છે, અને હિમ્મતથી મનમાં જાણી લે કે એ ઠેકાણું માત્ર બે પોહોરનું છે, એ તને ન માલમ પડે તો તારી આંખે જોઇ લે; માટે હિમ્મત ભરેલાં કામ કર કે તારૂં નામ હંમેશા કાયમ રેહે ને પરમેશ્વર પણ તેવાં કામના પુન્યથી તારો ઓદ્ધાર કરે; આ જગતમાં જેમ ઢોર ચાબક મારવાથી ચાલેછે

તેમ તું પરમેશ્વરના પ્રતાપથી ના થા (એટલે તને ચાબક મારવી પડે નહીં તારી મેળે સમજ). (૪). મારૂં સઘળું સારૂં થશે એમ જાણીને ભવિષ્ય ઉપર રેહેવું તું નક્કી છોડી દે, જે વાત વીતી ને ગઈ તે છો જતી એમ જાણ ને તે મનમાં ખેદ લાવીને સંભાર નહીં; હાલનો વખત તો સૌથી સારો છે એમ જાણ અને દોષને કાઢી નાંખી કંઈ ઉદ્યમને પકડ, દિલમાં ગરીબાઈ જણાવીને મનમાં ઇશ્વરને રાખીને હિમ્મતથી તુરત તાકીને કામ કર. (૫). મોટા મોટા માણસોની જીંદગી આપણને યાદ આવીને એમ બોલેછે કે, એમાંના એક પણ માણસના નાક એક તરણાને તોલે પણ ક્યાં હતા? તો તેજ માણસ ઘણી કીર્ત્તિ પામ્યા ને જેના ભારે જોર જામ્યા, તો એમ જો આપણે મનથી ચાહીએ તો આપણી પણ દુનિઆમાં સારી કીર્તિ થાય. (૬). દુનિઆમાં સારી નેકી કરીને એવાં કામ કરો કે જેથી નામની નિશાની રહી જાય, જેથી આપણો દાખલો જોઇને કોઇ માણસ મનમાં એથી ધીરજ માની લે; જગતરૂપી દરિઆમાં ફરવતાં જેનું વાહાણ ખરાબા (રૂપી કુમાર્ગે) પર ચઢયાથી ભાંગે, તે માણસ એખલો તે ઘડી પોતાની પાસે કંઈ ન રહ્યાથી સમુદ્રમાં આથડે (મતલબ કે પડે તેને પીડા, કંઇ સારૂં કામ કીધું હોય તો આડે આવે). (૭). માટે ચાલ ભાઈ તું તૈયાર થા ને હિમ્મતને ઉલટ મનમાં રાખીને કામને પકડ, ને આળસ તજી દઇને બહુ ઉલટથી ચંચળાઈ રૂપી જાળ નાંખીને ધંધામાં મંડ (ઉદ્યમને પકડ), ધીરજ રાખીને કારમાં કામ કર ને કામ કરતાં કદી પણ હારી જા નહીં, ને જ્યારે કામ પુરૂં થાય ત્યારે પૈસાની વાટ જો, જો આવી રીતે કરશે તો ઇશ્વર તને સેહેજ આપી રેહેશે. (૮). હે અલ્યા માણસ મારી

વાત સાંભળી આ સારા નવ છંદ ગાઈને ગુણવાન થા, એમાં જે વાત કહી તે ખરા ધ્યાન પર લઈ મનમાં નઠારા વીચાર લાવ નહીં; રંક રણછોડની વિનંતી વાંચીને તુરત મનમાં તેનો તોલ કર, અને જો મનમાં સુખ ચાહે તો પરમેશ્વરની ભક્તિનો ભાવ રાખી તેનો દાસ થઈ તેની સેવા કર. (૯).

આ કવિતાની છેલ્લી લીટીમા "મનસુખ" એ શબ્દ લખ્યો છે તે મનસુખ એટલે 'મનને સુખ' તે પણ ખરૂં, અને **મનસુખ** તે આ કવિતા કરનાર રણછોડનો મિત્ર થાય.

પાઠ ૧૮૦ મો.

આકુ=ચપુ; છરી.
કારીગરી (ફા.) કીસબ; હુન્નર.
સથાર=ટાંકણાથી પથ્થર ઘડનારા કડીઆ.
ભિક્ષુક(સં) ભીખારી; ભીખ માંગનારા.

પાઠ ૧૮૧ મો.

મુખ્ય ગ્રહ (સં.) મોટા ગ્રહ.
ઉપગ્રહ (સં.) નાના ફરતા ગ્રહ.
વેસ્તા= / આસ્ટ્રીઆ= / જૂનો= / પાલાસ= } જૂદા જૂદા ગ્રહ
સોરેસ= / બ્રહસ્પતિ(સં) / યુરેન્સ(અં.) / નેપચ્યુન(અં) } નાં નામ છે.
ધુમકેતુ (સં) પૂછડીઆ તારા.
ખગોળવેત્તા(સં.) આકાશ વિદ્યાનો જાણનાર; જોશી.
ખંડન(સં.) ભંગ; રદ.
સિદ્ધ(સં.) સાબીત.

પાઠ ૧૮૨ મો.

ઉઘરાણી = નાણાની માંગણી.
અપ્રમાણિકપણું (સં) જુઠાણું; સાચવટ નહીં રાખવી તે.
દેણદાર=દેવાદાર; કરજ વાળો.
વિશ્વાસઘાત(સં.) ભરોસો તોડવો.
દગલબાજી(ફા.) દગાનું કામ; ઠગબાજી.
લેણદાર=માંગનાર.
કરજદાર(આ.ફા.) દેવાદાર; દેવાવાળો.

પાઠ ૧૮૩ મો.

દબદબો(આ.) ભપકો.
મછીમાર=માછી; માછલી મારનારા.
ઝૂંડ=ટોળાં; જથા.
હેતાળ=હેતવાળા; વાહાલા; વાહાલેશરી.
પરોણાગત=પરોણા

ની ચાકરી.

અગણિત(સં.)ગણાય નહીં તેટલા; ઘણાજ

પાઠ ૧૮૪ મો.

સહી સલામત (આ.) ક્ષેમ કુશળ;સારીપેઠે.

માહિતગારી=વાકેફગારી;જાણીતાપણું.

અઘોર(સં)બીયામણા

અંગાખ્રા=ઘઉં,ખાંડ ને સાકર નાંખીને કરેલી રોટલી; બી-સ્કીટ.

ખખડાટ=અવાજ.

ઉરાંગ ઉટાંગ (અં.) જળ માણસ; એક જાતનો વાંદરો.

દાંતીઆ=ધુરકીઆ.

પડખો=પડોસ.

હેબકી=ભયપામી,બીહી;હિમ્મતથી હારી.

કુંદા=બંદુકનો પાછલો ભાગ.

પાઠ ૧૮૫ મો.

મલાઇ=મલાકાનારે-હેવાસી.

દૂરબીન (ફા.) આઘેની ચીજ પાસે દેખાય એવો કાચનો સંચો

વાવટો=નિશાન.

ઝાંઝ=મોટું વાહાણ.

ગાબડું=બાકું;ગાબચું

ઉલેચો=કાહાડી.

જળવાશી થયા (સં.) બૂડી ગયા.

બિસ્કિટ(અં.)અંગાખ્રી.

ગરક(આ.)ગેબ;ડૂબી જવું.

સુનમુન=ચુપ.

દિલાસો(ફા.)ધીરજ.

વાહાણવટી=નૌકાશાસ્ત્રના જાણનારા;ખલાસી.

વછૂટું=વેગળું; જૂદું.

પાઠ ૧૮૬ મો.

ગર્ભવાસ(સં.) ગર્ભમાં રેહેઠાણ કરવું.

વળ્યો=ફટકીગયો; વળી ગયો;મેહેકી ગયો.

વરણાગી=છેલાઈ.

નેહ(સં.)સ્નેહ;ચાહા;માયા;પ્યાર.

કબુદ્ધી (સં.) નઠારી અક્કલ;ખરાબ મતી

હરાયું=ભટકેલ;રખડેલ;બાવરૂં.

છત=દોલત; સોલાક; સંઘરો.

જગપાળ(સં)જગતનો પાળનાર,તે ઇશ્વર.

તારણ(સં.)સાર;નકી

સુમાર્ગ(સં.)સારો રસ્તો.

કંપવાયુ(સં.)ધ્રુજારી થાય એવો વા.

ગત(સં.)ગતિ; ગાન; હોસ.

પરીબ્રહ્મ(સં.)ઇશ્વર.

મર્મ(સં.)ભેદ;છુપીવાત

વરી=ખપી;વવરાઇ.

અવધ(સં.)હદ;મરવાનો વખત.

જગદાધાર(સં.)પરમેશ્વર;જગતનો આધાર;

(જગત-આધાર). દારૂણ(સં.)ઘણું;ભયકાર;મોટું. નરકમોઝાર(સં)જહન્નમની ખાડીમાં;નરકકુંડમાં.

(કવિતાની સમજુતી). (૨૬).

હે માણુસ તને તારી માતાના ઓદરમાં નવ માસ સુધી ઇશ્વરે રાખ્યો ને તારૂં સારૂં રક્ષણ કીધું, એ તારા પર ઇશ્વરે મોટી દયા કરી, તેણે તને હમેશનું સુખ આપ્યું; હવે તું તે ઇશ્વરને કેમ ભુલી ગયો? (ટેક). તુ દસ પંદર વરસનો થયો ત્યાં સુધી સારી રીતે તને ઉછેર્યો, અને સારી રીતે પરણાવ્યો, તોપણ તેં એક ઘડી ઇશ્વરનુ ભજન કીધું નહીં, ને મનમાં કંઈ દયા લાવ્યો નહીં, અને જ્યારે તું વીસ વરસનો થયો ત્યારે તો બીલકુલ ફાટી ગયો કે મનમાં પ્રભુને કાંઈજ સંભાર્યો નહી! માટે હે માણુસ તને તારી માતાના ઓદરમાં. (૧). પચ્ચીસ વરસનો થયો ત્યારે તો વરણાગીમાં વાંકો વાંકો ફરવા લાગ્યો, અને મગરૂરી અને મોટાઈથી છેલાઈમાં છાકી રહ્યો, પણ જ્યારે ત્રીસ વરસનો થયો ત્યારે ઘણી પ્રીતિથી સ્ત્રીને હેત કરવા લાગ્યો ને મોહી પડયો, માટે હે માણસ. (૨). હે નઠારી બુદ્ધિના ખળ માણુસ તેં ન્યાત જાતમાં નઠારૂં નામ કહેવાડ્યું, અને પૈસાને માટે ભટકતા ઢોરની પેઠે ફરીને લોકોને તું ઠગેછે; પછી જ્યારે ચાળીસ વરસનો થયો ત્યારે પૈસાથી તું છેક છાકી ગયો, માટે હે માણુસ. (૩). તારા ઘરના ધંધામાં તું ગાંડાની માફક મંડેછે પણ પરમેશ્વરને તેં એકુ દાહાડો યાદ કર્યો નહીં, તારા મોટા કામનો તો કાંઇ પારજ આવતો નથી, અને તારી પાછળ સંસારીની ભારે વીટમણા થઇ છે, હવે તારી ઉમ્મર જ્યારે પચાસ વરસની થઇ તોપણ તું ઠરીને એક ઠેકાણે બેઠો નહીં. માટે હે માણુસ. (૪). દયા, દાન, પુન્ય, માન

અને ગરીબાઇ એ તો તારા મનમાં આવ્યાંજ નહીં, પણ તું
અહંકારમાં જીકાઇને લોભની લાલચમાં ગરક થઇ ગયો; પછી
જ્યારે સાઠ વરસનો થયો ત્યારે તો તારી બુદ્ધિ છેક ગઇ, પણ કાંઇ
લાભ મેળવ્યો નહીં, (નફો દેખાયો નહીં) એટલે પ્રભુનું ભજન તેં
નવ કીધું. માટે હે માણસ. (૫). જ્યારે સીત્તેર વરસનો થયો
ત્યારે કશું ભાન રહ્યું નહીં, અને પોતાનો વકાર જતો રહ્યો;
અને કુટંબના માણસો જરા પણ માન રાખે નહીં તોપણ તું
પોતાનું હુંપદ મૂકે નહીં; અને પ્રભુથી બીહીને સારે રસ્તે
ચાલ્યો નહીં, ને બીહીને ડગલું ભર્યું નહીં. માટે હે માણસ.
(૬). જ્યારે એંસી વરસનો થયો એટલે તો આંખે પણ સુઝે
નહીં ને અંગ થરથર ધ્રુજ્યા કરે, ને શરીરમાં ધ્રુજારીનો વા
પેદા થયો તોપણ પ્રભુનું સ્મરણ કરતો નથી; પણ મૂરખ તું
માયામાં ઘેરાઇ ગયો અને જરા પણ ચેત્યો નહીં, માટે હે મા
ણસ. (૭). તું ઘરડો થયો એટલે તો તારી શક્તિ છેક ગઇ
તો પણ તેં પ્રભુને ભજ્યા નહીં, અને કાંઇ પણ સમજીને દાન
પુન્યતો કીધાંજ નહીં, અને કંઇ ખરો ભેદ સમજ્યો નહીં, એ
રીતે મારૂં તારૂં કરતાં નેવું વરસ તો વહી ગયા, માટે હે મા-
ણસ. (૮). આ પૃથ્વી ઉપર મનુષ્યા દેહનો અવતાર નઠારા પા
પી કામોનાં પાપથી છૂટવાને માટે પ્રભુએ આપેલો છે, તે છતાં
સો વરસ પુરાં થયાં અને મરવાનો વખત આવ્યો તો પણ
ભુંડાઇનો ભારજ ભર્યો; એ રીતે તું ભુલો પડયો અને તારી
જીંદગી ફોકટ ગુમાવી કેમકે પ્રભુને તેં સંભાર્યા નહી. માટે
હે માણસ. (૯). પ્રભુને તેં મનમાં આણ્યો નહીં ને જગતના
પેદા કરનાર ઇશ્વરને તેં ઓળખ્યા નહીં, હવે જ્યારે મરી જશે
ત્યારે તને ધરમ રાજા પાસે બાંધીને લઇ જશે તે વખતે તું

પડયો પડયો બુમો પાડશે, તેવારે ભયંકર દુઃખ દેખીને આંખોમાં પાણી આંણશે (રડશે). માટે હે માણસ. (૧૦). પછી તે જમ રાજાએ તારો હીસાબ જોયો તો તારા નામામાં ઘણી ખોટ દેખાઇ તેથી તને નરકમાં નાંખવાને ફરમાવ્યું, અને કહ્યું કે એ ઘણો પાપી છે એ વાત ખરી છે કે ખોટી તે એને પુછો. માટે હે માણસ. (૧૧). આવાં દુઃખથી જયારે કાયર થયો ત્યારે ઘણી આજીજી કરવા લાગ્યો, અને કહ્યું કે મને એકવાર બાહાર કાઢો, હવે પ્રભુ હું તારૂં કદી ભજન ભુલીશ નહીં; એ રીતે જયારે કાલા વાલા કીધા ત્યારે દયારામ કેહે છે કે તારો પ્રભુએ પાછો હાથ ઝાલ્યો, (નર્કમાંથી છોડાવ્યો).માટે હે માણસ તને તારી માતાના ઓદરમાં નવ માસ સુધી ઇશ્વરે રાખ્યો. (૧૨).

પાઠ ૧૮૭ મો.

જલદ(ફા.)ઉતાવળો; ચંચળ; આકરો.
તેજસ્વી(સં.)તેજવાળા; પ્રકાશિત.
રંગિત=રંગેલા.
બિંબ(સં.)સૂર્યના કીરણનું ગોળ ધાબું.
પ્રકાશિત(સં.) તેજવાળો, ચળકતો.
આભલાં=વાદળાં.

પાઠ ૧૮૮ મો.

લેશ(સં.)જરા.
લક્ષ્મી(સં.)દ્રવ્ય;પૈસો
કૌરવ(સં.)દુર્યોધન રાજાના ભાઇ, તે બધા મળી સો હતા.
પાંડવ(સં.)પાંડુ રાજાના દીકરા તે પાંચ હતા; (યુધિષ્ટર, ભીમ, અરજુન, સહદેવ, ને નીકુલ).
ખંડી(સં.)ઉચ્છેદ કાઢયું; ભંગ કીધી.
છંડી=છાંડી;છોડી.
દિલ્લિપતિ=દિલ્હીના રાજા—બાદશાહ.
સુલતાન(આ.) મુસલમાન રાજા.
પરિપૂરણ(સં.)પૂરેપૂરા; બરાબર.
કુસંપ(સં.)બેદિલ;જુદાઇ;સંપ નહીં તે.
કોશ(સં.)ભંડાર
શત્રુતા(સં.)દુશ્મનાઇ
સુખવંત(સં.)સુખી.
સાબ=આબરૂ;ઇજત શાહેદી.
છડીધર=છડીધરનાર; ચોપદાર.
આયુષ્ય(સં.)આવરદા
રિદ્ધિ(સં.)દોલત.

ઉપભોગ(સં)સુખ ભોગવવું.
ઇંદ્રપુરી(સં.)ઇંદરાજાની નગરી.
અનુસાર(સં.)મળતી.
નોખ=શોભા;ટેક.
કોટીધ્વજ(સં.)ક્રોડપતિ;લખેશરી.
સુંદરી(સં.)ખુબસુરત દેખાવની સ્ત્રી.
ગુણસાર(સં)સારાગુણવાળો;સારો ગુણ.
મર્દ(ફા.)પુરૂષ;નર.
ઠાર=ઠેકાણું;જગો.
ગર્દ=રજ;ધુળ.
જીવત(સં)જીંદગાની;જીવવું.
ચરણ(સં.)પગ.
ત્રિલોક(સં.) સ્વર્ગ,મુત્યુ, ને પાતાળનાજે લોકો,(ત્રિ-લોક).
હસ્ત(સં.)હાથ.
કરણ(સં.)કાન.
કૃપાળ(સં.)મેહેરબાન
અભાગી(સં.) કમનસીબવાન.
ધ્રુ(સં)સાચો;ખરો;સૈથી મોટો; ભાવ વાળો;આકીનવાળો
આયુ(સં.)આવરદા.

(કવિતાની સમજુતી). (૨૭).

સંપ કીધા થકી સુખ થાયછે ને સંપથી કજીઆ કંકાસ દૂર થાયછે; જેના ઘરમાં સંપ હોતો નથી તેને જરા સુખ સમજવું નહીં. તે માટે હે ભાઇ હું તને મનમાં ઉલટ રાખીને કહુ છઉં, કે પૈસાનો લોભ મૂકી દઇને સંપની સંગત કર (સંપ કર). (૧).

જુઓ કે પૈસાને વાસ્તે મોટા કૌરવ પાંડવે સંપની ઇચ્છા છોડી તો તેઓના કુળને મૂળમાંથી ખંડી નાંખ્યા; તેમજ ઘણા હિંદુઓના રાજ સંપ તજવાથી જતા રહયાં, અને દિલ્લીના મુસલમાન બાદશાહો તેઓના ઘરમાંથી સંપ ગયાથી ત્યાં ફુટ ચાલી; જે માણસને અતિશય દ્રવ્ય મળે પણ સંપ વિના તેને કદી સુખ થાય નહીં, જો ઘરમાં ઘણો કુસંપ હોય તો મોટા માણસને પણ મરવું સારૂં લાગે. (૨).

જે માણસને ઘેર ધનના મોટા ભંડાર હોય તેને સભામાં ઘણું માન મળેછે, પણ જેને ઘેર સંપ હોતો નથી તેના

માઠાં હાલ દેખાય છે; રોગી શરીર, માથા ઉપર દુશ્મનાઈ, અને પૈસો તે તો આવે ને જાયછે, પણ જો કુટંબમાં સંપ હોય તો ત્યાં હંમેશા ટાઢક રેહેછે. ઘણા માણસો પૃથ્વી ઉપર પૈસા વગર સંપથી તેઓ સુખી છે, દુનિઆમાં તજવીજ કરી-શું તો લોકોનો મત એજ પ્રમાણે ઘણો આવશે. (૩).

જેના મોંડા આગળ છત્રથી છાંયા થતી અને છડીદાર શોભતા, ને જેઓ રસાઆ હાથીના હોદ્દામાં બીરાજતા, વળી જેના નસીબમાં આવરદા ને અનેક દોલત ભરેલી, તે પણ એક દિવસ ઉછળતી આગમાં સુતા (મરી ગયા). ઘણો ઉપભોગ ભોગવીને તેમાં મોટું સુખ માનતા, ને યોગ્ય કે અયોગ્ય જરા પણ જાણતા નહીં, ને જેણે ખજાનામાં ને ખાણુમાં કરોડો રૂપીઆ કીધા, તે બધા પણ લાંબી સોડ તાણીને (મુસલમના મસોદમાં ને હિંદુ મસાણુમાં) સુતા. જેવી ઇંદ્ર રાજાની નગરી છે તેવી નગરીઓ શોભામાં હતી, ને તેમાં કરોડો રૂપીઆના ધણી એવા શાહુકારો ગોખમાં બેઠા બેઠા ગાજ્યા કરતા હતા; સ્ત્રીઓ પણ સારા ગુણવાળી ને મરદ પણ મોટા ગુણવાળા હતા, તેઓ બધા કોણ જાણે કયે ઠેકાણે રજકણમાં મળી ગયા. માટે હે મારા દોસ્ત આ વાત વીચારો, ને હે ભાઇ પવિત્ર થઇને પાપી મટી જાઓ; ને જીવતરનું ફળ જાણીને પ્રભુની ભક્તિ કરો, ને મનમાં હેત આણીને તેનું હંમેશા તમે ધ્યાન ધરો. (૪).

ઇશ્વરના ચરણનું સ્મરણ કરવું એ ભાઇ સારી રીત સાચી છે, તે વગર ત્રણે લોકમાં ક્રોડ વાત હોય તે બધી કાચી છે; હે દયાળુ! હાથ, પગ, કાન, નાક એ બધું તેં કીધું; ને આંખ, મોં, દાંત આપીને જ્ઞાનનું દાન દીધું. ખાનપાનની ઘણી વ-

ઋતુઓ આજે એજ આપેછે, અને ભૂખ, તરશ, ટાઢ, તાપ, દુઃખ એજ સર્વ આપેછે; તે (ઇશ્વર) તને ઘડી ઘડી યાદ આણેછે પણ તું નઠારો અભાગીઓ તે તારા ઇષ્ટ દેવને જાણતો નથી. હે જીવ તું વીચારીને જો કે જન્મ પામીને તું શું શું પામ્યો? ભક્તિની રીત તો જાણી નહીં ને પાપ રૂપી કચરો (જામ્યો) એકઠો કર્યો; પણ હજુ ઉપાય છે તે થાય તો ઘણું સારૂં, કેમકે જે ઘડી જાયછે તે તારા આવરદામાંથી ઓછી થાય છે. (૫).

પાઠ ૧૮૯ મો.

ગ્રહ(સં.)સૂર્યની આસપાસ ફરતા તેજસ્વી તારા.
ભેદ(સં.)પ્રકાર; મર્મ.
કાળ(સં.)વખત; યુગ.

પાઠ ૧૯૦. મો.

ફૂઅડ=એદી; ગંદી; જેના કામ કાજમાં કશો ઢંગ નહીં એવી.
કુથલો= જુઠી સાચી વાત ચલાવ્યા કરવી તે; ચોળાચોળ.
નિર્જીવી(સં.)જુજવી; જીવ વગરની; હલકી
ફફડવા=બબડવા.
લેખવે=ગણે; પત કરે.
ખગોળ(સં.)જ્યોતિષ વિદ્યા; આકાશ વિદ્યા
ભરથાર(સં.)વર; સ્વામી; ધણી; માટી.

પાઠ ૧૯૧ મો.

વહુવારૂઓ= છોકરા છૈઆની વહુઓ.
ખામુખા(ફા.)ખશુશ
કુલક્ષણ(સં.)નઠારી ટેવ; નઠારાં આચરણ.
મહાપંડિત(સં.)મોટા વિદ્વાન; વિદ્યાવાન.
વાદ(સં)તકરાર; દલીલ

પાઠ ૧૯૨ મો.

ગ્રહણ (સં.) પૃથ્વીના છાયાં સુરજ કે ચંદ્ર પર પડવાથી પુનેમે કોઇ વખત ચંદ્ર અને અમાસે કોઈ વખત સુરજ, જે રૂપમાં દેખાયછે તે.
ખગ્રાસ(સં.)ગ્રહણ થતી વખત ચંદ્ર બધો ઘેરાય છે તે.
મૂક્ત(સં.)છૂટી જવું.
કંકણાકાર(સં.) કંકણને આકારે.
અપારદર્શક(સં)જેમાંથી આરપાર જોવાય નહીં તે, (અ-પારદર્શક).
શંકવાકાર=ગાજરના જેવો આકાર.
શેરડો=લાંબો ઓળો.
અપૂર્ણ(સં.)પુરૂં નહીં તે; અધુરૂં.(અ-પૂર્ણ)

પાઠ ૧૯૩ મો.

સ્વપ્રકાશક(સં.)પોતાનું અજવાળું પડે એવું,(સ્વ-પ્રકાશક).
પરપ્રકાશક(સં.)પારકાથી અજવાળું પડે એવું;(પર-પ્રકાશક).
પરાવર્ત્તન(સં.)ફેરેફેરું પાછું છળી આવે તે
લખે=હિસાબે; પ્રમાણે
વરતારો=વિચાર; આસરો; અડસટ્ટો.

પાઠ ૧૯૪ મો.

આટલું=આરસી.
પ્રતિબિંબ(સં.)છાયાં; પડછાયો.
પતનકિરણ(સં.)પડતાં કીરણો.

પાઠ ૧૯૫ મો.

વક્રિભવન(સં.)વાંકું કરવું; રોશનીના કીરણનો સીધો રસ્તો અટકાવવો.
ગુ-સ=જુદા જુદા ગુણના કામે; જેમ નાનાનું મોટું જેમાંથી દેખાય, આઘેનું તે પાસે દેખાય, વગેરે ગુણના.
પ્રયોગ(સં.)અજમાસ
તિરકસ=જે લીટી ઉભી કે આડી નહીં પણ ઝોકાળી હોય તે.
પરોઢ=સહવાર; વાહાણું; મળસકું.

પાઠ ૧૯૬ મો.

સ્ફાટીક(સં.)એક જાતનું મણી છે.
દૃષ્ટીજ્ઞાનતંતુ(સં)જોવાનું જ્ઞાન જે વડે થાયછે તે.
મુઝટો=સીધો; પાધરો
અવલોકન(સં.)જોવું; તપાસવું; વીચારવું
ગાઢા=થીજા; ઠરેલા.
ચુંઆળો=ઝીણી આંખનો; ટુંકીનજરનો
કમક્રીઅત(ફા)કમજોર; જોર નહીં તે.

પાઠ ૧૯૭ મો.

જળહળ=ઝગમગ.
પૂજ=પૂજા કર.
અદ્ભુત(સં.) અજબ જેવાં; ભારે.
નિરંજન(સં.) દેખાય નહીં તે; નિઃનહી, અંજ દેખાવું.
અવિનાશી(સં.)જેનો નાશ નથી તે, ઇશ્વર.
અજવાસ=અજવાળું
અવનિ(સં.)પૃથ્વી; ભૂમી; ધરતી.
નૃપ(સં.)રાજા.
ભગવંત(સં)પરમેશ્વર
ઐશ્વર્ય(સં.)પ્રભુતા; ઈશ્વરપણું.
તરણાતુલ્ય=તંખલા જેવો; હલકો.
જળકણ(સં.)પાણીની કણી; રજ.
પ્રિયકાર(સં.)પ્યાર રાખનાર જેવો; વાહાલો
સર્વદા(સં.)હમેશાં.
સર્વજ્ઞ(સં.)બધું જાણનાર; સઘળું જાણતો.
અજ્ઞ(સં.)અજાણ.

(કવિતાંની સમજુતી). (૨૯).

આ જગતમાં રેહેનાર માણસ તું ઉંચે આકાસ તરફ નજર કર, અને ત્યાં ચળકતા તેજસ્વી ગોળાઓ ઝગમગ તેજથી ચળકે છે. તે જો. વળી ખરે ખરો અચરત પામીને ઘણો વીચાર કરીને તું તેના બનાવનારની ખરા ભાવથી સેવા કર, સઘળાં કામના બનાવનાર ધણીનાં અજાયબ જેવાં ઘણાંક કામો છે, તે માંહેનું એ પણ એક નવાઈ પમાડે એવું છે. આ ઠેકાણે ઉભો રહીને જો કે તેજના ગોળા અથવા તારારૂપી અક્ષરથી નીરંજન (માયામાં જે દેખાતો નથી) એવા દેવનું નામ લખ્યું છે તે તારીથી વંચાયછે ! નાશ ન પામે એવા તેજના જે આ દીવા દેખાય છે તે તું રાત્રે ગણી જો કે શું તે તારીથી ગણાશે ! જે તારા તારી આંખોને અજવાળું આપેછે તે પણ જે પર તું રેહેછે તેવી પૃથ્વી છે, અને તેને પણ પ્રભુ પાળેછે. એ આકાશો કાંઈ ફકત આપણનેજ માટે બનાવેલા છે એમ નહીં સમજવું; પણ ત્યાં પણ ઘણી વસ્તી છે અને તેનો માલીક પણ પરમેશ્વર છે. ત્યાંના હજારો લોકો કોઈ સુખી હશે તેમ કોઈ દુઃખી હશે, કોઈ પુન્યવાન હશે તેમ કોઈ પાપી હશે; તેઓના મનમાં હરખ હશે તેમ શોક હશે પણ ત્યાં પ્રભુની ભક્તિનાં વખાણ પણ તેઓ કરતા હશે, અને પ્રભુના તરેહવાર કામથી તેઓ કાંઈ અજાણ્યા નહીં હોય. માટે અરે મટોડીના માણસ તું તો એક ઘાસના તંખલા જેવો છે, તારો ભાર પાણીમાંના જીવડાં અને રેતીની રજ કરતાં પણ ઓછો છે, તે તું કેમ ભુલી જાય છે. તોપણ તું હિમ્મત રાખજે કેમકે જે જગતનો બનાવનાર ઘણો વાહાલો બાપ (પરમેશ્વર) તે તને સાચવેછે. માટે તું હંમેશાં સબુરી રાખ, કેમકે સઘળું જાણનાર

પ્રભુ જ્ઞાનરૂપી નજરથી તને જુએછે, તેને જરાપણ અજાણ્યું નથી, (એટલે તેને સઘળી પલંપલની ખબર છે);માટે બીહી બીહીને ચાલવું, ફરી ફરીને સારાં કામો કરવાં, અને ધીરજ રાખીને હેતે પ્રભુને ભજવો, એવું વારે વારે દલપતરામ કવિ કેહેછે.

પાઠ ૧૯૮ મો.

ભૂખાળવાં=ભુખેમરતાં ભુખ ભુખ કરતાં.

કટલ(અં.) } માછલી
નાટીલસ(અં) } નાં નામ.

ઝપાટો=સપાટો.

પાઠ ૧૯૯ મો.

અળસીઆ=ચોમાસાની રતમાં, પેટમાં કરમ થાયછે તેના જેવા જમીનમાં પાકેછે તે જીવડાં.

કાલુમાછલી=બે જોડાવાળી છીપોના જોડકાં; જે માછલીની છીપેમાંથી મોતી નીકળેછે તે માછલી.

કાચબો=એક જાતનો પાણીમાં રેહેનારો ગોળાકાર પશુ.

પાઠ ૨૦૦ મો.

બેકાયદે(ફા.આ.)ધારાથી ઉલટી રીતે.

નાકેદાર=નાકું તપાસનાર; શેહેરના દરવાજે જકાત લેવાની નોકરી કરનારો; ચોકીદાર.

ફોજદાર(આ.ફા.)કોટવાલ; ફોજવાળો.

મુનસફ(આ.)દીવાની કામનો ફેંસલો કરવાને નીમેલો બીજાવર્ગનો દેશી ઓહ્દેદાર.

પાઠ ૨૦૧ મો.

યુદ્ધ(સં)લડાઇ;સંગ્રામ

આગ્રહ(સં.)ખેંચતાણ;બળાત્કાર;ભાવ.

વારે=મદદે;કુમકે.

બેઆબરૂ(ફા.)બે હુરમત;બેઇજત.

પાઠ ૨૦૨ જો.

ઘાતકી(સં.)ખુની;નિર્દય;દયા વગરનો.

નામાંકિત(સં.)નામીચો;પ્રખ્યાત.

ઇજીપ્ત(અં)મીસર દેશ

પાઠ ૨૦૩ જો.

જપ્ત(આ.)કબજ.

તાબડતોબ=તુરત.

નામદાર(ફા)નામાચો; પ્રખ્યાત.

પાઠ ૨૦૪ થો.

મહાકષ્ટ(સં)ઘણું દુઃખ

હોદ્દો(આ.)દરજ્જો.

કલ્યાણ(સં.)હીત;રૂડું

પાઠ ૨૦૫ મો.

કુમક(ફા.)મદદ.

દોઆબ(ફા.)બે નદીઓ ઉપર આવેલો પ્રાંત,(દુ—આબ).

કરાર(આ)બંદોબસ્ત

પાઠ ૨૦૬ ઠો.

ઉસકેરીને=ચડાવીને
ગવરનર(અં.)મુલાકાના મુખ્ય શેહેરનોહાકેમ,સ્થાનિક સરકાર.
ભાંજગડ=તકરાર.
વૈભવ(સં.)સુખ.

પાઠ ૨૦૭ મો.

હસ્તગત(સં.) હાથમાં લેવું.
તૃપ્તી(સં.)સંતોષ.
વહિવટ=કારભાર.

પાઠ ૨૦૮ મો.

થયો=થયો.
વસુ=પૈસો.
પટ્ટાભિષેક(સં.)ગાદીએ બેસતી વખતની ક્રિયા.
માંગલિક(સં.) શુભકારી;સારૂં.
ઉપમાન=મુકાબલે;સરખાપણે.
શરદ(ફા.)ઠંડી.
સહસાજ = સામાન સાથે.
આટપી=માંડીવાળવું;સંકેલી લેવું.
સંતોષે(સં.) તરપત થાય;ધરાય.
ઉલટ=ઉલટો;બમણો.
પર દુઃખભંજન(સં.) પારકાનું દુઃખ ભાંગનાર; પરોપકારી.
જુટ્ટી=જડમૂળ પારખનાર;જડી.
દિગવિજયો(સં.)બધી દિશામાં જીત કરવી.
નિપુણ (સં.) પ્રવિણ; જાણીતો.
સબળ(સં.)બળવાન.
અબળ(સં.)બળનહીં તે;કમજોર.
પંચતંત્ર(સં.)પાંચ તંત્ર; પંચો પાખ્યાન.
શૌર્ય(સં.)બાહાદુરી.
ઔદાર્ય(સં.)સાચી પણું;હોલો જીવ.
આર્ય(સં.)શ્રેષ્ટ;ઉત્તમ
વાદ્ય=વાજાં;રણતુરૂ

(કવિતાની સમજુતી). (૨૯).

વીકટોરિઆના જન્મને સાબાસ છે, અને જન્મની ઘડી, પલ, વાર, સને ૧૮૧૯ ના મે માસની ૨૪ મી તારીખનાને પણ સાબાસ છે. સને ૧૮૩૭ ના જુન માસની ૨૦ મી તારીએ રાજ્યપદ પામીને તે ગાદી પર બેઠી તે દિવસને પણ સાબાસ છે, અને સને ૧૮૩૮ ના જુંન માસની તારીખ ૨૮ મીએ તેને રાજ્ય ઉપર બેસાડવાની ક્રિયા કીધી તે વખતને પણ સાબાસ છે. સાબાસ છે વીકટોરિઆને સાબાસ છે, ને આજે રાજ્ય પર બેઠાના દિવસ તેને પણ સાબાસ છે, માટે.

દેશ સુધારવાના રૂડાં કામમાં એની ફત્તેહ થાઓ. રાણીના ગુણનું બ્યાન કરતાં કવિ પણ હારી જાય, એની સાથે કોઇનો મુકાબલો થાય એવું નથી, કારણ કે એની બરોબરીનું કોઇ નથી. પણ આટલી વાત કહીનેજ બંધ રેહેવું એથી આપણું મન સંતોષ પામતું નથી, ઉલટો હરખનો રસ વધે છે તે ઝરણ (રસ) સારા લોકો લો. આજ કાલ પૃથ્વીમાં અંગ્રેજ લોકોનું રાજ્ય છે અને તેની ફત્તેહ સઘળા દેશોમાં થાય છે, એ કાંઇ નબળાનું કામ નથી. શરદ રતુમાં (ગરબાના દિવસમાં) જેમ નિર્મળ પાણીમાં કમળનું ફુલ શોભે છે તેમ સુધરેલાં સઘળાં રાજયોમાં અંગ્રેજી રાજ્ય શોભેછે. રાણી કમળના ધરભ જેવી (રૂપવંતી) છે, તે દુનિઆમાં બધે પ્રખ્યાત છે, ને બીજાનું દુઃખ ભાંગવાનું તે ઓષડ છે, (બધાનું દુઃખ ભાંગેછે) અને તે સવેને રાત્ર દિવસ સુખ કરે છે. સઘળી દિશા જીતનારી વીકટોરિઆ તેની બરોબર આજ કોઇ નથી, તે સુખ અને દોલતનો વરસાદ વરસાવીને મેઘરાજાની જાણે લાજ રાખતી હોય એમ તે વરતે છે. રાજ્ય કામમાં તે ઘણીજ માહેતગાર અને ડાહી છે, તે સંપ થકી સઘળા દેશોમાં પોતાનો હુકમ ચલાવે છે. બાળપણમાંથી તે વિદ્યા ભણીને જોરાવર અને કમજોર, તેમજ રાજયના સઘળાં લાયક તરેહ તરેહના કામોને તે સારી રીતે પીછાને છે. તે પંચતંત્ર (એ નામનો એક ગ્રંથ છે, જેને પંચો પાખ્યાન કેહે છે) તેમાંથી નીતિ શીખીને ક્ષમા, શૂરવીરપણું અને સખાવત પણું ધરાવનારી છે, તે ઉંચા કુળમાં જન્મી છે અને ધર્મ સંબંધી સારા ગુણો તે શીખી છે. પોતાને શરીરે તે ઘણી મેહેનત કરેછે ને ટાઢ તડકો વેઠે છે, તેમજ લશ્કર અને વાજાંના

અવાજથી તે બીહીતી નથી. તે પોતાના વચન પ્રમાણે ચાલે છે અને પાપથી તે દૂર રેહે છે, અને પોતાની રૈયત, દોસ્તદાર, અને સગાં વહાલાં તેમને તે ઘટતું માન આપે છે.

પાઠ ૨૦૯ મો.
રિપુ(સં.) દુશ્મન; શત્રૂ
કદર(આ.) બુજ.
વરપેર=ધણી સાથે.
સંતતિ(સં.) છોકરાં.
આચાર(સં.) ધર્મ; પવિત્રાઈ.
અમળા=દોષ વનાની.
કમળા=લક્ષ્મી.
લીલાલેહેર=પરમેશ્વરની મેહેરબાની; બલીહારી; રતબત.
આસ(સં) ઇચ્છા; આશા; ઉમેદ.
ડંકા=ઢોલ; મોટા નગારાનો અવાજ.
સવારા=વેળાસર.
બુદ્ધિવર્ધક(સં.) અક્કલને વધારનાર; એના મની મુંબઈમાં સભા છે.

(કવિતાની સમજુતી). (૩૦).

અવગુણી માણસ અને ગુણવાન માણસ, દુશમન અને મિત્ર એઓને બરોબર પારખીને તેનાં મનના વિચારો. તે બે છે, અને ગુણવાન માણસની બુજ જાણીને તે તેની ફરજ બજાવે છે. વિદ્યા, હુન્નર, અને સાચી વાતને તે મળતી રેહેછે, અને તે સૌના હકો જાળવીને તે પોતાના કુળને શોભા આપે છે. વળી તે ઘરમાં પણ સારી રીતે વરતે છે ને પોતાના ધણી સાથે સંપથી ચાલેછે (હાલમાં તેનો ધણી મરી ગયોછે) ધણો ધણીઆણીની રીતને સમજીને તે અણબનાવ નહીં રાખતી. તેને છોકરાં ઘણાં છે અને ઘરમાં સંપ બહુજ છે, અને પોતાના કુળના આચાર વીચારની રીતભાત તેઓને સારી રીતે શીખવતી હતી. આ જાણીને તેનું જોર કાંઈ ઓછું નથી, સારા બળવાળાને પણ તે કમજોર કરતી, દોષ વગરની લક્ષ્મી સરખી તે છે અને વિચારમાં તે ડરેલ છે. તેના દેશ

ને, લોકને, તેના શરીરને સાબાસ છે, અને તેના ગુણને પણ સાબાસ છે કે તેનું રાજ્ય હમેશાં કાયમ રોહો.

ઈશ્વર કૃપાથી આજે આવો રૂડો વખત આવ્યો, કેમકે રાણીનું સારૂં રાજ્ય થયું તેથી ઘેરેઘેર સહુની આબરૂ રહીછે; પરમેશ્વરની જો કૃપા હોય તો સર્વ પ્રકારનું સુખ થાય, અને ઘેરે ઘેર આનંદ થઈ રાણીથી આપણા દેશીઓને લાખો પ્રકારના લાભ થાય. સઘળા ગુણથી પુરી એવી વીકટોરિઆ રાણી પોતાની રઈઅતને પ્યારથી પાળીને તેમની આશા પુરી પાડેછે.

ઘણાક વખાણથી રાણી ઘણી શોભેછે, તે દરીદ્રતાને હાંકી મૂકી આપણા તરફ પ્રેમથી જુવેછે; વળી દેશને સુધારવાના લાયક ઇલાજો કરી તે તજવીજ કરશે તેથી તમો સર્વ સારી વાણી બોલો. હે રાણી, તારા રૂડાને સાર જય, જય, જય થાઓ અને હિંદુની સઘળી બીકનો તેં નાશ થાઓ; રાણીની જીત સવેળા થાઓ, અને દેશમાં સુધારા ઉતાવળા થાઓ.

બુદ્ધિ વર્ધક (એ નામની મુંબઈમાં સભા છે તેમાં આ કવિતા વાંચેલી માટે એ નામ લખ્યું છે) તે આ ઠેકાણે સર્વને અરજ કરેછે કે રાણી વીકટોરિઆનો સઘળા લોકો જેજેકાર બોલો.

પાઠ ૨૧૦ મો.

ભરતી ઓટ=પાણીનું આવવું તથા જવું.

નડે=હરકત કરે.

તિથિ=મીતી.

પાઠ ૨૧૧ મો.

વિધવા(સં)રાંડેલીસ્ત્રી. (વિ=વગર, ને ધવા=ધણી એટલે ધણીવગરની.

જમાનો(આ.)વખત; કાળ;યુગ.

અડસટ્ટો(હિં.)આસરો; સુમાર.

અબળા(સં.)અનાથ; બળ વગરની.

ઝાંખી=દરશણ;મેળાપ

કાલું=લાડકું; પ્યારૂં લાગે એવું.

વરતાવે(સં.) છોડાવે.

નિબંધ(સં)વિષય;કાંઈ બાબત ઉપર બયાન લખવું તે.

પાઠ ૨૧૨ મો.

ઉષ્ણતા(સં.)ગરમી.

કરા=હવામાંથી છૂટું પડીને બંધાયલું પાણી; બરફના કકડા.
રસાયની સંયોગ(સં.) રસાયણ પદાર્થનું બીજા સાથે મળવું.

પાઠ ૨૧૩ મો.

વાહક(સં.)લઇ જનાર
મંદવાહક(સં.)ધીમીગતે લઇ જવું તે.
મસોતાં= મેલાં કારાં ચીથરાં.
નવેણું=જગા;રસોડું.

પાઠ ૨૧૪ મો.

ઘેરાવો=ઘેર;પરીઘ.
ઉષ્ણતામાપક(સં.)ગરમીને માપનારૂં.
ચક=જાળીવાળોપડદો

પાઠ ૨૧૫ મો.

પ્રતિબંધ(સં.)અટકાવ
મોતીઆ= પાણીની-ઝીણી ઝીણી ફુરફી.
ઘાટ=પર્વત.

પાઠ ૨૧૬ મો.

લંબવર્તુળ(સં.)ખુંડાના જેવો આકાર.
અર્ધપારદર્શક(સં.)જેમાંથી અરધું પરધું આરપાર જોવાયતેવું (અર્ધ-પાર-દર્શક).

પાઠ ૨૧૭ મો.

આકાશગંગા(સં.)આકાશમાં જે અગણિત તારાનો સમુદાય તે.
રાશીમંડળ(સં.)રાશી ચક્ર; રાશીનો જથો.
નક્ષત્ર(સં.)મૃગશર,આરૂદ્રા વગેરે વરસના સત્તાવીસ છે તે.
અસંખ્યાત(સં.)ઘણા; ગણાય નહીં તેટલા.
કર્ત્તા(સં.)બનાવનાર.

પાઠ ૨૧૮ મો.

પ્રભાત(સં.) સહવાર; વાહાણું.
અધમ(સં.)પાપી;નીચ; નઠારો.
ઉદ્ધાર(સં.)મોક્ષ;કલ્યાણ; છૂટકો.
ઢુંકડા=પાસે;નજદીક
ઉદિત(સં.)ઉગેલો.
આદિત્ય(સં.)સુરજ.
પગળી=પીગળીને;ઓગળીને.
હીમ=ઠંડ;ઘણી ટાઢ.
બંધ(સં.)દોરડું;પાટો.
મુલ્લાં(આ.)મુસલમાનનો ધર્મગુરૂ.
બાંગ(ફા.) મસીદમાં પોકારીને પ્રાર્થના કરેછે તે.
સ્નાન(સં.)નાહાવું.
પદમ=કમળનું ફુલ જે સુરજ ઉગવાથી ફુલેછે
પ્રફુલિત(સં.)ફુલેલા.
પતિત(સં.)પડાઇગઇ
પોયણી= એક જાતનાં ફુલ, જે ચંદ્ર ઉગવાથી ફુલેછે.
બગ=બગલા પક્ષી.
ઠગ=ધુરત્યો;ઠગારો.
ખેડુ=ખેડુત લોકો.
મહિઆરીઓ= દહિ વેચનારીઓ.
ધનુરવિદ્યા(સં.) તીર

માસ્યાની વિદ્યા.	બાયડી.	આરોગ્ય(સં.)કુશળ
વાજીંત્ર(સં.)વાજાં.	રૂઠી=ગુસ્સે થઈ.	કાવ્ય(સં.)કવિતા.
સંતાન(સં.)છોકરાં.	ધીમંત=બુદ્ધિવાન.	કલ્લોલ=તુરંગ;શીચાર
કુઅડ=આળસુ;દળદ્રી	સાવે=પાર આણે.	ગમત;અવાજ.
રંડા(સં)રાંડ; નહારી	આવે=અડધે.	તરીએ=પાર પડીએ.

(કવિતાની સમજુતી). (૩૧).

સવારમાં માબાપ છોકરાંને કેહે છે કે રાત વીતી ગઈ માટે ઉઠ, અને પાપીનું કલ્યાણ કરનાર અને જગતનો બનાવનાર (પરમેશ્વર) માં હેત કર. દુરના અને પાસેના મરધાં બોલ્યાં અને રાજાની કચેરીનાં બારણાં ઉઘડયાં છે; લોકો જાગીને રોજગારે લાગ્યા અને દેવસ્થાનમાં ઘંટ વાગવા માંડયા છે. સવારમાં મા બાપ. (૧). આકાશમા સુરજનો પ્રકાશ માલુમ પડે છે અને ચંદ્રનું તેજ જતું રહ્યું છે, અને ટાઢથી થીજેલું જે પાણી (બરફ) તે ઓગળીને વેહેવા લાગ્યું છે. સવારમાં માબાપ૦ (૨). ચકલી ચકચક કરી બોલે છે, કાગડા કા કા કરે છે, અને હંસ, મેના ને પોપટ એ પક્ષીઓ મીઠા રાગથી બોલે છે; કોઈ સવારનો રાગ એટલે પ્રભાતીયાં ગાઈ ને ખુશ થાય છે અને ગાયો અને ભેંસોને ચરવાને છોડી મુકે છે (મતલબ કે હવે સવાર થઈ). સવારમાં માબાપ૦(૩). વળી ઘંટીએ દળવા બેસે છે તેવારે જે સોહોર થાય છે તે જોરથી સાંભળ અને મસજીદોમાં મુસલમાનોનો ધર્મ ગુરૂ (મુલ્લાં) તાણીને બાંગ પોકારે છે (પ્રાર્થના કરે છે); બાઇડીઓ નદીમાં નાહીને પાણી ભરીને જાય છે, અને નદીમાં કોઈ નાહાય છે. સવારમાં માબાપ૦ (૪). વળી તું દીવો જઈને જો કે તેનું તેજ ઝાંખું થઈ ગયું છે, ને ચોર અને ઘુવડ પક્ષીઓ સંતા-

ઈ ગયાં છે, (કેમકે ચોરથી તે સવારે ચોરી ન થાય ને ઘુવડ પક્ષીથી દિવસે ન દેખાય); કમળ (સુરજના ઉગવાથી) ખીલ્યાં છે, અને ચંદ્રના જવાથી પોયણી (એક જાતનું ફુલ) તે બીડાઈ ગયા છે; અને બગલા અને ઢમારા લોકો (પોતાના શીકારને સારૂ) નદી કીનારે જઈ બેઠાં છે. સવારમાં માબાપ૦ (૫). ખેડુત લોકો ખેતી કરે છે, સોનીઓ સોનું ઘડે છે, લુહાર લોઢાને ઘડે છે અને કંસારા કાંસુ ઘડે છે; મરણ પામેલા પુરૂષોને તેમનાં ઘરનાં બઈરાં મોં વાળીને સવારમાં રડે છે પણ તેની આંખોમાં જરા આંસુ દેખાતાં નથી. સવારમાં માબાપ૦ (૬). સ્ત્રી પુરૂષો ઉઠ્યાં અને તેમની બારીઓ ઉઘડી ને દહીંવાળીઓ દહીં વલોવે છે તે તું જો, વળી જોકે રસ્તામાંથી મુસાફરો જાય છે, અને જ્યાં પાણી છે તળાવ, કુવા, નદીઓ ત્યાં ઓવારા પર ધોબીઓ લુગડાં ધુએ છે. સવારમાં માબાપ૦ (૭). ધીરજવાન અને શુરા માણસો તીર કામઠાની વિદ્યા શીખે છે અને રાજ દરબારમાં વાજાં વાગે છે; સીપાઈઓના પેહેરા બદલાય છે, રસ્તાઓ પર પાણી છંટાય છે, અને રાજા ગાડીમાં જઈને બેઠા છે. સવારમાં માબાપ૦ (૮). કુળવાન સ્ત્રીઓ પોતાનાં બાળકને તપાસતી અને મોંડે મીઠા બોલ બોલતી ઉઠી છે; પણ દરિદ્રી, ને અળસુ સ્ત્રી કંકાસ કરતી, પોતાનાં બચ્ચાંને મારતી અને વરને ધમકાવતી ઉઠી છે. સવારમાં માબાપ૦ (૯). અકલવાળા પૈસાદારો દાતણ કરીને નાહાઈને સવારમાં સારી ખુશબો સુંઘે છે; પણ આળસુ, બેવકુફ, અને અરોગીઆ હોય તે એ વખતે ઘણું ઉંઘે છે. સવારમાં માબાપ૦ (૧૦). આ વખતે ઉઠીને જે કાંઈ પણ શીખવા માંડે તો તે આઠ કે દસ મહિનામાં પોતાની મતલબ પાર પાડે; જો ખુલ્લી હવામાં

આ વખતે ફરે તો છ માસમાં તે શરીરે સારો નીરોગી થાય. સવારમાં માબાપક (૧૧). વળી જે વાત ભુલી ગયેલા હોઈએ તેપણ આ વેળા સંભારીએ તો ધ્યાને આવે; અને કવિતાનું જે કઠણ કામ તે પણ કવિ દલપતરામ કેહે છે કે આવડે, (માટે ઉઠ અને ધંધે વળગ). સવારમાં માબાપ છોકરાને કેહે છે. (૧૨).

પાઠ ૨૧૯ મો.

કરોડ=બરડાની વચમાંનું સીધું હાડકું.
ઝુમખા=લુમખા.
જળો=એક જાતના ખરાબ લોહી ચુસી લેનારા લાંબા જીવડા.

પાઠ ૨૨૦ મો.

જંતુ (સં.) જીવડાં.
પાંખાળા=પાંખવાળા
ડાંસ=મગતરાં.

પાઠ ૨૨૧ મો.

ગણિતશાસ્ત્ર(સં.)આંકડા માંડીને હિસાબ ગણવાની વિદ્યા.
ચોઘડીઉં=ચાર ઘડીનો વખત.
ખંડન(સં.)રદ;ભંગ.
વતિપાત } યોગનાં
વૈધરત } નામ છે.
ગપો=ગુલબાન;ખોટી વાત.
બ્રહ્માંડ(સં.)સૃષ્ટી;દુનિઆ.

પાઠ ૨૨૨ મો.

કાર્ય(સં.)કામ.
સંયોગ(સં.)મેળાપ.
ઘર્ષણ(સં.)ઘસાવું.
બિલોરી=એક જાતનો હાંડીનાં જેવો કાચ.

પાઠ ૨૨૩ મો.

ચિરાડા=ફાડચા.
ઝકવો=એક જાતનો વા,હાથ પગ કે શરીરના હરકંઈ અવયવ રહી જાય એવો.
લોહચુંબક(સં.)લોઢું ચુંસી લેનાર;ચમક.

પાઠ ૨૨૪ મો.

ઇલેકટ્રિક (અં.) વીજળીનો.
ટેલીગ્રાફ(અં)સંદેશો
સંદેશો(સં.)ખબર;કેહેણ.
દાગ=ટપાલ.
બેટરી(અં)વાગતાં ઘડીઆળ જેવો તારની મારફતે ખબર દેવાનો સંચો.

પાઠ ૨૨૫ મો.

ચાતક=એકજાતનુંપક્ષી
યંત્ર રચના(સં)સંચાની ગોઠવણ.
સમાચાર(સં.)ખબર.

પાઠ ૨૨૬ મો.

પંચકડા=પાંચઆંકડા
એકત્રીસો= એકત્રીસ માત્રાનો છંદ.

પાઠ ૨૨૭ મો.

ઇનામ(આ.)શીરપાવ;

ખુશી બદલ કંઇ બ
ક્ષિસ આપવું તે.
વય(સં.)ઉંમર.
ઉપરાંત=એશિવાય;એ
થી વધારે.
નમાયાં=મા વગરનાં.
સાંતરું=રસોઇની સા-
મગ્રી તૈયાર કરવી તે

પાઠ ૨૨૮ મો.

ડીકરો=નાનો છોકરો.
હાડેડો=કંકાસીઓ; હ
ઠીલો.
સ્વાર્થ(સં.)ફીકર.

પાઠ ૨૨૯ મો.

વર્ત્તમાનપત્ર(સં.)નવી
ખબર મળે એવો છા
પેલો આખો કાગળ.
પુસ્તકશાળા(સં.)કી-
તાબખાનું;ચોપડી-
ઓનો ભંડાર.
અનિશ્ચિતપણે(સં.)નિ
શ્ચય કર્યા વગર;વગર
નિયમે;અચિંતાનહીં

પાઠ ૨૩૦ મો.

ચંળ=ચેળ;ખુજલી.
ટોપ=કુતરાના કાન.
વિચિત્ર(સં.)તરેહવાર
જન્મારા(સં.)જીંદગા-
નો;આખી જીંદગી.
સંક્ષેપ(સં.)ટુંકું; ટું-
કાણ.
ખુબી(ફા.)લીલા;કરા
મત.

પાઠ ૨૩૧ મો.

પીલા=ફણગા.
દીપમાળ(સં.)દીવાની
હાર.
વિસ્તાર(સં.)પરિવાર.

પાઠ ૨૩૨ મો.

પાસિફિક(અં.) સ્થિર
પાણીનો.
ચાકતો(ફા.)ચાક.
કોટી(સં.) કરોડ; સો
લાખ.
ચમત્કાર(સં.)આશ્ચર્ય

પાઠ ૨૩૩ મો.

અર્થ(સં.)પૈસો.
ગાંથવો=સંઘરવો.
મનન(સં.)વિચાર;તો
લ;ખ્યાલ.
પરજન(સં.)પારકું મા
ણસ. (પર-જન).
પ્રભુપદજ્ઞાન(સં.) પ્રભુ
ના ગુણવિષેનું જ્ઞાન
જનકૃત(સં.)માણસનાં
કરેલાં; (જન-કૃત).
પ્રભુકૃત(સં.)ઇશ્વરના
કરેલા. (પ્રભુ-કૃ).
સુપેર=સારી રીત.
શશી(સં.)ચંદ્ર.

(કવિતાની સમજુતી). (૩૨).

આ નીતિની વાત ભણનારા વાંચો અને તેનો ઘણો ઘણો વિચાર કરીને સારા ગુણો શોધો; તમે વિદ્યા શીખીને ભણી ઉતર્યા (પાર પડયા) એમ કદી મોંડે બોલશો નહીં. (૧). જો તમે આખી જીંદગાની સુધી ભણશો તો પણ ભણતરનો

છેડો આવનારજ નથી; અક્કલ, પૈસો, અને સદ્ગુણને સં-
ઘરવા એ તો આપણો ધર્મજ છે. (૨). સઘળી વખતે અને
સઘળે ઠેકાણે એમજ તમારે કરવું, (ઉપલી વસ્તુનો સંગ્રહ
કરવો) કેમકે એથીજ ભણવાનો માવરો થાયછે; જેમ જેમ
તમે ચિત્ત લગાડીને જોશો તેમ તેમ તમારી અક્કલ વધતી
જશે. (૩). ઉજડ જગામાં, અંધારામાં, અને સુની જગામાં તમે
મનમાં સારી પેઠે તોલ કરીને સારા ગુણો સંઘરો; એવે વખતે
આપણો જીવ કેવાં કામો (વિચાર) કરેછે તે જુઓ. (૪).
એ વખત પેહેલાં જેજે બીજા બનાવો બનેલા છે તે તમે જો-
ઇ સારા ગુણ શોધો; તે તમે તપાસીને જોશો તોજ તમારી
અક્કલ તેથી વધશે. (૫). શરીરના સાંધા અને બળ તેમજ
જગતનો વિચાર કરીને સારા ગુણ શોધો; શરીર કેવી ચતુરા-
ઇથી અને કેવા કારણને સારૂ ઈશ્વરે બનાવ્યું છે તે તપાસીને
જુઓ. (૬). વળી આપણા મનને તપાસીને જુઓ અને
જે ગુણ મેળવવાની આપણને જરૂરછે તે મેળવો, પછી બી-
જાનું ગ્યાન લો; પછી સારૂં, માઠું, બેધમજમણું તે ખુશી થવા
જેવું છે કે દીલગીર થવા જેવું છે તે જુઓ. (૭). માણસના
ગુણો જે જાણવાના છે તે જાણો, તે જાણવાની ખરી જરૂર છે
એમ સમજો; તેમજ બીજાને અક્કલ આપો અને તેની પાસેથી
લો, અને દુઃખ તથા નઠારાં ગુણ હોય તેને છોડી દો. (૮).
એટલું કીધા પછી એક જરૂરની વાત એ જાણવાની છે કે આ-
પણું જેથી કલ્યાણ થાય એવા ઉપાયો શોધો, (એટલે પેદા કરના-
ર ઈશ્વરને યાદ કરો), પછી આપણને ઈશ્વરે દયા કરીને શું શું
આપ્યું છે તે જુઓ. (૯). માણસનાં કરેલાં કામો જોઇને
પછી પરમેશ્વરનાં કરેલાં કામો સારી રીતે જુઓ; તેણે પર્વત,

પથ્થર, વન, જીવ જંતુઓ અને અનેક તારાના જથા બનાવેલા છે તે જુઓ. (૧૦). વળી સમુદ્ર, સુરજ, અને ચંદ્રમા તરફ નજર કરો તો તે જોતાં હજારો વિચાર તમારા મનમાં આવશે; માત્ર ઘાસ, ફળ અને ફુલમાંજ જોશો તો પ્રભુની બેહદ અક્કલ વાપરેલી માલમ પડે છે.(૧૧). વળી એણી પણ તમે વધારે તપાસીને જોશો તો ઘણીક અક્કલ મળશે; માટે દલપતરામ કેહેછે કે ખરા ભાવથી ચિત્ત દઇને સારી વિદ્યા ભણો.(૧૨).

પાઠ ૨૩૪ મો.	પ્રલે(સં.)નાશ;પાએમાલ;ફના.	ફક્કડ=સોજી; શોખી; છેલ;પોશાગીર.
જોગવાઇ=તક; વખત	વારી=પાણી.	અક્કડ=તંગ રેહે તે.
આભ(સં.)આકાશ.	દ્વિભવ(સં.)બંને;બેઉ.	રાસભ(સં.)ગધેડો.
સુગ=ચીડ;ચીટલી.	ભ્રષ્ટ(સં.)રદ.	મોક્ષ(સ.)છૂટકો;બંધનમાંથી છુટવું તે.
અનહદ(આ)ઘણુંજ; હદ નહીં તે.	આતમઘાતિ(સં.)પોતાને હાથે જીવ કાઢીને મરનાર.	ત્રીભુવનપતિ(સં)ત્રણ ભોવનનો ધણી; સ્વર્ગ,મૃત્યુ,નેપાતાળનો (ત્રિ-ભુવન-પતિ).
પાઠ ૨૩૫ મો.	મુનિવ્રત(સં.)ન બોલવાનું નીમ.	
વીરા=ભાઇ.		
કદાપ=કદી;કોઇવખત		
પુંજ(સં.)ઢગલો.		

(કવિતાની સમજુતી). (૩૩).

હે પ્યારા ભાઇ, આ સંસારના સુખ સાચા અને પવિત્ર સ્વભાવથી હંમેશા તમે ભોગવો, અને સારા સદગુણો શીખો; પ્રીતિથી તમે પ્રભુને ભજો અને નઠારૂં કામ કદી કરશો નહીં. (૧). બીજાનું દુઃખ જોઇને તેના પર દયા કરો અને તેના પર ઉપકાર કરો, એથી તમારા કીધેલા પાપના ઢગલા નાશ પામશે ને પ્રભુ તમારૂં કલ્યાણ કરશે. (૨). પ્રભુને આ-

જાણ્યા વગર કદી મમત કરીને કાંઇ કરીએ નહીં; પાણીને જો જોરસાથી વલોવીએ તો તેથી કંઇ માકું માખણ મળવાનું નથી. (૩). તેમજ માથા મેલ્યાથી કાંઇ પ્રભુ મળનાર નથી પણ એથી ઉલટા બંને તરફથી જાય છે, (જોગીમાંએ નહીં ને ભોગીમાંએ નહીં એવો થાય છે); જે કોઇ બળાત્કારે જીવ કાઢે તે આત્મઘાતી કેહેવાય (માટે પ્રભુ મેળવવાને જીવ કાઢવો નહીં). (૪). પ્રભુના ગુણ ગાવા સારૂ જીભ આપી છે, પણ ખરે ખરા સેવકો મુંગા રેહેવાનો નીમ લેછે; પગ સારા ચાલવાને સારૂ કર્યા છતાં કેટલાક ફગારાઓ મમત કરીને ઉભાજ રેહે છે. (૫). આંખો પરમેશ્વરને જોવાને માટે કરેલી છે તે છતાં કેટલાક મુરખા તેને મીચીજ રાખે છે; પણ જગતના કરનારે જે કર્યું છે તે સમજીનેજ કીધું છે એમ સારા બુદ્ધિવાન માણસો સમજે છે. (૬). તમે સંસારને શા માટે છોડો છો ! એથી એકે કામ થનાર નથી; જો નાગા રેહેવાથીજ પ્રભુ ખુશી થાય એમ હોત તો તે કપાસ શા સારૂ બનાવત? (૭). જે માણસ માબાપને રડતાં મુકીને અને કુટંબને છોડીને સ્વતંત્ર થઇ ફરે તેથી કાંઇ પ્રભુ મળનાર નથી, પણ એથી તો મોટું પાપ લેગું થાય છે. (૮). જુઓ કે ટાઢ અને તાપ ઝાડ ખમે છે અને માછલાં વગેરે જીવ જંતુ રાત દિવસ પાણીમાંજ નાહ્યા કરે છે, તેમજ પતંગીઆ અગ્નિમાં બળી મરે-છે, પણ એથી કાંઇ સંસારનો પાર આવનાર નથી (મુક્તિ થનાર નથી) (૯). વળી ગધેડા રાખમાં આળોટીને રાખ ભર્યાજ રેહે છે, વડને મોટી મોટી જટાઓ (વડવાઇ) હોય છે; વાંદરાંઓ તે હમેશાં જંગલમાંજ રેહે છે અને તે ફળ તથા ફુલનેજ ખાઇને કુદતા ફરેછે. (૧૦). પણ એમ રેહેવાથી કાં-

જ મૂક્તિ થનાર નથી, તેમ શરીરને દમવાથી તો ઉલટો જીવને સંતાપ થાય છે; માટે પ્રભુમાં હેત રાખીને હંમેશા બીહીબીહીને ચાલવું (નઠારાં કામ ન કરવાં). (૧૧). એથી કરી સર્વને સુખ થશે, એટલાજ માટે એવાં (સારાં) કામો હોંસે હોંસે કરશો તો દલપતરામ કવિ કેહેછે કે જે ત્રણ ભોવનનો ધણી (ઈશ્વર) તે તમને સુખ આપશે. (૧૨).

——0——

કવિતામાં આવેલા ગુજરાતી શબ્દોના વર્ણનનો ટુંકો ઈતિહાસ.

પાઠ ૨ જો.

દલપતરામ—વઢવાણના ન્યાતે શ્રીમાળી બ્રાહ્મણ, એઓ કવિ છે. એમણે સરકારી ગુજરાતી નિશાળોમાં ચાલતી સાત ચોપડીઓ વગેરેમાં ઘણી કવિતા, છંદ વગેરે રચ્યું છે, તે બધે પ્રસિદ્ધ છે. એઓ હાલ અમદાવાદમાં રેહેછે ને વરનાક્યુલર સોસાયટીના સેક્રેટરીનું કામ કરેછે. ઉમ્મર આસરે વરસ ૫૦નીછે.

પાઠ ૧૦ મો.

વિક્રમ—માળવાની ઉજ્જન નગરીનો રાજા, ઈસવીસનની પેહેલાં ૫૬ વર્ષ ઉપર થયો. એણે ઘણાનાં દુઃખ મટાડયાંછે તેથી એને પર દુઃખ ભંજન કેહેછે. એનાથી સંવત ચાલ્યો છે, તે સંવત હાલ ૧૯૨૯ છે.

પાઠ ૩૧ મો.

સામળ—શ્રીગોડ માળવી બ્રાહ્મણ, અમદાવાદની પાસે હાલ જ્યાં ગોમતીપર છે ત્યાં અથવા તેની પાસે વેગણપુર કરીને પરું હતું ત્યાનો રેહેવાસી કવિ હતો. એણે કવિતા તથા છપા ઘણા બનાવ્યા છે.

પાઠ ૫૧ મો.

મેરૂ—એ પર્વતનું નામ છે તે સાત ખંડની મધ્યે છે. એની ઉં-
ચાઈ શાસ્ત્રમાં ૮૪૦૦૦ જોજન ગણાયછે.

પાઠ ૫૯ મો.

રાવણ—લંકાનો રાજા, એણે દસ વખત માધેવની પૂંજા કરી
હતી તેથી માધેવે એને ૧૦ મસ્તક તથા ૨૦ હાથ આપ્યા
હતાં. એ રામની સ્ત્ર સીતાને હરી ગયો હતો, પછી એનું
મોત રામના બાણથી થયું હતું.

દુરજોધન—ધૃતરાષ્ટ્રનો વડો પુત્ર, એ તથા એના ૯૯ ભાઇ કૌરવ
કેહેવાય છે. એને એના કાકાના દીકરા પાંડવ સાથે મોટું યુદ્ધ
થયું હતું,તેમાં એ દુર્યોધન વગેરે સર્વ કૌરવ નાશ પામ્યા હતા.

કર્ણ—કુંતાને કુંવારી અવસ્થામાં કાનમાંથી સૂર્યે ઉત્પન્ન કરેલો
પુત્ર, એ રાજા ઘણો ધર્મિષ્ટ હતો. રોજ સહસ્ત્ર બ્રાહ્મણ-
ને દસ સહસ્ત્ર ગઉદાન આપતો હતો, તેમજ રોજ સવા ભાર
સોનાનું દાન કરતો હતો.

પાઠ ૬૦ મો.

જાનકી—જનક રાજાની છોકરી, ને રામની સ્ત્રી તે (સીતા)

રામ—સૂર્યવંશી દશરથ રાજાના કૌશલ્યાથી થયલા પુત્ર, અયો-
ધ્યાના રાજા. એની સ્ત્રી સીતાને રાવણ હરીગયો હતો તેની
શોધ હનુમાન લાવ્યો હતો.

દ્રૌપદી—દ્રૌપદ રાજાની છોકરી,ને પાંચ પાંડવની પત્ની, અગ્નિ
કુંડમાંથી નીકળેલી. એણે શીવનું તપ કરી મને વર આપો
એવું પાંચ વાર કહ્યું હતું તેથી એને પાંચ વર થયા હતા
(યુધિષ્ટર, ભીમ,અરજુન, સહદેવ,અને નીકુળ). જ્યારે યુધિષ્ટર
રાજા દુરજોધન સાથે દૂત રમવામાં હાર્યો, ત્યારે દ્રૌપદી રા-

ણીને જોર જુલમથી દુર્યોધન રાજાએ દુશાસન પાસે તેડાવી ને તેની લજ્યા લેવા સારૂ તેનું ચીર કાહાડી નાંખવા માંડ્યું, તો તે વેળાએ ૯૯૯ ચીર ભગવાને એક પછી એક પૂર્યાં હતા. તેનું કારણ કે એક વેળા શેરડી ખાતાં ભગવાનની આંગળીમાં થી સરાક ભાંગી લોહી નીકળ્યું હતું, તે વખત દ્રૌપદીએ પોતાનું ચીર ફાડી પાટો બાંધવા સારૂ ભગવાનને ચીથરૂં આપ્યું હતું, તેમાં ભગવાને તાર ગણ્યા તો ૯૯૯ થયા હતા. ત્યારે આ વખત ભગવાને દ્રૌપદીની લજ્યા સભામાં રાખી.

હરિશ્ચંદ્ર—અયોધ્યાનો સૂર્યવંશી રાજા, એને તારામતી કરીને સ્ત્રી હતી. એ રાજાએ ઘણા કાળ સુધી રાજ્ય કીધું, ને પછી વૈકુંઠે ગયો. એ સતવાદી ને ટેકી રાજા હતો, કેહેછે કે મરતાં સુધી એણે પોતાનો ટેક છોડયો ન હતો.

પાઠ ૬૭ મો.

મહમૂદ—એ સબકતગીનનો છોકરો, ગીજની વંશનો મુસલમાન રાજા એણે હિંદુસ્તાન ઉપર ૧૨ સ્વારી કરી હતી. એ કંજુસ અને પૈસાનો બહુ લોભી હતો, મરવા પડયો ત્યારે પોતાનું ધન સગા વાહાલા પાસે બધું કને મંગાવ્યું ને તે ઘડી તેને રડવું આવ્યું કે આ બધું મૂકીને જવું પડશે, પણ તે માંથી કોઇને કશું હાથે ન આપતાં મરી ગયો.

તૈમૂર—મોગલોનો સરદાર, અને તાર્તરી દેશનો રાજા. એણે મહમદ તઘલખ બાદશાહના વખતમાં દીલ્હી ઉપર સન ૧૩૯૮ માં સ્વારી કરી હતી.

નાદીર—ઈરાનનો બાદશાહ, એ ઘણો ખૂની હતો. એણે મહમદશાહના વખતમાં દિલ્હીમાં ૩૦ હજાર માણસોનો ઘાણ વાળ્યો તથા ત્યાંનો ખજાનો લૂટી લીધો, અને ૯ કરોડ રૂપી-

આ લઈ ગયો, તથા શાહજહાંનું મયુરાસન પણ લઇ લીધું.
હોલકર—ઈનદોરમાં રાજ્ય કરેછે તેના વંશનો.
સિંધીઆ—ગોવાળીઅરનો ગાદીવાળો.
લંકા—રાવણની રાજધાની, તે હિંદુસ્તાનની દક્ષિણે છે. રામના પ્રતાપથી હનુમાને એક વાર લંકા બાળી મૂકી હતી.

પાઠ ૧૧૦ મો.

બ્રહ્માનંદ—એ સાધુ કવિ સંવત ૧૮૮૬ માં હયાત હતો, તે કાઠિઆવાડના ઝાલાવાડ પ્રગણાના મૂળી ગામમાં રેહેતો હતો.
દેવાનંદ—એ પણ બ્રહ્માનંદના ગામનો એજ ધર્મનો સાધુ હતો.

પાઠ ૧૧૬ મો.

કબીર—એ કવિ સંવત ૧૫૦૫ સુધી હયાત હતો, એ ધર્મોપદેશક હતો. એના ધર્મ પાળનારા કબીરપંથી કેહેવાયછે. એણે કવિતા, પદ, ગરબીઓ ઘણું બનાવ્યું છે તે બહુ પ્રખ્યાત છે.
કેવળ—એ કેવળપુરી બાવો બ્રહ્મજ્ઞાની, અમદાવાદનો રેહેવાસી હતો. એની કવિતા ખમાચી રાગમાં ઘણી છે.

પાઠ ૧૫૦ મો.

ધીરો—વડોદરા તાબાના સાવલી ગામનો ભાટ, સંવત ૧૮૮૪માં હયાત હતો, એની કવિતા કાફી રાગમાં ઘણી સરસ છે. કાફી રાગમાં એના જેટલી કોઇની કવિતા બીજી સારી નથી.

પાઠ ૧૫૫ મો.

નરસંઈ મેહેતો—જુનાગઢનો વડનગરો નાગર ગૃહસ્થ બ્રાહ્મણ, એ કવિ શીવ ભક્ત હતો તે સંવત ૧૫૧૨માં હયાત હતો. એની કવિતામાં પ્રભાતીઆં ઘણા વખણાયછે. એણે બાળલીલા, રાસલીલા, ગરબીઓ, તથા ઘણા એક છુટા પદો રચ્યા છે. એના પર ઈશ્વર પ્રસન્ન હતો. તેથી તેના પ્રતાપથી આજ

આગળી નાગર બ્રાહ્મણની નાત સુધી છે.

પાઠ ૧૯૫ મો.

વિક્ટોરિઆ—હાલમાં પૃથ્વી ઉપર અંગ્રેજી રાજ્ય ચલાવનાર રાણી સાહેબ. એઓ સન ૧૮૧૯ ના મે મહીનાની ૨૪ મા તારીખે જન્મ્યા, અને ઇંગ્લંડના તખ્ત ઉપર સન ૧૮૩૭માં ગાદીએ બેઠા. હાલ ઇંગ્લંડમાં રેહેછે, પૃથ્વી ઉપર અંગ્રેજી રાજ્યમાં બધે એમની હાકમી તથા સત્તા ચાલે છે.

પાઠ ૧૯૭ મો.

રણછોડ—મહુધાના એડાવાળ બ્રાહ્મણ, એઓ કવિ છે ને હાલ મુંબઈ રેહેછે. એમની કવિતા ગદ્યના પુસ્તકમાં ઘણી આવીછે.

પાઠ ૧૯૬ મો.

દયારામ—એ કવિ જાતનો સાઠોદરો નાગર ગૃહસ્થ બ્રાહ્મણ સંવત ૧૮૩૩ માં ચાનોદ કન્યાળામાં જન્મ્યો હતો, ને સંવત ૧૯૦૮માં ૭૫ વરસની ઉમ્મરે મરણ પામ્યો. એનું મૂળ વડોદરાની પાસે ડભોઈ ગામમાં હતું. એણે પદ, ગરબીઓ વગેરે ઘણું બનાવ્યું છે, તે ઘણું રસીક તથા બધે પ્રસિદ્ધ છે.

પાઠ ૧૯૮ મો.

કૌરવ—ધૃતરાષ્ટ્રના છોકરાઓ, તે સો હતા.

પાંડવ—પાંડુ રાજાના છોકરા તે પાંચ હતા, (યુધિષ્ટર, ભીમ, અરજુન, સહદેવ, નીકુળ) તે બધા દ્રૌપદી સાથે પરણ્યા હતા.

પાઠ ૨૦૯ મો.

નર્મદાશંકર—સુરતના વડનગરા નાગર બ્રાહ્મણ, ઉમ્મર આસરે વરસ ૩૮ની, હાલ સુરતમાં ઘણું ખરું રેહેછે, એઓ કવિ છે. એમણે સુધારા સંબંધી છંદ, પદ, કવિતા વગેરે ઘણું બનાવ્યુંછે તે બધે પ્રસિદ્ધ છે. એઓ સુધારાના સાથી છે.

પાઠ ૯૨૬ મો.

અખો—એ કવિ જાતનો શ્રીમાળો સોની કરીને મોટો ભક્ત હતો, એ અમદાવાદમાં રેહેતો હતો, ને સંવત ૧૭૭૫ માં હયાત હતો. એણે કવિતામાં છપા ઘણા બનાવેલાછે, તે સામળ ભટની માફક ઘણા રસીક અને બધે પ્રસિદ્ધ છે.

ઉપસર્ગ તથા પ્રત્યય વિષે.

"અ, અન, બે, નિર, નિઃ" એ ઉપસર્ગ આવે તો તેનો અર્થ "નહી" થાયછે. જેમ—અસત્ય, અવિશ્વાસ, અનંત, અનાચાર, બેવકુફ, બેઢંગો, નિર્મળ, નિરાધાર, નિષ્ફળ, નિશ્ચીંત.

"અવ, કુ, દૂર, અપ, ક" એ ઉપસર્ગ આવેતો તેનો અર્થ નઠારૂં કે દૂર થાય છે. જેમ—અવગુણ, કુચાલ, દૂરગુણ, અપલક્ષણ, કપૂત. "ક" ઉપસર્ગ "કુ" ઉપરથી થયો છે.

"સુ"ઉપસર્ગ સારાનો અર્થ બતાવેછે. જેમ-સુધર્મ, સુકાળ.

"સ"ઉપસર્ગ સહિતનો અર્થ બતાવેછે. જેમ-સફળ, સબળ.

"વિ"ઉપસર્ગ વધારે કે વેગળું બતાવેછે. જેમ-વિનાશ, વિધવા.

"દાર, વાળો, વંત, વાન" એ પ્રત્યયો ધણી પાણાનો અર્થ બતાવેછે. જેમ-પૈસાદાર, ગુણવાળો, સુખવંત, બળવાન. "વાળો, વાળી, વાળુ" એ પ્રત્યય પાછલા શબ્દમાં મળે તો "આળો, આળી, આળુ" થાય છે. જેમ-અણીઆળો, કૃપાળુ, દયાળો. "કાર ને કારી"એ પ્રત્યય કરનારનો અર્થ બતાવેછે. જેમ-સુખકાર, દુઃખકારી. "દેણ ને દાતા" એ પ્રત્યય આપનારનો અર્થ બતાવેછે. જેમ-દુઃખ દેણ, સુખદાતા; અને"ધર"એ પ્રત્યય ધરનારનો અર્થ બતાવેછે. જેમ-ધરણીધર, ગદાધર, ગણીધર.

ખબર.

નીચે લખેલી ચોપડીઓ સુરતમાં શા૦ ફકીરભાઇ પરભુ સ બુકસેલર, મુંબઈમાં ચંનીવાડી આગળ શેઠ શેરીઆદ હોરમજજી માસ્તર, ને દાદાભાઈ હોરમજજી બાટલીવાળા, ત કાળકા દેવીને રસ્તે રામવાડી આગળ દામોદરદાસ ઇશ્વરદાસ સેલરની પાસેથી મળશે. તેમજ ભરૂચ,અમદાવાદ, રાજકોટ બુકસેલર પાસેથી પણ મળશે. એ શિવાય નવસારી, અંકલે ર, નાદોદ, બોરસદ, આણંદ,વડોદરા, ગોધરા, ખેડા, ક ડવંજ, નડીઆદ બ્રાંચ, ભાવનગર, ઘોઘા, મહુવા, વઢ ણ, ધંધુકા, ધોળારા, લીમડી વગેરે મોટી મોટી નિશાળોમ પણ મળશે. વધારે નકલ લેનારને કમીશન આપવામાં આ બંદોબસ્ત કરવો હોય તો "ઘેલાભાઇ ગોપાળદાસ ગાંધીને" પે પેડ કાગળથી સુરત ગોપીપરે ભણશાળીના સામું લખી જણા

૦–૧–૦	ગુજરાતી પેહેલી ચોપડીના અર્થ.	૦–૧–૦	કોષ્ટકાવળી.
૦–૨–૦	બીજીના અર્થ.	૦–૧–૩	આંકની રીતો ધોરા
૦–૩–૦	ત્રીજીના અર્થ.	૦–૩–૦	ચિત્ર પોથી.
૦–૪–૦	ચોથીના અર્થ.	૦–૬–૬	કોહેડા સંગ્રહ.
૦–૫–૦	પાંચમીના અર્થ.	૦–૩–૦	પ્રાઇમરના અર્થ.
૦–૬–૦	છઠીના અર્થ.	૦–૪–૦	પ્રાઇમરનો તરજુમો
૦–૭–૯	સાતમીના અર્થ.	૦–૬–૦	સેકનબુકનો તરજુ
		૦–૨–૬	હિંદુસ્તાનની ભૂગો